મન, મોતી અને કાચ

મુંબઇ સમાચાર પબ્લિશેડ નવલકથા (રોમાન્સ + સસ્પેન્સ)

URVI HARIYANI

VISIT…

LANZAROTE
Caliente.com

મન, મોતી અને કાચ

મુંબઇ સમાચાર પબ્લિશેડ નવલકથા (રોમાન્સ + સસ્પેન્સ)

URVI HARIYANI

મન, મોતી અને કાચ

અનુક્રમણિકા

પ્રાસ્તવિક

પ્રિય વાચક મિત્રો ,

આજ સુધી Amazon kindle પર મારી મુકાયેલી પ્રત્યેક નવલકથા, લઘુનવલો અને વાર્તાસંગ્રહને ઊલટભેર વધાવી લેવા બદલ ખૂબ ખૂબ આભાર...!

23મી ઇ બુક રુપે મુકાઈ રહેલ મારી આ નવી નવલકથા - મન, મોતી અને કાચ-માં માનવીય સંબંધોને અલગ રીતે નિરૂપિત કરવાનો પ્રયાસ કર્યો છે .

કહેવત પ્રમાણે મન, મોતી અને કાચ તૂટ્યા પછી સંધાતા નથી. એ શું દરેક વખતે સત્ય હોઈ શકે ?

વ્યક્તિને વ્યક્તિ સાથે જોડી રાખતું પરિબળ કયું છે ? ખાસ તો સ્ત્રી-પુરુષને ! કદાચ પ્રેમ !

પરસ્પર પૂરતો પ્રેમ હોવા છતાં પણ જો કોઈ સંજોગો - પરિસ્થિતીને આધિન થઈ અલગ થઈ ગયેલી બે વ્યક્તિઓ વચ્ચેથી વહી ગયેલો સમય એમની વચ્ચે એટલો જ પ્રેમ રહેવા દઈ શકે છે ખરો ?

આ કથામાં મેં એ જ કહેવાનો પ્રયાસ કર્યો છે - ક્યારેક 'હા' તો ક્યારેક 'ના'નાં જવાબરૂપે .

મોહમયી મુંબઈનગરીની આધુનિક પશ્ચાદ્ભૂમિકા સાથે કથાનાયક અને નાયિકાનો કોલેજજીવનથી શરૂ થતો કથાપ્રવાહ ચોક્કસપણે બધા વાચકોને સ્પર્શી જવાની સાથે આનંદ આપશે એવો મને વિશ્વાસ છે .

તા.ક.મારી આ નવલકથા મુંબઈ સમાચારની રવિવારની પૂર્તિમાં હપ્તાવાર પ્રિસિદ્ધ થઈ હતી . જેને હું વાચકો માટે ઓનલાઈન મૂકી રહી છું , તે સહજ .

જો એમ ઈચ્છતા હો કે મારી કલમ લગાતાર આવી ને આવી ચાલતી રહે તો રેટિંગ અને અભિપ્રાય આપવાનું ભૂલશો નહીં .

આભાર.

ઉર્વી હરિયાણી....

પ્રકરણ - ૧

' પ્રેમનું વક્રીભવન થતું જોયું છે ક્યારેય?' જ્વલિતે અદાથી હવામાં સિગારેટનાં વલયો ઉડાવતાં, તીરછી નજરે કુશલ તરફ જોતાં પૂછ્યું હતું.

'તારી બધી વાતો એબ્સર્ડ હોય છે, યાર!' કુશલે કંટાળો વ્યક્ત કર્યો.

'એકદમ સાચું કહ્યું તેં! નાસમજ માટે મારી વાતો એબ્સર્ડ હોય છે' જ્વલિતે ટોણો માર્યો.

કોલેજ શરૂ થતાં પહેલાંનો પંદર - વીસ મિનિટનો સમય ઘણો રોમાંચક હોય છે. આવા સમયે જ્વલિત એની વાતોથી કુશલને પજવી રહેલો. એમનાં ગ્રુપનાં અન્ય કોલેજિયન યુવક - યુવતીઓની હજી આવવાની શરૂઆત થઇ રહેલી.

'તને જરા વિગતે સમજાવું. પદાર્થ વિજ્ઞાન પ્રમાણે હવામાં ગતિ કરતાં પ્રકાશના કિરણ વચ્ચે કોઇ પદાર્થ આવી જાય તો એ કિરણ વક્રીભવન પામે છે, ફંટાઇને બીજે પહોંચે છે.' જ્વલિત લીધી વાત મૂકે એમાંનો ન હતો.

'એમ?' કુશલે નાટયાત્મક રીતે આશ્ચર્ય પ્રગટ કર્યુ.

'સેંટ પરસેંટ, જો તારી પસંદગીની યુવતી સુધી તારી લાગણીઓને પહોંચી શકતી નથી, કેમ કે અહીં પદાર્થની જગ્યાએ સુધાંશુ આવી ગયો છે. ખરુંને?' કહેતાં જ્વલિતે સાંકેતિક રીતે આંખ મીંચકારી અને પછી ખડખડાટ હસી પડ્યો. કુશલ ભડકી ગયો અને એણે જ્વલિતને આંખોથી ડારો દીધો.

જ્વલિત, સંકુલ અને જટિલ વ્યક્તિત્વ ધરાવતો સ્વભાવે ખટસવાદિયો યુવાન હતો. એનું મગજ ખેપાની હતું. બીજાની દુ:ખતી રગ દબાવવામાં અને છંછેડવામાં એને મઝા પડતી. એની હોંશિયારીથી અને કાબેલ નજરથી એ ક્યારનોય પામી ગયેલો કે કુશલને ઈશાની ખુબ પસંદ છે, એટલી પસંદ કે કોલેજના અંતિમ વરસમાં એ આવી પહોંચ્યો હોવા છતાં એને ગમતી બીજી કોઇ ગર્લફ્રેન્ડ નહોતો શોધી શક્યો કેમ કે તે અન્ય કોઈને ગમાડી શક્યો જ નહીં. ઈશાનીને પામવામાં એનાં માર્ગ આડે મોટામાં મોટો અંતરાય હતો સુધાંશુ! જે એનો ખાસ્ મિત્ર હતો.

#########

એક તરફ કુશલ અને જ્વલિતનો સંવાદ વિરમ્યો કે બીજી તરફ કોલેજના ગેટ નજીક બે પથ્થર સામસામા ઘસાવાથી જેવી ચકમક ઝરે એવી ચકમક ઈશાની અને સુધાંશુ વચ્ચે ઝરી ગયેલી.અલ્લડતાથી કોલેજમાં કોઈ સામ્રાજ્ઞીની છટાથી પ્રવેશી રહેલી ઈશાનીની ડાબી તરફ અચાનક સુધાંશુ પ્રગટ થયો.

'ઈશાની, લિસન...' સુધાંશુનો સ્વર ભારે અને ગંભીર હતો.

'બોલ...' સામા છેડે ઈશાની રમતિયાળ મૂડમાં હતી.

લો વેસ્ટનું તંગ જીન્સ, નેટવાળી બ્લેક રંગની ચુસ્ત જર્સીમાં ઈશાનીની કમનીય કાયા કંઈક વધુ ખૂબસૂરત દેખાઈ રહેલી. એક સરસરી નજરમાં ઈશાનીને આવરી લેતાં સુધાંશુએ બીજી નજર આજુ - બાજુનાં ઊભેલા કોલેજિયન ટોળાંઓ પર ફેંકી. યુવતીઓની નજરમાં ઈર્ષ્યા તણખી રહેલી તો યુવકોની નજરમાં લાલાયિતભરી પ્રશંસા ઊભરાઈ રહેલી.

બસ! પછી પૂછવું જ શું? સુધાંશુનું મગજ છટક્યું. એ જાણતો હતો કે ઘણી વાર કોલેજના ગેટમાં પ્રવેશતી ઈશાનીનું સ્વાગત આગવી રીતે થતું. ઈશાનીના આગમન સાથે સાંકેતિક સીટીઓ ગુંજી ઊઠતી. ક્યારેક કોરસમાં ફિલ્મી ગાયનો લલકારાતાં. અમુક વાર તો કોઈ દીવાનાઓ ઈશાનીના પગલે - પગલે પાંચ - દસના સિક્કા ઉછાળતા, જે એના પગને ચૂમતા. એવા સિક્કા ઉછાળનાર બે - ત્રણ આશિકોને સુધાંશુએ ભૂતકાળમાં સારી પેઠે ઠમઠોરેલા. છતાંય એ સિલસિલો હજી સુધી સદંતર બંધ નહોતો થયો.

કોલેજમાં સુધાંશુની ધાક હતી. એથી સુધાંશુને ઈશાનીની લગોલગ આવી પહોંચેલો જોઈ ટોળાનો કોલાહલ શમવા લાગ્યો.

પોતાની સુંદર ગ્રીવાને એક હળવો ઝટકો આપી ઈશાનીએ એના લહેરાતા વાળને પાછળ ધકેલ્યા. સ્નાયુબદ્ધ કસરતી શરીર, આકર્ષક ચહેરો અને છ ફીટની ઊંચાઈ ધરાવતો સુધાંશુ સ્વભાવનો તેજતર્રાર અને ઉગ્ર હતો. જો કે ઈશાની એનાથી સ્હેજેય ગાંજી જાય એમ ન હતી. એ બાબતમાં એ સુધાંશુથી રતિભાર ઊતરે એમ ન હતી. ચપોચપ હોઠ ભીડીને એને ઘુરી રહેલો સુધાંશુ હવે એને શું કહેવાનો છે, એ ઈશાની જાણતી હતી.એ પણ વળતો હુમલો કરવા તૈયાર થયેલી વાઘણની જેમ અક્કડ થઈ રહી.

'તું કોલેજમાં ભણવા આવે છે કે ફેશન પરેડની રેમ્પ વૉક લેવા?' સુધાંશુ ભભૂક્યો.

'વ્હોટ?' ઈશાનીનાં ભવાં અધ્ધર ચડ્યાં.

'યુ આર અ સિલી ગર્લ! તારા ફાલતુ અને પાલતુ પ્રશંસકોને તને કમર અને નાભિ દેખાડવાનો શોખ થતો હોય તો કાલથી સાડી પહેરજે. તારા લો - વેસ્ટ જીન્સ અને ટૂંકા ચુસ્ત ટીશર્ટ પર આ બધા

લલ્લુઓ નજર ટાંપીને જ બેઠા હોય છે કે ક્યારે તારા હાથનું હલન -ચલન થાય, તું નીચી ઝૂકે અને ટીશર્ટ ઉચું - નીચું થાય અને એમની નજર ઠંડી - ઠંડી થાય.'

'ઑ શટ્અપ! આયમ નોટ મણીબહેન. તદન ગમાર છે તું! ઇટ્સ અ ફ્રેશન. કોલેજમાં આવું ડ્રેસિંગ કરનાર કંઈ હું એકલી નથી. ઢગલો બીજી છોકરીઓ પણ છે. જા, એમનેય તારું લેકચર આપી આવ.' ઈશાનીએ સુધાંશુને વધુ સાંભળ્યો નહીં.

'એમાંની કોઇ તારા જેટલી ખૂબસુરત નથી અને એ બધી મારી કંઇ લાગતી વળગતીઓ પણ નથી.' એવું સુધાંશુને કહેવું હતું પણ એ બોલ્યો બીજું કંઇક જ. 'ઓકે! તો પછી ભલે એ તારા આશિકોમાંના બે - ચાર મારા હાથે ખોખરા થતા…'

'ધિસ ઈઝ ટૂ મચ…' ઈશાની વધુ ખીજવાઈ ઊઠી. એ એની ખાસ સહેલી ઝંખનાનો હાથ પકડી ચાલવા લાગી.

ઈશાની શોખીન હતી. એના અમાપ સૌંદર્યવૈભવથી એ બરાબર વાકેફ હતી. વધુ ને વધુ સુંદર દેખાવાનો એને ઘેલછાની હદ સુધીનો શોખ હતો. ખાટલે મોટી ખોડ એ વાતની હતી કે સ્વભાવે મોજીલી, વર્તન - વ્યવહારે મુક્ત એવી ઈશાની એક અતિચુસ્ત મારવાડી વણિક પરિવારમાંથી આવતી હતી. પૈસે-ટકે એને કોઈ રોક ન હતી. ઘરેથી પરંપરાગત સાદાં વસ્ત્રોમાં પૂરેપૂરી ઢંકાયેલી નીકળતી ઈશાનીના રંગ - ઢંગ કોલેજ પહોંચતાં સુધીમાં તદન બદલાઈ જતા. ઘરથી કોલેજ સુધી જવાના રસ્તામાં આવતું સખી ઝંખનાનું ઘર એને એક નવો દેખાવ આપવામાં મદદરૂપ બનતું.

સુધાંશુ સાથે એનો સંબંધ વિશિષ્ટ હતો. એ સંબંધ મૈત્રીની સરહદ ક્યારનોય વટાવી ચૂકેલો. એ સુધાંશુને ઘણું ચાહતી પણ એની રોક - ટોક કોઈ પણ બાબતે એને લગીરે સ્વીકાર્ય ન હતી.

આજેય સુધાંશુ સાથે ચકમક ઝર્યા બાદ ઝંખના પાસે એ છણછણી ઊઠેલી, 'આ સુધાંશુથી તો તોબા! મારા બાપનોય બાપ છે. એકદમ ઓર્થોડોક્સ છે. મારે શું પહેરવું, શું કરવું, કોની સાથે બોલવું, કેટલું બોલવું એવી એટલી બધી તો એની ગાઇડલાઇનો છે કે ન પૂછ વાત! હું કહી દઉં છું એ વેદિયાને કે તારી સાથે એક દિવસ તો ઠીક, એક મિનિટ પણ રહી શકાય એમ નથી.'

એના રોષની મજાક ઉડાવતી હોય એમ ઝંખના ખડખડાટ હસી પડી, 'વેરી ગુડ! તારે એને જે કહેવું હોય એ કહી દે. બાય ધ વે, ગયા શનિવારે સિનેમેક્સમાં એની સાથે મૂવી જોવા કોણ ગયેલું? ગઈ કાલે તેં પહેરેલ ડેનિમ જીન્સની ગિફ્ટ કોણે આપેલી છે? એ તો ઠીક, પણ વેલેન્ટાઈન્સ ડેના કપલ ડાન્સના પ્રોગ્રામમાં એની સાથે કોણ જવાનું છે?' જવાબમાં ઈશાનીનો સઘળો ગુસ્સો કપૂરની માફક ઊડી ગયેલો અને એ મીઠું મલકી ગયેલી.

#########

ઈશાની તો ઠંડી પડી ગઈ હતી પણ સુધાંશુ ઓર ધગી ઊઠયો હતો. ઈશાની પર ગુસ્સે થયેલા સુધાંશુને જ્યારે કુશલ અને અન્ય મિત્રો ઠંડો પાડી રહેલા ત્યારે જ્વલિતે આદતવશ એક એવી જોરદાર કોમેન્ટ આપેલી કે સુધાંશુ ઓર ભડકી ઊઠેલો.

'યાર સુધાંશુ, તું નાહક ગરમ થાય છે. તને ખબર ન હોય તો કહું કે પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક સિગ્મંડ ફ્રોઈડ કહી ગયો છે કે પુરૂષ 'વોયુર' એટલે ચોરીછુપીથી પણ જોનારો છે, તો સ્ત્રી 'એક્ઝિબિશનિસ્ટ' એટલે કે સૌંદર્ય બતાવવામાં રોમાંચ અનભવનારી છે. માટે સ્ત્રીઓ તો એનો દેહ દેખાતો રહે, જોવાતો રહે એ રીતે ફેશન કરતી રહેશે . કોઈક વળી સીતા - સાવિત્રી જેવી એમાંથી અપવાદરૂપ મળી આવે પણ તારી ઈશાની એમાંથી કઈ રીતે બાકાત હોઈ શકે? શી ઈઝ ઓલ્સો એક્ઝિબિશનિસ્ટ' કહેતાં જ્વલિતે એની લાક્ષણિક ઢબે બધા સામે આંખ મીંચકારેલી અને પોતાનાં ખભા ઉલાળતા ધોધમાર હસી પડેલો.

ખલાસ! પછી ન થવાનું થયું હતું. ગુસ્સાના આવેશમાં પાગલ સરખા બની ગયેલા સુધાંશુએ જ્વલિતને ખરાબ રીતે ટીપી નાંખ્યો હતો.

#########

વહેલી સવારથી સુધાંશુના મોબાઈલ પર મેસેજીસનો મારો શરૂ થયેલો. વીસ જેટલા મિસ્ડ કોલ્સ હતા. ઊઘડતા પુષ્પ જેવી સુધાંશુની નાની બહેન ઝરણા મોબાઈલની આસપાસ મંડરાઈ રહેલી. એને જાણવું હતું કે ભાઈના મોબાઈલ પર આટલા બધા મેસેજીસ અને કોલ્સ કોના આવી રહ્યા છે? પણ સુધાંશુ મિનિટ માટે મોબાઈલ રેઢો મૂકતો ન હતો.

ઝરણા આ વરસે જ કોલેજનાં પ્રથમ વરસમાં દાખલ થયેલી. ભાઈની મહેરબાનીને લીધે એનો કોલેજ પ્રવેશ સુખદ હતો. નવા - સવા કોલેજિયનોને પડતી હાલાકીઓ એને સહેજે સ્પર્શી ન હતી. સુધાંશુને લીધે બધા એને સામેથી મદદ કરવા તત્પર રહેતા. ઝરણા માટે કોલેજ પિકનિક રિસોર્ટ જેવી હતી.

કોલેજનાં નોટિસ બોર્ડ પર 'ગોવા - મહાબળેશ્વર પિકનિક' ની જાહેરાત વાંચી ઈશાની ઊછળી પડેલી. પૂરા ત્રણ દિવસ સુધાંશુનાં સહવાસમાં નિર્બંધપણે માણવા મળશે એ વિચારે તે ખીલી ઊઠેલી. તાજેતરમાં ઝરેલી ચકમકને લીધે એની અને સુધાંશુ વચ્ચે અબોલા ચાલી રહેલા. ઈશાની જાણતી હતી કે સુધાંશુ સનકી હતો. એ કદાચ પિકનિક પર ન પણ આવે. એથી વહેલી સવારથી એણે મોબાઈલની મદદથી એસએમએસ અને કોલ્સ દ્વારા સુધાંશુને મનાવવાનાં પ્રયાસો શરૂ કરી દીધેલા. આ વખતે સુધાંશુનો મિજાજ અલગ હતો. એ ઈશાનીને કોઠુ નહોતો આપી રહ્યો. સુધાંશુને શી રીતે મનાવવો એની મથામણ ઈશાનીના ચહેરા પર સ્પષ્ટપણે વર્તાઈ આવતી હતી.

છેલ્લાં પિરિયડ દરમિયાન કોલેજની ડીન - ઓફિસેથી સુધાંશુને તાત્કાલિક હાજર થવા માટે ફરમાન

આવેલું. સુધાંશુ વિચારમાં પડ્યો. કુશલ, જ્વલિત અને અન્ય મિત્રો અનેક તર્ક - વિતર્ક કરવા લાગ્યા.

એ સમયે ઈશાનીના હોઠો પર આછું માર્મિક સ્મિત રમી ગયું, જે કોઈએ ન નોંધ્યું, એકમાત્ર જ્વલિત સિવાય! ઈશાનીનું એટલુંક સ્મિત પણ જ્વલિતના હૈયામાં હોળી પ્રગટાવવા માટે પુરતું હતું. કાશ! સુધાંશુએ તે દિવસે જ્વલિતને બેરહમીથી માર્યો ન હોત તો સારું થાત.

કેમ કે એ દિવસની ધોલધપાટની ક્ષણો દૂરમિયાન જ્વલિતના મનથી તો એ જ પળે સુધાંશુ સાથેની દોસ્તીનો અંત આવી ગયેલો. જ્યાં મિત્રતાનો અંત આવે છે ત્યાં શત્રુતાની શરૂઆત થાય છે. કેમ કે જે મિત્ર નથી એ ક્યારેય શત્રુ નથી, જે મિત્ર હોય છે એ જ શત્રુ બને છે. એથી મિત્રની શત્રુતા હંમેશ ભારે પડતી હોય છે. જ્વલિતની ઝેરીલી શત્રુતા - સુધાંશુ ઉપરાંત બીજી કેટલી જિંદગીઓને ડસવાની હતી એની તો માત્ર ભાવિને જ ખબર હતી.

(ક્રમશ :)

પ્રકરણ - ૨

જેવો સુધાંશુ ડીનની ઓફિસેથી પાછો ફર્યો કે બધા મિત્રો એને વર્તુળાકારે ઘેરી વળ્યાં. દરેકના ચહેરા પર સુધાંશુને ડીનની ઓફિસે શા માટે બોલાવવામાં આવેલો એનું કારણ જાણવાની જિજ્ઞાસા ઝળકી રહેલી. જયારે કુશલના ચહેરા પર જિજ્ઞાસાથી વિશેષ ચિંતા ઝળકી રહેલી.

એ વિચારતો હતો કે માથાફરેલ સુધાંશુની કોઈએ ફરિયાદ ન કરી હોય તો સારું! અગાઉ બે વાર મારામારીના ગંભીર બનાવ બનેલા ત્યારે સુધાંશુને ડીનની ઓફિસે હાજર થવું પડેલું. છેલ્લી વખતે એને અલ્ટિમેટમ મળી ચૂકેલું કે હવે પછી કોઈ મારામારીનો બનાવ સુધાંશુના નામે ચડશે તો એને કોલેજમાંથી રૂખસદ આપી દેવામાં આવશે. પણ એ જાણતો હતો કે સુધાંશુ આવા કોઈ અલ્ટીમેટમને ગાંઠે એમ ન હતો .

જ્વલિત અને સુધાંશુ વચ્ચે થયેલી મારપીટનો કિસ્સો તાજો હતો. કુશલની આંખો જ્વલિત પર મંડાઈ હતી. ક્યાંક એણે તો સુધાંશુની ફરિયાદ નહીં કરી હોયને? આ કોલેજનું છેલ્લું વરસ સુધાંશુનું બગડશે તો નહીંને? ભલું પૂછવું જ્વલિતનું! વીંછી જેવો ડંખીલો સ્વભાવ હતો એનો .

'ઈઝ એનીથિંગ સિરિયસ, સુધાંશુ?' કુશલે દબાયેલા સુરે પુછ્યું.

કુશલનો ચિંતિત - ચહેરો જોઈ સુધાંશુ આછું મલકી ગયો.

‘સિરિયસ? હા, એક કપ ચાનાં બદલામાં સોંપાયેલી જવાબદારી અલબત્ત સિરિયસ કહી શકાય.’ સુધાંશુએ હળવા સૂરે જવાબ વાળ્યો.

‘તારા જેવા બેજવાબદારને ડીને વળી કઈ જવાબદારી સોંપી?' બીજો કોઈ સમય હોત તો આવું જ કંઈક ઝાંઝ ચઢી જાય એવું અદકપાંસળો જ્વલિત ચોકકસ બોલત. પરંતુ હમણાં તો એ બંનેયની આંખો ભૂલમાંય એક થઈ જતી તો તિખારા ઝરી જતા. કુશલ એમનો ટકરાવ ટાળવા બેયને સલામત અંતરે રાખતો. કુશલને આશા હતી કે થોડા સમય બાદ બંને વચ્ચે ફરી પૂર્વવત સંબંધ સ્થપાઈ જશે.

સુધાંશુએ કહ્યું, ‘ડીનસાહેબે ગોવા-મહાબળેશ્વરની પિકનિકનાં આયોજનની અને ખાસ તો પિકનિકમાં આવનાર તમામ ગર્લ્સના ક્ષેમકુશળની જવાબદારી મને સોંપી છે.’

તતક્ષણ કુશલ - જ્વલિતતરફી એક યુવકે પૂછી નાખ્યું, ‘આ સમયે તું કેવી રીતે સુધાંશુ? ઓલ ટાઈમ

ગર્લ્સ ફેવરિટ બૉય કુશલ કેમ નહીં?'

એક દ્વારા ઉછળેલો, પણ બધાનાં મનમાં રમી રહેલો પ્રશ્ન એકદમ યોગ્ય હતો. હકીકતમાં સુધાંશુ કરતાં કુશલ યુવતીઓમાં વધુ પ્રિય હતો. કુશલ શ્રીમંત હોવાની સાથે ચાર્મિંગ પર્સનાલિટી ધરાવતો હતો. કૉલેજની હવામાં પૂરતી આઝાદી હોવા છતાં એનો વ્યવહાર દરેક સાથે સરળ અને સીધો રહેતો. ઉપરાંત અત્યાર સુધી કોઈ પણ કૉલેજ - ગર્લ સાથે કુશલનું નામ જોડાયું ન હતું. કોઈ પણ ગર્લફ્રેન્ડ વગરનો કુશલ દરેક ગર્લનો માનીતો હતો. એટલે સુધાંશુને ડીન આવી જવાબદારી સોંપે એ બધાને ગળે ન ઉતરે એ સ્વાભાવિક હતું.

'અરે યાર! મેંય ડીનસાહેબને એ જ કહ્યું કે આવી જવાબદારી માટે મારા કરતાં કુશલ વધુ યોગ્ય છે. પરંતુ જવાબમાં એમણે મને ચમકાવી દીધો. એમણે કહ્યું કે મારા નામની ભલામણ ગર્લ્સ તરફથી કરવામાં આવી છે. એથી મારા માટે એ જવાબદારી ઉપાડવી ફરજિયાત છે. વેલ, છેલ્લે છેલ્લેય આપણી કૉલેજ ગર્લ્સને હું કમ સે કમ વિશ્વાસપાત્ર તો લાગ્યો...' એટલું કહેતાં સુધાંશુ હસી પડયો .

બીજી તરફ જ્વલિત આગ – આગ થઈ ઊઠયો. જો કે એક વત્તા એક બરાબર બે - એમ તરત તાળો મેળવવામાં માહિર એવા જ્વલિતને હવે સમજાયું કે રિસેસ દરમિયાન ઈશાની એની ફ્રેન્ડને લઈ ડીન ઑફિસે શા માટે ગયેલી. ડીન ઑફિસેથી સુધાંશુને તેડું આવ્યું ત્યારે એ દરવખતની જેમ ચિંતિત કે ગંભીર થવાને બદલે મલકી કેમ રહેલી.

સૌંદર્યપ્રિય ડીન સાહેબની ઈશાની માનીતી વિદ્યાર્થિની હતી. સુધાંશુના નામની દરખાસ્ત એમણે ઈશાનીને ખુશ કરવા માન્ય રાખેલી. કૉલેજના અન્ય લેક્ચરર્સ સાથે સુધાંશુનેય સ્પેશિયલ જવાબદારી સોંપાયેલી. આ રીતે વાયા ડીન ઑફિસ ચબરાક ઈશાનીએ ગોવા - મહાબળેશ્વરની પિકનિકમાં સુધાંશુની હાજરી ફરજિયાત બનાવી દીધી હતી – જેનો સુધાંશુ પહેલાં જ્વલિતને ખ્યાલ આવી ગયેલો.

જોકે હજી ઈશાનીની વિટંબણાઓનો અંત નોતો આવ્યો. સુધાંશુને મનાવવા કરતાંય વિશેષ કઠિન કાર્ય પાર પાડવું બાકી હતું. એ હતું એના ઘરેથી ટ્રિપ પર જવા માટેની પરમિશન!

#########

બેડરૂમના બારણે સાંકેતિક ત્રણ ટકોરા પડ્યા. સહસા રૂમની અંદરથી અવાજ આવ્યો, 'અહીં કોઈ નથી. બેધડક અંદર આવી જા, ઈશાની!'

ઈશાની જોશભેર અંદર આવી અને બીજી ક્ષણે એને જોરથી ભેટી પડેલી.

'અરે, છોડ મને. આ શું માંડ્યું છે?' ઋતવા ઈશાનીને પોતાનાથી અલગ કરતાં એનાં કપડાં સરખાં

કરતા બોલી.

'સૉ સોરી ભાભી, તમે મને ક્યાં નથી ઓળખતા? અત્યારનો મારો પસાર થઈ રહેલો દરેક ખુશીભર્યો દિવસ તમારી દેણ છે. તો બસ, તમને જોઈને ભેટી પડવાનું મન થઈ જાય છે. તમે ન હોત તો હું અત્યારે મીઠીબાઈ કોલેજને બદલે એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાલયમાં બોર થતી હોત. એ બધી મણિબહેનો વચ્ચે મારું શું થાત? અહીં અમારી કોલેજમાં તો એટલી મઝા આવે છે કે ન પૂછો વાત!' ઈશાની જાણે રીતસર ઝૂમી રહેલી.

કોલેજની વાતે બાગ – બાગ થઈ ઊઠેલી ઈશાનીને ઋતવા સ્નેહપૂર્વક જોઈ રહી. જયપુરની ઋતવાએ ઈશાનીના ભાઈને પરણી અઢાર વરસની વયે એનાં મુંબઈના સાસરે ડગ માંડેલા ત્યારે ઈશાની માંડ પંદર વરસની હતી.

અતિ રૂઢિચુસ્ત અને મર્યાદાશીલ મારવાડી પરિવારની બીજી બધી વડીલ સ્ત્રીઓ કરતા કિશોર વયની ઈશાની જોડે ઋતવાને વધુ ફાવી ગયેલું. ઈશાનીનેય ઋતવા જોડે ઝડપથી ગોઠી ગયેલું.

થોડા સમયમાં ઈશાની માટે - ભાભી ઋતવા અનિવાર્ય બની ગયેલી. કેમ કે ઈશાનીની નાની - મોટી માંગણીઓ એના ભાઈ દ્વારા પિતા સુધી પહોંચતી અને સંતોષાતી. ઈશાનીની અટપટી માંગણીઓ ગળે ઉતારવામાં અને એ પ્રમાણે ભાઈને સમજાવવામાં ઋતવાનો ફાળો મહત્તમ રહેતો. યુવાન ઋતવા ઈશાનીની યૌવનસહજ ઈચ્છાઓ અને લાગણીઓ સમજી શકતી.એને પણ ભણવું હતું , કોલેજમાં મહાલવું હતું . પણ ઘરનાં સામે કાંઈ ચાલ્યું ન હતું. હવે એ પોતાની નણંદનાં સ્વપ્નાને પૂરા કરતાં પોતે સાથે સાથે થોડું પોતાનું સ્વપ્ન જીવી લેતી જાણે !

સમજદાર અને સ્પષ્ટ વ્યક્તિ હંમેશાં બીજાને પોતાનો દૃષ્ટિકોણ સમજાવવામાં સફળ નીવડતી હોય છે, એમાંય એ જો સ્ત્રી હોય ત્યારે તો ખાસ. એ ન્યાયે ઋતવા એના પતિને સમજાવવામાં સફળ રહેતી.

બહુ નાની વયે કુનેહપૂર્વક ધંધો સંભાળી લેનાર ઈશાનીના ભાઈનું મહત્ત્વ ઘરમાં આગવું અને અદકું હતું. એની વાત પિતા ભાગ્યે જ ટાળી શકતા. આ વાતનો પૂરેપૂરો ફાયદો ઈશાની એનાં લાભમાં આજ સુધી ઉઠાવતી આવી હતી.

પરંતુ આ વખતની વાત જુદી હતી.સૌ પહેલાં તો ઋતવા જ ઈશાનીની માંગણી સાંભળી ભડકી ઉઠી.

'શક્ય જ નથી ઈશાની કે પાપાજી માને . પહેલાં તો મધુકર જ નહીં માને. આ પરિવારની છોકરીને ઘર સિવાય રાત ક્યાંય ગાળવાની આજ સુધી પરમિશન નથી મળી તો તને થોડી મળશે ? ' ઋતવાએ હથિયાર હેઠા નાંખી દીધેલાં.

' ભાભી , મારી વ્હાલી ભાભી પ્લીઝ ..પ્લીઝ..પ્લીઝ..! 'ઈશાની રીતસર કરગરી ઉઠી.

ઈશાનીના પિતા પાસેથી, ઈશાની માટે ગોવા-મહાબલેશ્વરની ત્રણ દિવસની પિકનિકમાં જવા માટેની પરમિશન મેળવવી અશક્ય હતી. ઈશાની જ્યારે આ બાબતે ઋતવાને મનાવવાની મથામણ કરી રહેલી ત્યારે રૂમના બારણે બે ટકોરા પડ્યા.

એ ટકોરા સાંભળતાં બંનેય તરત ઊભી થઈ ગયેલી. એ સાંકેતિક ટકોરા સુચવી રહેલા કે આવનાર ઋતવાનો પતિ એટલે કે ઈશાનીનો ભાઈ છે. આ સમયે મધુકરનું આવવું આશ્ચર્યજનક હતું. એમાંય એની સાથે કોઈ અજાણી વ્યક્તિ આવેલી જોઈ ઈશાની અને ઋતવાની નવાઈમાં વધારો થયો.મધુકર સાથે એમનાં બેડરૂમ સુધી આવનાર વ્યક્તિ કોણ હતી? પેલી બંન્નેય આમ વિચારી રહેલી.

મધુકર અને પેલી અજાણી વ્યક્તિ ઋતવા સામે આછું મલકી. થોડી ક્ષણો બાદ આગંતુક વ્યક્તિની ઓળખનો અણસાર આવતાં ઋતવા આનંદથી ઊછળી પડી, 'ઓહ દીપેન તું?'

'તેં તો મને ઓળખવામાં બહુ વાર લગાડી.' ઋતવા જેટલી વયનો દીપેન ફરિયાદ કરી રહ્યો.

'પણ તું આ પાંચ વરસમાં એટલો બધો બદલાઈ ગયો છે કે બિલકુલ ઓળખાતો જ નથી.' ઋતવા બોલી.

દીપેન ઋતવાનો પિતરાઈ ભાઈ હતો. જયપુર ખાતે બંને સંયુક્ત પરિવારમાં સાથે ઊછર્યા હતા. ઋતવાનાં લગ્ન બાદ તરત જ એ અભ્યાસ માટે ઓસ્ટ્રેલિયા ચાલ્યો ગયેલો.

અચાનક આવી ચડેલા દીપેનના આગમનથી ઈશાનીનો બધો મૂડ હવા થઈ ગયો. એ નિરાશ થઈ ત્યાંથી જવા લાગી. એ સમયે દીપેનની નજર એના તરફ ગઈ.

બસ એક પળ અને ઈશાની પર એની નજર ચુંબકની જેમ જડાઈ ગઈ. કદાચ ઈશાનીની કુંડલીના શુક્ર - રાહુએ એને માત કરી દીધેલો.

જતી ઈશાનીને ઋતવાએ ઉત્સાહભર્યા સ્વરે કહ્યું, 'ઈશાની, પ્લીઝ ઊભી રહે.તારી દીપેન સાથે ઓળખાણ કરાવું.'

પણ ઈશાનીને ઓળખાણ કરવામાં જરાય રસ ન હતો . એ ધરાર જતી રહી. દીપેન ડઘાયેલી હાલતમાં અવાક ઊભો હતો. મધુકર રમૂજભર્યા ચહેરે દીપેનના ચહેરાનો અભ્યાસ કરી રહેલો. એ મનોમન મલકાઈ રહેલો. કેમ કે એનું તીર બરાબર ધાર્યા નિશાને લાગ્યું હતું.

#########

એ રાત્રે બેડરૂમમાં મધુકરે પત્ની ઋત્વા પાસે દીપેનની અચાનક મુલાકાત પાછળ રહેલી પૂર્વભૂમિકા સ્પષ્ટ કરેલી.

‘ ઋતુ , ધ્યાનથી સાંભળ. દીપેન મુંબઈ લગ્ન માટે કન્યાઓ જોવા આવ્યો છે. આ બાબતનો સંદેશો જયપુરથી તારા પિતાએ અહીં આપેલો. એ જ્યારે ઓફિસમાં મને મળવા આવ્યો ત્યારે મારા મનમાં અને પિતાજીના મનમાંય એ ઈશાની માટે વસી ગયો છે . પિતાજીની સુચનાથી હું એને આડકતરી રીતે ઈશાનીને દેખાડવા લઈ આવ્યો હતો. મને લાગે છે કે મારો બપોરનો ફેરો સફળ રહ્યો છે. દીપેનને ઈશાની જરૂર ગમી ગઈ છે.’ મધુકર કહી રહેલો .

‘પણ પતંગિયા જેવી ચંચળ આપણી ઈશુ અને શાંત દીવાની જ્યોત જેવા સ્થિર દીપેનનો મેળ શી રીતે પડશે?’ બંનેય પાત્રોને નિકટતાથી જાણતી ઋતવા ચિંતિત થતા લવી ઊઠી.

પરંતુ મધુકરના ઉત્સાહનો પાર ન હતો. પત્નીની ટકોરને ગણકાર્યા વગર એણે એનું વક્તવ્ય ચાલુ રાખ્યું, ‘તું મારી પૂરી વાત બરાબર સાંભળ. આજે પિતાજી આપણા પર ખૂબ ખુશ છે. દીપેન ઓસ્ટ્રેલિયા ભણીને આવ્યો છે. એની ઈચ્છા એની માફક કોએજ્યુકેટેડ હોય એવી મોડર્ન યુવતી સાથે લગ્ન કરવાની છે. પહેલાં તો પિતાજી કોએજયુકેટેડ ગર્લની વાતમાં સમજ્યા નહીં. પછી મેં એમને દેશીભાષામાં સમજાવ્યું કે છોકરા - છોકરી સાથે રહીને ભણે એ કોએજ્યુકેશન કહેવાય. આપણી ઈશાની કોએજ્યુકેટેડ કહેવાય. તો એ પોરસાઈને કહેવા લાગ્યા કે સારું થયું કે તે અને ઋતવાએ એને મીઠીબાઈ કોલેજમાં ભણવા મોકલી. એની આ લાયકાત દીપેનની પસંદગીમાં સારો ભાગ ભજવશે.’

પતિ મધુકરની વાત સાંભળતી ઋતવાને અત્યારે બપોરે એનાંથી નારાજ થઈને ચાલી ગયેલી ઈશાનીની ઊતરેલી સૂરત યાદ આવી.

મધુકરનો ઉત્સાહ અને મૂડ જોતાં એણે સલુકાઈથી મધુકરને પિતા પાસેથી ઈશાનીની ગોવા - મહાબળેશ્વરની પિકનિક માટેની પરવાનગી મેળવી લેવા માટે રાજી કરેલો.

ઈશાનીનાં નસીબ જોર કરી રહેલાં. અંતે એને ઘરેથી પરવાનગી મળી ગઈ હતી એ વિચારે કે ગણત્રીના મહિનાઓ માટે હવે મહેમાન જેવી બની ચૂકેલી દીકરીને છેલ્લે - છેલ્લે શું કરવા નારાજ કરવી ? પિતા તરફથી ઈશાનીને ટ્રિપમાં જવાની પરમિશન મળી ગઈ છે - એવો સંદેશ આપતી વેળાએ ઋતવા ઉછળી રહેલી ઈશાનીને જોતાં મનોમન વિચારી રહેલી કે ગોવા - મહાબળેશ્વરથી પાછા ફરતી વેળા ઈશાનીને દીપેન સાથે નક્કી થઈ ગયેલા વિવાહની ખબર પડશે ત્યારે એની પ્રથમ પ્રતિક્રિયા કેવી હશે? એ શું કરશે ? શાંતિથી એની નિયતિ સ્વીકારી લેશે કે બળવો પોકારશે ? જે પોતે કરવા ધાર્યો હતો પણ ઘણી બધી બીજી યુવતીઓની માફક ન કરી શકેલી !!!

ક્રમશ :

પ્રકરણ - ૩

ભારતીય તેમ જ વિદેશી પર્યટકોનું એકસરખું માનીતું સ્થળ એટલે રમણીય ગોવા. ડૉના પાવલા બીચ, મીરા માર બીચ, કલંગુટ બીચ, કોલવા બીચ, રોકી બીચ, વાઘતોરા બીચ જેવા અનેક નયનરમ્ય બીચ મુંબઈના કોલેજિયન યુવક - યુવતીઓના પગ વડે ખૂંદાઈ રહેલા.

અફાટ મહાસાગર સામે છલકતું યૌવન તોફાને ચઢેલું. ઈશાની, સુધાંશુ, કુશલ, જ્વલિત, ઝંખના, ઝરણા સહિત કોલેજનાં અન્ય યુવક યુવતીઓ દરિયાકિનારે ધમાચકડી મચાવી રહેલા. કુશલ, જ્વલિત અને એના અન્ય મિત્રો એકમેકને ટીંગાટોળી કરી દરિયાનાં ઉછળતાં મોજામાં ફેંકતા. આ રીતે ફેંકાયેલાઓને ભરતીનાં મોજાંઓ એમને ઉછાળીને પાછાં કિનારે લાવી મૂકતાં.

ઘણી વાર નાની - મોટી તકરાર પછીની સુલેહ બે પ્રેમીઓને વધુ નજીક લાવી દેતી હોય છે. સુધાંશુ - ઈશાનીની બાબતમાં પણ એમ બન્યું. ગોવાના રોમાંચક વાતાવરણમાં એમની વચ્ચે ઝડપથી સુખદ સમાધાન થઈ ગયેલું. આ સમાધાને બંનેયને પહેલાં કરતાંય વધુ નજીક લાવી દીધેલા. આસપાસના બધાયને વિસારે પાડી એ બંનેય પોતાનું નિજી એકાંત મેળવવા બધાથી થોડે દૂર સરી ગયેલાં.

સુધાંશુ અને ઈશાનીની મસ્તી બેકાબુ બની ચૂકેલી. સુધાંશુ દ્વારા આચરાઈ રહેલી તોફાની હરકતો સામે ઈશાની ચિચિયારીઓ પાડી રહી. ઉત્તેજિત સુધાંશુ વારંવાર ભાગતી ઈશાનીને એની સશક્ત બાંહોમાં ઉઠાવી સમુદ્રમાં ફેંક્તો હતો. તો ક્યારેક એની બાહોમાં ઉઠાવાયેલી ઈશાની એને કચકચાવીને એવો જકડી લેતી કે સુધાંશુ પણ એની સાથે દરિયામાં ફંગોળાતો.ઘડીભર બંને પર સમુદ્રનાં ફેનિલ મોજાં ફરી વળતાં અને તેઓ થોડી પળ માટે બધાની નજરથી અદૃશ્ય થઈ જતાં.

બધાથી દૂર હોવા છતાં એ બંને તમામની નજરનું કેન્દ્રબિંદુ હતાં. ઈશાની સાથે મસ્તીએ ચડેલા ભાઈ સુધાંશુની બેકાબૂ હરકતોથી ઝરણા ખુબ સંકોચ પામી રહેલી. બધા સાથે એ નજર મેળવવાનું ટાળતી - દરિયાના પાણીમાં થોડી વધુ સરી. બધાથી અંતર જાળવવા અંદરની તરફ સરતી જતી ઝંખના જાણતી ન હતી કે હવે ભરતીનો સમય પૂરો થઈ ચૂક્યો હોય ઓટની શરૂઆત થશે.

કિનારે ફરતા લાઈફ બોડીગાર્ડઝે સીટી વગાડી બધાને સાવધ કર્યા. કિનારાની નજીક મસ્તી કરી રહેલા બધા બહાર નીકળવા લાગ્યા. સમુદ્રના ઘૂઘવાટમાં અને વિચારોએ ચડી ગયેલી ઝરણાને લાઈફ બોડીગાર્ડની સીટી નહોતી સંભળાઈ.

અચાનક સમુદ્ર પાછો હઠવા લાગેલો. પાછો વળતો દરિયો ઝરણાને એની સાથે ખેંચતો ચાલ્યો અને

એક જોરદાર તીણી ચીસ વાતાવરણમાં ગુંજી ઊઠી.

બરાબર એ જ સમયે કિનારા તરફ પાછા ફરી રહેલા જ્વલિત અને કુશલ્ ઝરણાની ચીસ સાંભળી એક સરખા ચમક્યા. તેમણે પીઠ ફેરવી. એ સમયે તે બંને ઝરણાની સૌથી વધુ નજીક હતા.

કિનારે ઊભેલાં બધા સહેલાણીઓના શ્વાસ અધ્ધર થઇ ગયા હતા. એ કટોકટીની ક્ષણે જ્વલિત્ અને કુશલની નજર એક થઇ. જ્વલિતની આંખોમાં ઝરણાને બચાવવા જવા માટેની સ્પષ્ટ અનિચ્છા ઝળકી રહેલી. એ સમજતાં જ કુશલની આંખોમાં ઠપકો તરી આવ્યો. એ જાણતો હતો કે જ્વલિત ટ્રોફી વિનર સ્વિમર છે , પણ સુધાંશુ સાથેનાં અણબનાવનાં કારણે તે ઝરણા માટે આગળ નહીં આવે .

એ સમયે સુધાંશુ હજી ઈશાની સાથે કિનારે પહોંચ્યો હતો. કિનારે ઊભેલા એનાં કોલેજ મિત્રોએ દિશા ચીંધતાં જણાવ્યું કે એ તરફથી ઝરણાની ચીસ સંભળાઇ હતી. તરત સુધાંશુએ દરિયા તરફ દોટ મૂકી. બેબાક બનેલાં સુધાંશુને દરિયા તરફ દોટ મૂકતો જોઇ કુશલ ડરી ગયો. એને થયું કે દરિયાલાલ આજે સુધાંશુ અને ઝરણા એમ બેય ભાઇ બહેનનો ભોગ લઈને રહેશે કે શું ?

એ જ્વલિતને દરિયા તરફ જોરપૂર્વક ધકેલતાં બરાડ્યો, ‘જ્વલિત, મૂવ ફાસ્ટ. તને આપણી દોસ્તીની કસમ છે. ઝરણાને બચાવ.’

કિનારે ઊભેલાઓએ જોયું કે જ્વલિતે દરિયામાં છલાંગ લગાવી છે. સુધાંશુ કુશલ સુધી આવી પહોંચ્યો હતો . કુશલે સુધાંશુને આગળ જતાં અટકાવ્યો એમ કહેતાં , ‘સુધાંશુ પાણી જોડે બાથ ભીડવાનું કામ તારું - મારું નથી. ઝરણાની મદદમાં મેં યોગ્ય વ્યક્તિને મોકલી દીધી છે.'

સુધાંશુની પાછળ લાઇફ બોડીગાર્ડઝ આવી પહોંચેલા. બધાએ જોયું કે જ્વલિત ઝરણા પાસે પહોંચી ચૂક્યો છે. ઝરણાની નજીક પહોંચતાં જ જ્વલિતે ઝરણાને પોતાની પીઠ પર ખેંચી લીધી. લગભગ અધમૂઈ જેવી થઈ ગયેલી , ડૂબવાના આરે આવી ચૂકેલી ઝરણા જ્વલિતને ક્યારેય છોડવા ન માગતી હોય એટલા જોરથી બાઝી પડેલી. ડૂબતું માણસ તો તરણુંય પકડે એમ કંઈ અમસ્તું નહીં જ કહેવાયું હોય .

#########

ત્રીજા દિવસની ત્રીજી રાત હતી. કોલેજ પર્યટકો મહાબળેશ્વર આવી પહોંચેલા. રાતના અગિયારનો સમય હતો.

સામાન્યપણે હિલસ્ટેશનોમાં રાત વહેલી પડી જતી હોય છે. એને યથાર્થ ઠેરવી રહેલ હોય એમ મહાબળેશ્વરની હોટેલમાં અત્યારે એકદમ શાંતિ પ્રવર્તી રહેલી. લગભગ બધા રૂમની બધી

છોકરીઓ નિદ્રાધીન થઈ ચુકેલી, એકમાત્ર ઈશાની સિવાય! એની આંખમાં જરાય ઊંઘ ન હતી.

એ બેચેન હતી. એની બેચેનીનું કારણ હતો દીપેન અગરવાલ ! થોડી વાર પહેલાં એની ભાભી ઋતવાનો દીપેન સાથે નક્કી થઈ રહેલાં વિવાહની જાણ કરતો કોલ આવેલો. ઈશાની જબરદસ્ત અપસેટ થઇ ગઈ. અત્યારે એ જો આ બાબતનો જરા સરખો પણ વિરોધ કરે તો એના અભ્યાસ પર, એની કોલેજ પર તરત પાબંદી લાગી જાય એ નક્કી હતું.

આજે સુધાંશુ જ્વલિત પર અત્યન્ત ખુશ હતો. કેમ કે એણે એની બહેન ઝરણાને ડુબતી બચાવી હતી. સુધાંશુએ એના માનમાં આજે રાત્રે એની રૂમમાં સ્પેશિયલ ખાણી - પીણીની મહેફિલ ગોઠવી હતી. કુશલ - જ્વલિત અને સુધાંશુની ત્રિપુટી રંગમાં હતી . ખાસ તો કુશલ એ બાબતે આશ્વસ્ત થયેલો કે જ્વલિત – સુધાંશુ ફરી સામાન્ય બન્યાં હતા .

ઘણા લોકો મિત્રોમાં પણ અંગ્રેજો જેવી ‘ ડિવાઇડ ઍન્ડ રૂલ’ની પોલિસી અપનાવતાં હોય છે . પરંતુ કુશલ એમાંનો ન હતો . એ હમેંશા જ્વલિત – સુધાંશુ વચ્ચે સમાધાન કરાવવા પ્રયત્નશીલ રહ્યો હતો .

બીજી તરફ ઈશાનીની બેચેની હદ વટાવી રહી હતી. ખબર નહીં, આવતી કાલે એ ઘરે પહોંચશે ત્યારે પરિસ્થિતિએ શો વળાંક લીધો હશે? એ વિચાર એને સતત પરેશાન કરી રહેલો. સુધાંશુને મળી એની સાથે આ બાબતની વાત કરવી એના માટે ખૂબ જરૂરી બની ગયેલું. સુધાંશુ આજ રાત્રે મિત્રોને સ્પેશિયલ પાર્ટી આપી રહ્યો છે - એ ઈશાની જાણતી હતી. એ મિત્રોની મહેફિલમાં ભંગ પાડવા ઇચ્છતી ન હતી.એ બેચેનીપૂર્વક બેડમાં પડખાં ફેરવી રહી.

મિત્રોની મહેફિલ એની ચરમસીમાએ પહોંચી ચૂકી હતી. રાતના બાર વાગી ચુક્યા હતા. સતત લાગણીઓના દબાણને અનુભવી રહેલી ઈશાનીએ ન રહેવાતા આખરે સુધાંશુને કોલ કર્યો. સુધાંશુના મોબાઈલની સ્ક્રીન રિંગ સાથે ઝળહળી ઊઠી. કુશલ અને જ્વલિત બંનેય સુધાંશુની એટલી નજીક બેઠેલા કે તેઓ મોબાઇલ સ્ક્રીન પર સ્પષ્ટપણે ઈશાનીનું નામ વાંચી શક્યા. પરસ્પર બંનેની દૃષ્ટિ સાંકેતિક રીતે મળી અને હોઠો પર માર્મિક સ્મિત આવી ગયેલું .

‘ હા , બોલ ઈશાની..’ સુધાંશુએ મોબાઈલ સ્વિચ ઓન કરતાં કહ્યું.

‘મારે તને અબ્બી હાલ મળવું છે.’ ઝડપથી બોલી ગયેલી ઈશાનીનો સ્વર મંદ અને દબાયેલો હતો.

સુધાંશુએ બંને મિત્રો તરફ જોયું. ટિપોઈ પર પડેલ બિયરની બોટલ હજી અરધી ખાલી થયેલી. મન્ચિંગની પ્લેટ હજી હવે થોડી થોડી ખાલી થઈ રહી હતી. મહેફિલના રંગમાં ભંગ પડી રહ્યો છે એવું સુધાંશુ એ અનુભવ્યું .પહેલીવાર એને ઈશાનીનો આ સમયે આવેલો કૉલ ખટક્યો હતો .

કેવી વિચિત્ર બાબત હતી કે જે ઈશાની સાથેની કંપનીમાં ક્યારેક મિત્રોનાં મોબાઈલ કોલ્સ કે એમની

હાજરી સુધાંશુને વિક્ષેપરૂપ લાગતાં, એ જ સુધાંશુને અત્યારે ઈશાનીની હાજરી અને એનો કોલ મિત્રો સાથે જામેલી મહેફિલમાં વિક્ષેપરૂપ લાગી રહ્યો હતો.

'શું અત્યારે મળવું જરૂરી છે ?' સુધાંશુના સ્વરમાં થોડી બેપરવાઈ અને થોડો કંટાળો ભળ્યાં.

'ઘણું જ..' ઈશાની ફૂલ ટેન્શનમાં હતી.

સુધાંશુએ ઊંડો શ્વાસ લેતાં વિચારીને કહ્યું, 'તો એક કામ કર . હમ્મ.. તું રૂમ પર આવી જા.' અને એણે મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો.

જ્વલિત અને કુશલના સરવા કાને સુધાંશુ અને ઈશાનીનો સંવાદ અક્ષરસ સંભળાયેલો. સુધાંશુએ ઈશાનીને રૂમ પર આવી જવા માટે આપેલ નિમંત્રણથી સામાન્ય પુરૂષોને જે વિચાર પડેલો મનમાં આવે તે જ વિચાર એ લોકોના મનમાં ઝબક્યો.....સાલો, સુધાંશુ નસીબદાર છે. પહેલાં બિયર પાર્ટી અને હવે પૂરી રાત ગર્લફ્રેન્ડ સાથે જલસા !!!

જ્વલિત અને કુશલ કચવાતા મને ઊભા થયા. એમને ઊભા થયેલાં જોઈ સુધાંશુ ચમક્યો, 'અરે યાર, તમે ઊભા કેમ થઈ ગયા? હજી તો આપણે અરધેય નથી પહોંચ્યાં.'

'ઈશાની.....' કુશલ એનાથી વધુ આગળ કંઈ બોલે એ પહેલાં સુધાંશુ ખડખડાટ હસી પડ્યો. એણે કુશલનો હાથ ખેંચી બેસાડી દીધો અને જ્વલિતનેય આંખોથી બેસવાનો ઈશારો કર્યો.

રાતની જામતી મહેફિલમાં સાથે બેઠેલા અજાણ્યાઓ પણ પળવારમાં મિત્રો બની જતા હોય છે. જ્યારે અહીં તો બધા મિત્રો હતા. મિત્રો આવા સમયે ક્યારેક એટલા બધા ખૂલી જતા હોય છે કે એમની વચ્ચે કોઈ પડદો રહેતો નથી. પરસ્પરના જીવનનાં ન જણાવવા જેવાં રહસ્યોય ફટ ફટ ખૂલી જતાં હોય છે.

'કમ ઓન ફ્રેંડસ , લિસન - ઈશાની મારી ગર્લફ્રેન્ડ છે તો તમારી પણ ફ્રેન્ડ તો છે જ ને ! સી , એને કંઈક કહેવું છે એટલે એ અહીં આવી રહી છે. ખબર નથી પડતી કે એને અત્યારે અડધી રાત્રે શું કહેવું છે ?' સુધાંશુ આટલું બોલી રહ્યો ત્યાં રૂમના દરવાજા પર ટકોરા પડ્યા.

'કમ ઈન ઈશાની..' સુધાંશુનો અવાજ સાંભળી ઈશાની દરવાજાને હળવો ધક્કો મારી રૂમમાં પ્રવેશી હતી.

હૈયુ હળવુ કરવા આવેલી ઈશાનીના પગ, ત્યાં કુશલ અને જ્વલિતને બેઠેલા જોઈ આગળ વધતા અટકી ગયા હતા .

#########

હોટેલની ગર્લ્સરૂમમાં બીજી એક યુવતીની આંખોમાંથીયે નિદ્રા ગાયબ હતી. એ હતી ઝરણા. એણે ઈશાનીને હળવા પગલે રૂમની બહાર જતાં જોઈ. ઈશાની એના ભાઈ સુધાંશુને મળવા જઇ રહી છે, એ વિચારે ઝરણાના તન-મનમાંય મધુર ટંકારવ થઈ રહ્યો.

એની આવી હાલતની શરૂઆત આજ બપોરથી થઈ હતી. અત્યારે એને વારંવાર જ્વલિતનો સ્પર્શ યાદ આવી રહેલો. એ દરિયામાં ડૂબી રહી હતી એ સમયે ભલે ગભરાટની મારી જ્વલિતને બાઝી પડેલી, પણ એના કુંવારા શરીરનો આ પ્રથમ પુરૂષ-સ્પર્શ હતો. એ સમજણે અને હકીકતે એને જરૂર કરતાં વધુ સભાન બનાવી મૂકેલી. પરિણામે જ્વલિતની જવાંમર્દી અને સ્પર્શે એને એટલી મુગ્ધ અને ભાવુક બનાવી દીધેલી કે એ ક્ષણે જ તે જ્વલિતના પ્રેમમાં પડી ગયેલી.

આ વાતનો અણસાર એણે એ જ પળે છૂપી રીતે જ્વલિતને આપી પણ દીધેલો. જ્યારે જ્વલિત એને દરિયાકિનારાની રેતી પર સૂવડાવી પાછો ફરવા લાગેલો ત્યારે એણે બંધ આંખોએ પણ જ્વલિતની હથેળીમાં ખુદની આંગળીઓ પરોવી દઈ એને જતાં રોકી દીધેલો. છોકરીઓની બાબતમાં જ્વલિત નીવડેલ ખેલાડી હતો. એ ઝરણાનો મૂક સંદેશો સમજી જતાં મૂછમાં હસી પડેલો. જ્વલિત વિચારી રહેલો – કયા બાત હૈ ! હવે શું દુશ્મનની બેન એની નવી ગર્લફ્રેન્ડ બનશે કે ?

સુધાંશુને એની જીવનરૂપી શતરંજમાં માત દેવા માટે હાલમાં જ્વલિત પાસે બબ્બે મહોરાં તૈયાર થઈ ચુકેલાં. એક હતી ઝરણા અને બીજી હતી ઈશાની !

#########

બિયરની મીઠી અસર હેઠળ આવી ગયેલા સુધાંશુએ બંનેય મિત્રોની હાજરીમાં ઈશાનીને એની વાત કહેવા માટે ફરજ પાડેલી.

‘ટેલ મી ઈશાની ! એવો તો શું પ્રોબ્લેમ થયો છે કે તારે આજ ને આજ અને એય તે અરધી રાત્રે કહેવા આવવું પડ્યું ! ‘ સુધાંશુએ પૂછ્યું .

‘ઈટ્સ વેરી પર્સનલ સુધાંશુ.. ‘સ્વાભાવિકપણે ઈશાની થોડીક ખચકાઈ હતી .

‘ ડૉન્ટ હેઝીટેટ ! આ બન્નેય તારાં પણ ફ્રેન્ડઝ છે જ ‘

સુધાંશુનાં આમ કહેવા પર અંતે ઈશાનીને એના દીપેન સાથે નક્કી થઈ રહેલા વિવાહની વાત કર્યા વગર છૂટકો ન રહ્યો. આમેય તે જાણતી હતી કે આ બાબતની ચર્ચા સુધાંશુ વહેલો - મોડો કુશલ સાથે તો કરવાનો જ હતો, અલબત્ત એ કદાચ જ્વલિતને ન જણાવત.કેમ કે ઈશાની કે સુધાંશુને અંગત રીતે જ્વલિત માટે લેશમાત્ર માન ન હતું.

દુનિયામાં શેતાનનું અસ્તિત્વ છે કે નહીં એ નથી ખબર, પણ કેટલીક વ્યક્તિઓમાં શેતાનનો વાસ જરૂર હોઈ શકે છે. એ વાતની સાબિતી આપતું હોય એમ જ્વલિતનું દિમાગ ઈશાનીની સમસ્યામાંથી પોતાનો હેતુ સાધવા માટે પ્રવૃત્ત થઈ ગયુ હતું.

ક્રમશઃ

પ્રકરણ - ૪

‘ જો’ અને ‘તો’ વચ્ચેની ભુલભુલામણીમાં અટવાયેલી જિંદગીઓની કથા ક્યારેક સુખદ તો ક્યારેક દુ:ખદ હોય છે. જો ઝરણાં સમુદ્રમાં તણાઇ ન હોત, જ્વલિતે એને બચાવી ન હોત, ઈશાની પર એની ભાભી ઋતવાનો કોલ ન આવ્યો હોત અને સુધાંશુએ મિત્રોને આપેલી પાર્ટીમાં - કુશલ - જ્વલિતની હાજરીમાં ઈશાનીએ કશો ધટસ્ફોટ ન કર્યો હોત તો બધાં પાત્રોની જીવનગાથા કંઈક જુદી હોત.

જ્યારે કોઇનો સમય ખરાબ ચાલતો હોય છે ત્યારે એની એક સમસ્યાનો ઉકેલ આવ્યો નથી હોતો અને બીજી સમસ્યા મોં ફાડીને ઊભી રહી જાય છે.

આવું જ કંઈક સુધાંશુની જિંદગીમાં ચાલી રહ્યું હતું . પિકનિકથી પાછા ફરેલાં ઝરણા અને સુધાંશુ ઘરે પહોંચ્યાં ત્યારે દરવાજે અલીગઢી તાળું લટકી રહેલું. એ બંનેય વિસ્મિતપણે બંધ દરવાજાને અવલોકી રહ્યાં. એમને અંદાજ ન આવ્યો કે આટલી વહેલી સવારે એમનાં મમ્મી - પપ્પા કશું કહ્યાં - કારવ્યા વગર ક્યાં ગયાં હશે ?

અચાનક સુધાંશુનો મોબાઈલ રણકી ઊઠ્યો. સુધાંશુને લાગ્યું કે એ કોલ એનાં મમ્મી કે પપ્પા તરફથી હશે. પણ ના, એ કોલ સુધાંશુના બોસનો હતો. મધ્યમવર્ગીય સુધાંશુ કોલેજના મોજ - શોખરૂપી ખર્ચાને પહોંચી વળવા પાર્ટટાઈમ નોકરી કરતો.

પોતાનાં બૉસ સાથેની વાત પૂરી થયા બાદ સુધાંશુએ એના પપ્પાને કોલ લગાડ્યો. મોબાઈલ પર સામા છેડે એની મમ્મી દ્વારા જેમ વાત કહેવાતી ગઈ એમ સુધાંશુનો ચહેરો ઊતરતો ગયો. ઝરણા - ભાઇના ચહેરા પર આવતા - જતા ભાવોનું નિરીક્ષણ કરી રહી.

‘શું થયું છે ભાઈ ? કંઈક તો બોલ ..’

ઝરણાને કોઈ જવાબ આપ્યાં વગર સુધાંશુ એનો હાથ પકડી ટેક્ષીમાં મારતી ઝડપે હોસ્પિટલે પહોંચ્યો હતો . ત્યાં પહોંચ્યા બાદ સુધાંશુને એની મમ્મી સાથે વધુ વિગતવાર વાત થતાં જાણવા મળેલું કે એના પપ્પા જ્યાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હતા, એ પેઢી કાચી પડી હતી. પરિણામ સ્વરૂપ ગઈ કાલે એના પપ્પાને નોકરીમાંથી રૂખસદ આપવામાં આવેલી. આ આઘાત એનાં પપ્પા ન જીરવી શક્યા હતા . પરિણામે મોડી રાત્રે એમને હાર્ટ એટેક આવ્યો અને હોસ્પિટલમાં દાખલ કરવા

પડેલાં .

સુધાંશુના હ્રદયમાં ટીસ ઊઠી. એ વિચારે કે એ જ્યારે મિત્રો સાથે મહાબલેશ્વરની હોટેલમાં મહેફિલ જમાવીને બેઠેલો ત્યારે એનાં પપ્પા મોત સામે લડત આપી રહેલા. તબીબો એન્જિયોગ્રાફી કરી ચૂકેલા. એમના મતે તાત્કાલિક બાયપાસ સર્જરી કરવી જરૂરી હતી. બાયપાસ સર્જરી માટેનાં જરૂરી નાણાંની વ્યવસ્થા તાત્કાલિક શી રીતે કરવી એની ગડમથલમાં અટવાયેલા સુધાંશુએ એના બોસને કોલ કર્યો.

#########

આજે પ્રથમ વાર કુશલ જ્વલિતના ઘરે ગયેલો. મોટા ભાગે બધા કોલેજ મિત્રો કુશલને ત્યાં - મળવાનું અને પ્રોગ્રામ બનાવવાનું પસંદ કરતા. કુશલનો ફ્લેટ મોટો હોવાને લીધે અને કોલેજથી નજીક હોવાને લીધે મિત્રો માટે એ જંકશન હતું.

કુશલ એની માતાને બાળપણમાં ગુમાવી બેઠેલો. અધૂરામાં પૂરું,એના ડેડી એમના એક્સપોર્ટ - ઈમ્પોર્ટના વ્યવસાય અર્થે બહાર વધુ રહેતા. આવી મોકળાશ બધાને સારી એવી માફક આવી ગયેલી.

પણ જ્વલિતે આજે કુશલને આગ્રહપૂર્વક પોતાનાં ઘરે બોલાવ્યો હોવાથી , એ ત્યાં ગયો હતો. જ્વલિત ઘરે એકલો હતો. એનાં માતા - પિતા સામાજિક કારણોસર મુંબઇ બહાર ગયેલાં હતા.

કુશલ જ્યારે જ્વલિતના ઘરે પહોંચ્યો, ત્યારે એ થોથાઓમાં માથું ખુંપાવીને બેઠેલો. કુશલે જોયું કે એ પુસ્તકો કોલેજના અભ્યાસક્રમની બહારનાં છે.

‘તું આ શું વાંચી રહ્યો છે, જ્વલિત?’ એને અલગ પુસ્તકો વાંચી રહેલો જોઇ ચમકી ઊઠેલા કુશલે પૂછ્યું.

'આઇ. પી. એસ. ની એક્ઝામની તૈયારી કરી રહ્યો છું.' જ્વલિતે બે હાથ ઊંચા કરી આળસ મરડતાં કહ્યું.

'યુ મીન પોલીસ સર્વિસિઝ? તું...આઈ મીન તારે પોલીસખાતામાં જવું છે?’ કુશલને ખૂબ નવાઇ લાગી. આવી કોઈ વાત જ્વલિતે એને અછડતાય ન કરેલી .

‘અરે યાર! અમે કંઈ તારા જેટલા રીચ નથી. ફાધરે આપણા માટે કોઇ ધંધો તૈયાર નથી રાખ્યો. ખુદ ફાધર નોકરી કરે છે તો આપણેય પ્રારંભ તો નોકરીથી જ કરવો પડશે. અલબત્ત, બંદાને નોકરી મલાઈવાળી અને દાદાગીરીવાળી જોઇએ છે. હાલ, મારાં ડેડી કસ્ટમ્સ અધિકારી છે, એ તો તું જાણે

છે. એ કહે છે કે આજકાલ કસ્ટમ્સખાતામાં કોઈ કસ રહ્યો નથી, કેમ કે છેલ્લાં દસ-બાર વરસમાં મુક્ત અર્થતંત્રને લીધે મોટા ભાગની ઈમ્પોર્ટેડ ચીજવસ્તુઓ ડ્યુટી ફ્રી થઇ ચૂકી છે. મારું અને ડેડીનું માનવું છે કે પોલીસખાતું એવરગ્રીન ખાતું કહેવાય. ડેડીનું એમ પણ કહેવું છે કે મારો મિજાજ એ ખાતાને લાયક છે.'

કુશલ હસી પડ્યો, 'એ વાત સાચી. તું ખણખોદિયો તો છે જ . તેજ છે. સામી વ્યક્તિ પાસેથી વાત કઢાવવામાં હોશિયાર છે અને મારામારીમાં પણ પાવરધો અને …..'

'અરે બસ…બસ! તો પછી બંદા સાચી દિશામાં છે. રાઇટ?' જ્વલિતે આંખ મીંચકારી.

'બાય ધ વે , તેં મને આજે સ્પેશિયલ -સિક્રેટ વાત કહેવી છે એમ કહી અહીં શા માટે બોલાવ્યો છે ? શી વાત છે એ ? ' કુશલ મૂળ વાત પર આવી ગયો.

જ્વલિતના હોઠો પર મર્મભર્યું રહસ્યમય સ્મિત ફરકી ગયું. એ પોતાની જગ્યાએથી ઊભો થતાં બોલ્યો, 'હજી હમણાં તો આવ્યો છે . જરા ધીરજ રાખ યાર. આજે આખી રાત તુ અહીં રહેવાનો છે. પહેલા આપણે કોઇ સારી હોટેલમાં ડિનર લઇ આવીએ. પછી હું તને એ ખાસ વાત ન માત્ર કહીશ પણ આજ સુધી તે ક્યારેય જોયું ન હોય એવું કંઇક જોરદાર બતાવીશ પણ ખરો!'

જ્વલિતે હાથમાં બાઇકની ચાવી લીધી.ડિનર લેવા જવા માટે એના ફ્લેટની બહાર જવા તેનાં કદમ ઉપાડ્યા. કુશલ એનું કુતૂહુલ દબાવતાં નાછૂટકે એને અનુસર્યો.

સ્કૂલકાળથી શરૂ થયેલી કુશલ અને સુધાંશુની મૈત્રી તો સહજ અને કુદરતી હતી. એ મૈત્રી પાછળ કોઈ કારણો ન હતા. જ્યારે કે જ્વલિત અને કુશલની મૈત્રી સહેતુક હતી. એ મૈત્રી પાછળ કારણો હતાં.

થોડાં વરસ પહેલાં જ્વલિતના ડેડી કસ્ટમ્સ ડ્યુટીના એક કેસમાં શરતચૂકના કારણે ખરાબ રીતે ફસાઇ ગયેલા. નોકરી જવાના ભય સાથે જેલયોગ ઊભો થયેલો. એ સમયે કુશલના મામા રાજ્યના ગૃહખાતામાં ઊંચી પોસ્ટ પર હતા. કુશલ જ્વલિતની વહારે ચડેલો. એના મામા પર દબાણ આણી એણે જ્વલિતના પપ્પાના કેસને ભીનો સંકેલાવેલો. એ પછી આ કેસ સંદર્ભે કસ્ટમ્સવાળાઓએ ગિન્નાઇને જ્વલિતના ડેડીની ટ્રાન્સફર સજારૂપ કહેવાય સ્થળે કરેલી. પરંતુ ફરી એક વાર કુશલ એમની મદદે આવેલો. મામા દ્વારા એણે ચક્રો ફરી ગતિમાન કરેલાં અને જ્વલિતના ડેડી ફરી પોતાની મૂળ જગ્યાએ એય તે પ્રમોશન સાથે મુંબઇ એરપોર્ટ પર આવી ગયેલાં.

આ કારણસર, ત્યારથી કુશલ જ્વલિત માટે ખાસ વ્યક્તિ હતો. કુશલની સરળતા એને ગમતી. એ કુશલથી કશું છુપાવતો નહીં. સ્વભાવથી જ્વલિત અળવીતરો હતો , ખતરનાક હતો , ડંખીલો હતો . પણ દુનિયા આખી સામે ઝેર ઓકતો ,પૂરેપૂરો વાંકો બંકો એવો જ્વલિત કુશલ પાસે જેમ સાપ એના દરમાં જાય ત્યારે સીધો થઈને જાય છે એ રીતે સીધો રહેતો.

કુશલ સાથેની મૈત્રીમાં ભાગ પડાવતો સુધાંશુ જ્વલિતને ખૂબ કઠતો. જો કે આજ સુધી કુશલ અને જ્વલિતની મૈત્રીમાં એણે ફાંટ પાડવાની કોશિશ ન કરેલી . જયાં સુધી ઈશાનીના મામલે સુધાંશુ સાથે ગરમા - ગરમી અને મારામારી નહોતી થઈ ત્યાં સુધી સુધાંશુ એને માત્ર ગમતો નહીં.એની સાથે કોઈ વિશેષ કે અંગત અદાવત ન હતી. પરંતુ છેલ્લે થયેલાં મારામારીના પ્રસંગ પછી એ સુધાંશુનો કટ્ટર વિરોધી બની ચૂકેલો.

દીપેન સાથે ઈશાનીના નક્કી થઇ રહેલા વિવાહથી અંદરખાનેથી એ ખુશ હતો. જ્વલિતના મનમાં સુધાંશુ માટે ઝેરનાં મૂળિયાં એટલાં ઊંડા ઊતરી ચૂકેલાં કે ઈશાનીને સુધાંશુ કોઈ પણે હિસાબે પામી ન શકે એ માટે એ ગમે તે હદ સુધી જવા તૈયાર હતો.

#########

ઋતવા સહિત ઈશાનીના ઘરના તમામ સભ્યો ચકિત હતા. એમની ધારણા વિરુદ્ધ ઈશાનીએ કોઇ દલીલ કે બખેડો કર્યા વગર દીપેન સાથેના વિવાહ માટે સંમતિ આપી દીધી હતી. ઋતવાના મનમાં કેમેય ગડ બેસતી ન હતી. કેમ કે જે દિવસે એણે આ બાબત ઈશાનીને કોલ કરીને જણાવેલી ત્યારે તો ઈશાની મોબાઇલ પર જ જ્વાળામુખીની જેમ ભભૂકી ઊઠેલી.

'વ્હોટ્સ ધ હેલ ભાભી? ઑલ ધીસ ઈઝ વેરી રબિશ !! તમે બધા તમારા મનમાં સમજો છો શું? હું કંઈ બાર્બી ડૉલ નથી. હાડચામની બનેલી જીવતી - જાગતી, ઉમંગોથી છલકાતી જુવાન છોકરી છું. મને એ નથી સમજાતું કે મારી સામાન્ય જરૂરતની ચીજવસ્તુઓ પણ જો મને પૂછયાં વગર ભાઈ કે પપ્પા લાવતા નથી તો મારી જિંદગીને સ્પર્શતો આટલો મહત્વનો નિર્ણય મને પૂછયા વગર - મારી સંમતિ વગર એ લોકો શી રીતે લઈ શકે? ભાભી, બરાબર સાંભળી લે કે તારો ભાઈ દીપેન મને મુદલે ગમતો નથી. હું આ વિવાહ કોઈ પણ સંજોગોમાં નહીં કરું.' એટલું કહી ક્રોધિત થયેલ ઈશાનીએ કોલ કટ કરી નાખેલો.

એ પછી ઋતવાએ ઈશાનીને બે - ત્રણ વાર કોલ કર્યા. નારાજ ઈશાનીએ એકપણ કોલ ઉઠાવ્યો નહોતો. આ કારણસર ઋતવા પરેશાન હતી. એ સારી રીતે સમજતી હતી કે ઈશાનીની શાંતિ છેતરામણી છે. ઈશાનીના અંતરમનનાં ઊંડાણે લાગણી પ્રવાહો પૂરા વેગથી ઊલટી દિશામાં વહી રહ્યા છે. જયારે એ પ્રવાહો અંતરમનની સપાટી તોડી ઊછળશે ત્યારે ઘરમાં બધું વેરણ-છેરણ થઈ જશે.

ઋતવા સતત વિચારી રહેલી છે એવું તો શું કરવું જોઈએ જેથી બધું સમુસુતરું પાર ઉતરે. એના મનમાં એક એવો વિચાર આવ્યો કે આ સંજોગોમાં ઘરનાની જાણ બહાર દીપેન અને ઈશાનીની ખાનગી મુલાકાત ગોઠવવી જોઈએ. એમ કરવાથી દીપેન અને ઈશાની નજીક આવશે.કદાચ ઈશાની દીપેનનાં પરિચયમાં આવતાં એને પસંદ કરવા લાગશે તો બધું સરસ ગોઠવાઈ જશે. આ વિચાર ઋતવાને એટલો જચી ગયો કે એ ઉત્સાહભેર ઈશાનીના રૂમ તરફ ચાલી.

#########

સુધાંશુ હળવોફૂલ હતો. કેમ કે સુધાંશુના બોસે એના પપ્પાની બાયપાસ સર્જરી માટેની નાણાંની વ્યવસ્થા કરી આપશે એમ કહેલું. એણે આ વાત કુશલ અને જ્વલિતને જણાવી ત્યારે આટલી મોટી રકમની વ્યવસ્થા સુધાંશુ એકલપંડે કરી શક્યો એ વાતની નવાઈ બંનેયને લાગેલી. કુશલ એ જાણી ખુશ થયેલો જ્યારે જ્વલિતને એનાં સ્વભાવ પ્રમાણે સુધાંશુના એ નાણાસ્ત્રોતનું મૂળ જાણવાની ભારે ચટપટી ઊપડેલી.

અગાઉ આ મામલે અવળી ખોપડીનાં જ્વલિતે સુધાંશુને એના 'પ્રેમ' ની રોકડી કરી લેવા વણમાગ્યું સુચન કરેલું. એ રાત્રે મહાબળેશ્વરની હોટેલમાં એની અને કુશલની હાજરીમાં ઈશાનીએ એના દીપેન સાથે થઇ રહેલા વિવાહનો ધટસ્ફોટ કરેલો - એ બાબત પર ફોકસ કરતા એણે સુધાંશુને જે કહેલું એ ખરેખર અકલ્પનિય હતું . આવું માત્ર જ્વલિત જ વિચારી શકે .

' યાર સુધાંશુ, વેરી સેડ ! તારાં પાપાની એક તરફ બગડેલી તબિયત અને બીજી બાજુ બાય પાસનો ખર્ચો . બાય ધ વે , મારી પાસે એક અફલાતૂન આઈડિયા છે . તારો મની પ્રોબ્લેમ સોલ્વ થઇ શકે એવો એ જોરદાર આઈડિયા છે.' જ્વલિતે કહેલું .

'અચ્છા , શું બેન્ક લૂંટવાની છે ? ' સુધાંશુએ એને ચોપડાવી હતી .

'ના , હાલનાં તબક્કે તને જેલમાં મોકલવાની મારી ઈચ્છા નથી .' જ્વલિતે પણ રોકડું પરખાવી દિધેલું .

'મૂળ વાત પર આવને ભાઈ . તમે બેય ક્યારેય સીધી વાત કેમ નથી કરી શકતાં ? ' કુશલે દરમિયાનગીરી કરી વાત ઠંડી પાડી .

' હા , તો આઈડિયા એવો છે કે સુધાંશુ અને ઈશાનીની લવસ્ટોરીથી આપણે ઈશાનીના ઘરનાંને વાકેફ કરીએ. ત્યાર પછી ઈશાનીના દીપેન સાથે ધામધુમથી, વિના વિઘ્ને વિવાહ થઇ જાય એ માટેની કિંમત એના માલેતુજાર બાપ પાસેથી માગીએ. ચપટી વારમાં ત્રણ - ચાર લાખ હાથમાં!!શું કહે છે તું?' કહેતાં એણે સુધાંશુ સામે એની આદત પ્રમાણે આંખ મીંચકારી હતી .

જવાબમાં ફરી એક વાર એને સુધાંશુના અવળા હાથની થપ્પડરૂપી પ્રસાદી મળેલી.

સુધાંશુ ગુસ્સે થતાં બરાડી ઊઠેલો, 'આખરે તને ઈશાનીથી શું પ્રોબ્લેમ છે? એ એના ઘરનાંની નજરમાંથી ઊતરી જશે. વધારામાં એના સમાજમાં એની બદનામી થશે. એની કૉલેજ બન્ધ થઈ જાય . એ બધી બાબતનો તને જરાય વિચાર નથી આવતો?'

સુધાંશુની થપ્પડથી જ્વલિતનું ખુન્નસ વધુ ઘુંટાયેલું.કુશલની હાજરીને લીધે એ ફરી એક વાર સુધાંશુની થપ્પડ સહી ગયેલો. જો કે એ મનમાં બબડી ઊઠયો, ‘સાલા સુધાંશુ, તને તો હું ધૂળ ચાટતો કરીશ જ! પણ તારી ઈશાનીને પણ બદનામ કરીને રહીશ.’

જ્વલિતને સુધાંશુ સામે વેર લેવામાં આડી આવતી સૌથી વધુ વિઘ્નરૂપ વ્યક્તિ હતી કુશલ. એ કુશલ આજે એના ઘરે આવ્યો હતો. જ્વલિતે એનાં લેપટોપ અને મોબાઇલને કનેક્ટ કરી લેપટોપ ઓન કર્યુ.

લેપટોપના સ્ક્રીન પર એક પછી એક ક્લીપિંગ્સ સરકવા લાગ્યાં. કુશલ ફાટી આંખે સરકતા ક્લીપિંગ્સ જોઈ રહ્યો. એનું લોહી એક તરફ થીજી ગયેલું તો કાનની બૂટ ધીરે ધીરે ગરમ થઇ રહી હતી.

ક્રમશ:

પ્રકરણ - ૫

ઋતવા ઉત્સાહમાં હતી. આખરે એની લાડલી નણંદ ઈશાનીએ દીપેન સાથેની મુલાકાત માટે સંમતિ આપી હતી. ઈશાની અને દીપેનની આ મુલાકાત આમ તો પૂરેપૂરી ઔપચારિક ડેટ હતી, કેમ કે દીપેન અને ઈશાનીના ઘરના લોકો એમના વિવાહ અંગે પરસ્પર મૌખિક કબૂલાત કયારના આપી ચુકેલા.

ઈશાની અંદરથી અંજપ હતી. બાહ્ય રીતે એનો અંજપો એ કોઈને કળાવા દેતી નહીં. એને સુધાંશુ પર વિશ્વાસ હતો કે તે આ પરિસ્થિતિમાં જરૂરથી કોઈ માર્ગ કાઢશે.

ઈશાની દીપેનને મળવા તૈયાર થયેલી, એ સુધાંશુની સલાહથી જ સ્તો! સુધાંશુએ વિચાર્યું હતું કે જો દીપેન સીધો - સાદો અને સમજદાર યુવક હશે તો એને ઈશાનીના અને પોતાના સંબંધથી સહેલાઈપૂર્વક વાકેફ કરી શકાશે. પરિસ્થિતિ સમજતા કદાચ દીપેન એમને સહકાર આપવા પણ તૈયાર થઈ જાય તો નવાઈ નહીં.

મુલાકાતનો સમય અને સ્થળ દીપેને નક્કી કરેલાં. જુહુની સેન્ટોર હોટેલમાં એણે સાત નંબરનું સી - ફેસ ટેબલ રિઝર્વ કરાવેલું. ઈશાનીએ એ પ્રમાણે ત્યાં સાંજે સાત વાગ્યે પહોંચવાનું હતું.

એ સુધાંશુ સાથે બરાબર સાંજે સાડા છ વાગ્યે હોટેલ સેન્ટોર પર પહોંચી હતી . સુધાંશુએ સમજાવેલો પ્લાન અને સૂચનાઓ ધ્યાનપૂર્વક સાંભળીને એ પોર્ચમાં સુધાંશુથી છૂટી પડી ડાઈનિંગ હૉલમાં પ્રવેશેલી .

બરાબર સાતનાં ટકોરે દીપેન ડાઈનિંગ હૉલમાં પ્રવેશ્યો હતો . એની સપ્રમાણ ઊંચાઈ અને સુદૃઢ બાંધાને કારણે તે ઘણો સોહામણો દેખાતો હતો.ઉપરથી એના ચહેરા પર ગર્ભશ્રીમંતાઈનું એક અલગ પ્રકારનું તેજ ઝળકતું હતું એ તેને એક વિશિષ્ટ લુક આપી રહેલ. એ હોલમાં રિઝર્વડ કરાવેલા ટેબલ પર પહોંચ્યો. જયાં પહેલેથી ઈશાની બેઠી હતી .

એના આવ્યાંની થોડી વાર પહેલાં જ કુશલ અને જ્વલિત આઠ નંબરનાં ટેબલ પર બેસી ગયેલા. દીપેનને બંને બારીકાઈથી નીરખી રહ્યા.

જ્વલિત તો આદતવશ દીપેનને જોઈ કુશલના કાનમાં ગણગણી ઊઠયો, 'આવા બોર્નરિચ અને એરિસ્ટ્રોકેટ પર્સનાલિટીવાળા દીપેનને છોડી ઈશાની મોટી ભૂલ કરી રહી છે.'

કુશલે એની કોમેન્ટનો કોઈ જવાબ ન આપ્યો. એ હજુ દીપેનને જોવામાં મગ્ન હતો.

ખુલ્લા ખભાવાળો ચુસ્ત ફિટિંગવાળો બ્લેક રંગનો પાર્ટી ડ્રેસ પહેરેલી ઈશાની ગજબનાક ખૂબસૂરત દેખાઈ રહેલી. દીપેનની નજર એના પર પડી ત્યારે એ પ્રશંસાસભર મુગ્ધભાવે ઈશાનીને થોડી પળ માટે જોઈ રહ્યો.

દીપેને પ્રથમ વાર ઈશાનીને જોયેલી ત્યારે એ એના માદક સૌંદર્યથી હતપ્રભ બની ગયેલો. પરંતુ આજની મુલાકાત એણે પૂરા પ્લાનિંગ અને ભરપૂર આત્મવિશ્વાસ સાથે ગોઠવેલ. ટેબલ પાસે ચેરમાં બેઠેલી ઈશાની પાસે પહોંચી એણે એની સામેની ચેર પર બેઠક લીધેલી .

' ગુડ ઈવનિંગ ઈશાની …' કહેતાં એ જ્યારે ખુરશીમાં ગોઠવાયો તો ઈશાનીએ સ્હેજ ત્રાંસી નજરે બાજુનાં ટેબલ પર બેઠેલાં સુંધાશુ સામે જોયું . એ પોતાને સ્હેજ અસ્વસ્થ મહેસૂસ કરી રહેલી . આંખોથી જ સુધાંશુએ એને સધિયારો આપેલો.

દરમિયાન દીપેને સહજપણે કંઈક સલુકાઈથી તો કંઈક અધિકારપૂર્વક ઈશાનીનો હાથ પકડ્યો હતો અને બોલ્યો, ' યુ લુક સ્ટનિંગ ડાર્લિંગ .'

ઈશાની અને દીપેનની નજર એક થઈ. દીપેનની આંખોમાં ઈશાની માટે ભરપૂર લાગણીઓ છલકાઈ રહેલી. એ જોતાં ઈશાની એનો હાથે તરછોડી ન શકી. પ્રથમ નજરે ગમી જાય એવા આ સુંદર યુગલ પર હોલમાં હાજર તમામ વ્યક્તિઓની પ્રશંસિત દૃષ્ટિ ઠરી રહી - એકમાત્ર કુશલ સિવાય!

હા , સુધાંશુ અત્યારે ઘણો તટસ્થ હતો . એ દીપેનને સમજી શકતો હતો કે એનાં માટે ઈશાની એની વાગદત્તા હતી . એ બાજુનાં ટેબલ પરથી ઉઠીને કુશલ અને જ્વલિતવાળા ટેબલ પર આવ્યો .

ન જાણે કેમ પણ દીપેન જે રીતે ઈશાની સાથે નિકટતા કેળવવાનો પ્રયાસ કરી રહેલો એ જોતાં રોષથી કુશલના હાથોની મુઠ્ઠીઓ વળી જતી હતી . એ ક્ષણે પાછળથી એના ખભે સુધાંશુનો હાથ વીંટળાયો . એ ઝબક્યો. સુધાંશુ ખુરશી ખેંચી બેય મિત્રો વચ્ચે ગોઠવાયો. એણે હવે દીપેનને ધ્યાનપૂર્વક જોયો. પછી બોલ્યો, 'છોકરો હેન્ડસમ છે.'

'ખમતીધર પણ એટલો જ લાગે છે' જ્વલિત બોલ્યો. પછી એણે ઉમેર્યુ. 'દેખાવમાં સમજદાર લાગે છે. ફોડ પાડીને સમજાવીશું તો કદાચ સામેથી સંબંધ ફોક કરી દેશે.'

પોતાના મનની વાત જ્વલિતના મોઢે સાંભળી સુધાંશુ ખુશ થયો. એ બોલ્યો, 'યાર જ્વલિત, આજે

પહેલી વાર તું કંઈક પોઝિટિવ અને સમયોચિત બોલ્યો છે. બાય ધ વે - કુશલ, તું કેમ આટલો શાંત છે?'

કુશલ તરફથી જવાબ ન મળ્યો. એનું ધ્યાન ડાન્સ ફ્લોર પર હતું. એટલી વારમાં દીપેન ઈશાનીને લઈને ડાન્સ ફ્લોર પર પહોંચી ગયેલો .દીપેન સ્વાભાવિકપણે એની ભાવિ વાગ્દત્તાની કંપનીમાં મૂડમાં હતો. ઈશાનીની કમરમાં હાથ નાખી એને પોતાની અડોઅડ ખેંચીને મ્યુઝીક સાથે મસ્તીપૂર્વક સ્ટેપ મેળવી રહ્યો હતો.

ઈશાની દીપેનને ડાન્સમાં અનિચ્છાપૂર્વક સાથ આપી રહેલી. એની નજર વારંવાર સુધાંશુ તરફ જતી હતી. સુધાંશુએ એને આંખોના ઈશારાથી દીપન સાથે ડાન્સ ચાલુ રાખવા સૂચવ્યું. પ્લાન પ્રમાણે એણે દીપેન અને ઈશાનીનું ડિનર શાંતિથી પતી જાય ,એ પછી એણે એન્ટ્રી લેવાની હતી. એથી એ શાંતિથી બેઠો હતો.

કુશલ બેચેન હતો. થોડી મિનિટો વીત્યા બાદ - એક તરફ ઈશાની વધુ ડાન્સ કરવા માટે દીપેનને ઈશારાથી મના કરી રહી હતી તો બીજી તરફ ખીલી ઊઠેલો દીપેન ઈશાનીને વધુ ને વધુ પોતાની નજીક ખેંચી રહ્યો હતો. એ ઈશાનીને ડાન્સ ચાલુ રાખવા માટે આગ્રહ કરી રહેલો.

ક્ષણભર માટે જ્વલિત અને સુધાંશુની નજર મળી. એ બંનેય કંઈ વિચારે કે કરે એ પહેલાં કુશલ ડાન્સ ફ્લોર પર ધસી ગયો. જોરપૂર્વક એક હાથે એણે ઈશાનીને દીપેનની બાંહોમાંથી ખેંચી લીધી અને બીજા હાથે એણે દીપેનને જોરદાર થપ્પડ ઝીંકી.

' હેય , ડૉન્ટ યુ લિસન હર ? એ ક્યારની તને 'ના' કહી રહી છે – એ નથી સમજાતું તને ? નો મીન્સ નો – ડુ યુ અન્ડરસ્ટેન્ડ ? લીવ હર .. ' ઉકળી રહેલાં કુશલને દીપેન ડઘાઈને જોઈ રહ્યો.

હૉલમાં સન્નાટો છવાઈ ગયેલો . ઈશાની, સુધાંશુ અને જ્વલિત ત્રણેય સ્તબ્ધ બની ફાટી આંખે કુશલનું આ નવું સ્વરૂપ જોઈ રહ્યાં. આવો કોઈ તમાશો એમના પ્લાનમાં ન હતો કે ન એમણે કલ્પના કરેલી.

ડઘાયેલી ઈશાનીને ખેંચીને લજ્જિત થયેલો દીપેન તરત ડાઈનિંગ હૉલની બહાર ચાલ્યો ગયો . એની પાછળ જવા માંગતા કુશલને સુધાંશુ અને જ્વલિતે લપકીને પકડી લીધેલો .

######

હોટેલ સેન્ટોરના પોર્ચમાં નતમસ્તક ઊભેલા કુશલ ઉપર સુધાંશુ બેસુમાર વરસી રહેલો , 'આચનક તને આ શું થઈ ગયેલું કુશલ? તું દીપેન સાથે કેમ બાખડી પડ્યો? આ મામલે તારે કે જ્વલિતે કોઈ

એક્ટિવ રોલ કરવાનો ન હતો. જે કંઈ કરવાનું હતું, મારે કરવાનું હતું. એય ઈશાની અને દીપેનનું ડિનર પતી ગયા બાદ!'

'આયમ સૉરી ! ' કુશલે નતમસ્તકે કહ્યું .

'વ્હોટ સૉરી ? આપણે દીપેન સાથે શાંતિથી મામલો પતાવવાનો હતો. પણ ડફોળ , તેં તો બધો ખેલ બગાડી નાખ્યો. તેં આ શું કરવા કર્યુ? શા માટે કર્યુ? હું કંઈ સમજી શકતો નથી. નાઉ ગૅટ લૉસ્ટ ! ડોન્ટ સી મી યોર બ્લેક ફેસ અન્ટિલ આઈ કૉલ યુ.. ' એમ કહેતાં સુધાંશુએ કુશલને ઝાટકતાં પાણીથીય પાતળો કરી નાંખેલો .

બીજી તરફ જ્વલિતની નવાઈનોય કોઈ પાર ન હતો. આજનું કુશલનું અનપેક્ષિત વર્તન એનીય સમજ બહારનું હતું. મિત્રોથી છુટા પડ્યા બાદ જ્વલિત ઘરે ગયો. ઘરે પહોંચ્યા બાદ, એ વારંવાર સાંજના હોટેલ સેન્ટોરમાં બનેલ પ્રસંગને મનમાં ને મનમાં રિવાઈન્ડ કરતો રહ્યો.

આજ પહેલાં કુશલે જાહેરમાં ક્યારેય ઈશાની તરફ એની લાગણીઓની અભિવ્યક્તિ નહોતી કરી. શું ઈશાની આજે એના દિલોદિમાગમાં એ હદે છવાઈ ગઈ કે એ ઇશાનીના જ બોયફ્રેન્ડ સુધાંશુની હાજરીનેય ભૂલી ગયો ? કદાચ ઈશાની તરફના એના પ્લેટોનિક લવમાં વાસના ઉમેરાઈ હતી.

હા , ચોક્કસપણે આ અશક્ય કામ જ્વલિતના મોબાઈલની ક્લિપિંગ્ઝે કર્યુ હતું. એ જોયા બાદ કુશલને કદાચ ઈશાનીને પામવાની લાલસા જાગી હતી.એવો વિચાર આવતાં જ જ્વલિતના મનમાં અજવાળું ઝાકોર થઈ ગયું. એ ઊછળી પડ્યો. એ એના મોબાઈલને ચૂમી રહ્યો. આખરે એના મોબાઈલમાં સંગ્રહાયેલી એ ક્લિપિંગ્ઝ કઈ હતી?

#########

એ રાત્રે મહાબળેશ્વરની હોટેલમાં ઈશાનીના મોઢે દીપેનગાથા સાંભળ્યા બાદ ત્રણેય મિત્રો વિચારે ચડી ગયેલા. ઈશાની એની વાત કહીને ચાલી ગયેલી. એ પછી એમની બિયર પાર્ટી ફટાફટ આટોપાઈ ગયેલી. સુધાંશુ બંનેય મિત્રોને - કુશલ અને જ્વલિતને હોટેલના પેસેજ સુધી વળાવી પોતાની રૂમમાં પાછો ફરેલો. ટીમ લીડર તરીકે એને અલગથી રૂમ મળી હતી .

એણે રૂમમાં આવી બેડમાં પડતું મુક્યું. હવે ઈશાનીના વિચારો એને ઘેરી વળ્યા. રહી - રહીને સુધાંશુને એમ લાગ્યું હતું કે મિત્રોની હાજરીમાં એણે ઈશાનીને દીપેનની વાત કહેવા માટે નહોતું કહેવું જોઇતું . ઈશાનીની વાત ખરેખર ગંભીર અને અંગત હતી.

સુધાંશુએ મોબાઈલ હાથમાં લીધો. 'સૉરી'નો મેસેજ એણે ઈશાનીને મોકલ્યો.

બિચારી ઈશાની ! એ હજી સુધી ઉંઘી શકી ન હતી. એની જિંદગી અત્યારે ત્રિભેટે આવી ઊભી હતી. એ ચાહતી હતી સુધાંશુને અને અજાણ્યો દીપેન એના જીવનદ્વારે ટકોરા દઈ રહેલો. જેને એ આવકારવા હરગિઝ તૈયાર ન હતી.

સુધાંશુના મેસેજના જવાબમાં ઈશાની ખુદ સુધાંશુના રૂમ પર ધસી આવી. અધખુલ્લા દરવાજાને ખખડાવવાની એને જરૂર પડી ન હતી. ઈશાનીના દિલ-દિમાગનું જરાય ઠેકાણું ન હતું. એણે આવતાંવેંત બેડ પર સુતેલા સુધાંશુ પર પડતું મૂકેલું.

સુધાંશુ હડબડીને બેડમાંથી બેઠો થઈ ગયેલો. ઈશાનીને જોતાં એ ચમકી ગયો, ‘ઈશાની, તું અત્યારે?’

ઈશાનીની આંખોમાંથી સર સર વહેતાં અશ્રુઓ સુધાંશુના ખભાને ભીંજવી રહ્યાં. રડી-રડીને ઈશાનીનો ગૌર ચહેરો આછો લાલ - ગુલાબી રંગનો થઈ ગયેલો.

'આટલું બધું શા માટે રડે છે ઈશાની? હું છું ને?’ સુધાંશુએ ઈશાનીનો ચહેરો એના બે હાથોમાં લેતાં કહ્યું. ઈશાનીનાં વિશાળ નેત્રો સુધાંશુની આંખોમાં પરોવાયાં. ફરી એક વાર એની આંખો ઊભરાઈ આવી. અનાયાસે સુધાંશુએ એનાં વહેતા અશ્રુઓને ચુમ્યા. એનાં વાળને પસવાર્યા .

ઈશાનીને સારું લાગ્યું. લગીર એના હોઠ પર સ્મિત આવ્યું. એણે સુધાંશુના ગાલે પોતાના નરમ હોઠ અડાડ્યા. સુધાંશુએ ઈશાનીને પોતાની પાસે ખેંચી લઈ આશ્વાસન આપતાં - છાતીસરસી દબાવી અને બોલ્યો, 'ડોન્ટ વરી ઈશાની . થઈ જશે બધું બરાબર.’

ઈશાનીની માનસિક હાલત અત્યારે થડથી તૂટી રહેલી ડાળી જેવી હતી. અત્યારના સંજોગોમાં એને પૂર્ણપણે તુટી પડતાં અટકાવે એવો કોઈ મજબુત - નક્કર આધાર જોઈતો હતો, જે માત્ર અને માત્ર સુધાંશુ પાસેથી મળી શકે એમ હતો.

ઈશાનીને જ્યારે સુધાંશુની મજબુત ભુજાઓમાં પરમ સલામતીનો અનુભવ થઈ રહેલો ત્યારે અરધી રાતનું એકાંત અને ઈશાનીનો વળગી પડેલો ભરપૂર યૌવનસભર દેહ સુધાંશુને ઉત્તેજિત કરી રહેલ .

પરિણામે આવેગમય બનેલાં સુધાંશુએ ઈશાનીને પૂરેપૂરી બેડ પર ખેંચી લીધી. બરાબર એ સમયે સુધાંશુની રૂમમાં રહી ગયેલું સિગારેટ લાઈટર લેવા પાછો આવેલો જ્વલિત , આ દશ્ય જોતાં અધખુલ્લા બારણામાં પૂતળાની માફક જડાઈ ગયો.

બીજી જ પળે, જ્વલિતના પેન્ટના ખિસ્સામાં વાઈબ્રેટ મોડ પર મુકાયેલ મોબાઈલ ધ્રૂજયો. એ

ઝબકયો અને સભાન થયો. એણે પોતાની જાત પર ઝડપથી કાબુ મેળવ્યો. કુશલનો કોલ કટ કર્યો અને મોબાઈલનો કેમેરા ઑન કર્યો.

વિહ્વળ બની ગયેલો સુધાંશુ ઈશાનીમાં ખોવાતો જઈ રહેલો . ઈશાની પણ જાણે – અજાણે સુધાંશુનાં શરીરમાં ઉમટેલા સૈલાબમાં તણાઈ રહી . ઈશાનીના ભરપૂર સહયોગથી સુધાંશુ માટે તો એ રૂમમાં સાક્ષાત સ્વર્ગ ઉતરી આવેલું જાણે !

સુધાંશુ અને ઈશાનીની એ પહેલી વારની અંગત ક્ષણો એમની જાણ બહાર જ્વલિતના મોબાઈલમાં ક્લિપિંગ્ઝરૂપે કેદ થઈ ગયેલી. જ્વલિતના મોબાઈલની એ ક્લિપિંગ્ઝે કુશલની રાતોની નીંદ હરામ કરી હતી. ક્લિપિંગ્ઝમાં કંડારાયેલ ઈશાનીનાં સાક્ષાત રતિ સ્વરૂપનાં દર્શને કુશલ ભાન ભૂલ્યો હતો. કુશલને આ ક્લિપિંગ્ઝ દેખાડતી વખતે જ્વલિતને આ બાબતનો જરાય ખ્યાલ આવ્યો ન હતો - પણ આજે હોટેલ સેન્ટોરમાં જ્યારે તમાશો થયો અને ખ્યાલ આવ્યો તો એ ખુશીથી ઊછળી પડ્યો.

કેમ ન ઉછળી પડે એ ? આખરે એ એનાં ટારગેટની ઘણી નજીક આવી પહોંચ્યો હતો .

#########

સુધાંશુ પરેશાન હતો. કુશલનું વર્તન અને વલણ એ નહોતો સમજી શક્યો. કુશલે પરીક્ષાના ઓઠા હેઠળ મિત્રોને મળવાનું બંધ કરેલું. એ સુધાંશુથીયે ઘણો અતડો રહેવા લાગેલો.

આ સમયનો લાભ લેવાનું ચુકે તો એ જ્વલિત શાનો? એ આજકાલ સુધાંશુના અંગત રહસ્યો જાણવા એની પડખે ચડ્યો હતો. જ્યારે એ હકીકતથી સુધાંશુ અંદરથી ઘણો દુભાઈ રહેલો કે આજકાલ એને કુશલના સમાચાર જ્વલિત દ્વારા જ જાણવા મળતા હતા .

કુશલ પ્રત્યેની ચિંતાથી પ્રેરાઈને એણે એક વાર જ્વલિતને પૂછ્યુંય ખરું, 'યાર, સાચું કહેજે. કુશલનો પગ કોઈ કુંડાળામાં તો નથી પડયોને? આઈ મીન કોઈ છોકરીનું ચક્કર નથી ને!!'

જવાબમાં જવલિતે ખડખડાટ હાસ્ય વેરી સુધાંશુની શંકાને ઊગતી ડામી દીધેલી. એ ઝીણી નજરે સુધાંશુને જોઈ રહ્યો. પછી મનોમન ફુત્કાર્યો , ' સાલ્લા સુધાંશુ , તારાં જીગરી યાર કુશલનો પગ તો ઈશાની જેવા નાના કુંડાળામાં પડ્યો છે. પણ તારો પગ તેં કેટલા મોટા કુંડાળામાં મુક્યો છે - એ એકવાર હું પૂરેપૂરું જાણી લઉં એટલી વાર છે. પછી જો તારી વલે કરું છું. ધોળે દિવસે તને તારા ન ગણતો કરી દઉં તો હું જ્વલિત નહીં ! '

ખરેખર મિત્રના સ્વાંગમાં છુપાયેલ દુશ્મનથી વધુ ખતરનાક પ્રાણી ભાગ્યે જ આ દુનિયામાં હશે. સુધાંશુના ગ્રહો ખરેખર બગડ્યા હતા. એક તો દાનવ રાહુનાં ભાઈ જેવો જ્વલિત એનાં પગલે પગલાં દાબી રહેલો. કૃષ્ણ જેવો પરમ મિત્ર કુશલ રિસાઈને બેઠો હતો. હજી એ તે હકીકતથી વાકેફ

હતો જ નહીં કે અધૂરામાં પુરું કરી રહી હોય એમ એની બહેન ઝરણા દુશ્મન જ્વલિતની મદદમાં હતી. હવે તો એને ફક્ત એનું નસીબ ઉગારે તો જ એ ઊગરી શકે એમ હતો.

ક્રમશ :

પ્રકરણ - ૬

કોલેજની ફાઈનલ એક્ઝામનો છેલ્લો દિવસ! ફાઈનલ યરના દરેક કોલેજિયનના ચહેરા પર એક્ઝામ્સમાંથી કાયમી મુક્તિના આનંદ સાથે મિત્રોથી છુટા પડવાની ઘડી આવી ગઈ છે - એ હકીકતની કસક પણ ઝળકી રહેલી.

કાલથી બધાના રસ્તા ફંટાઈ જવાના હતા. એમાંના ઘણા ખરા આજનો કોલેજનો છેલ્લો દિવસ અલગ અલગ રીતે માણી લેવાની યોજના ઘડી રહેલાં. અમુક કોલેજીયન્સ હજી કોલેજલાઈફના કેફમાંથી બહાર નીકળવા નહોતાં ઈચ્છતા . એ લોકો માટે પણ એક માર્ગ હતો . જે હતો આ જ કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરવું . એની ચર્ચાઓ પણ ચાલી રહેલી .

પરંતુ એ બધાથી ઈશાનીની સ્થિતિ કંઈક અલગ હતી. એ કોલેજની કેન્ટીનમાં બેઠી હતી. ચિંતાતુર નયને ક્યારનીય સુધાંશુની પ્રતીક્ષા કરી ર હેલી.

આજથી બરાબર ત્રીજા દિવસે એના દીપેન સાથે વિવાહ થવાના હતા. ઈશાનીની ઈચ્છા સુધાંશુ સાથે તાત્કાલિક કોર્ટમેરેજ કરી લેવાની હતી. પરંતુ સુધાંશુ શું ઈચ્છતો હતો? એ અત્યારે ક્યાં છે? એવા પ્રશ્નો ઈશાનીને પરેશાન કરી રહેલા.

હાલ સુધાંશુની જિંદગીનો કસોટીકાળ ચાલી રહેલો. એની પર એનાં પપ્પાનાં બાય પાસ કરાવવાના ખર્ચની સાથે કાયમ માટેનાં ઘરના માસિક ખર્ચની, મા - બાપની, ઝરણાંની સાથે ઈશાનીની જવાબદારી ઉમેરાવાની હતી.

ચોક્કસપણે એ ઈશાનીને ચાહતો હતો. એને સ્વીકારવા ઈચ્છતો હતો. પરંતુ, એ પહેલાં એણે એક કપરું કાર્ય કરવાનું હતું. એ કામ એવું હતું કે જેમાં એ કોઈનો સાથ - સહકાર લઈ શકે એમ ન હતો. એ કામની દોડધામમાં એ એટલો વ્યસ્ત થઈ ગયેલો કે એને ખાવાપીવાનીય સુધ નહોતી રહેતી.

છતાંય આજે મોડો મોડોય એ ઈશાનીનો બોલાવ્યો એને મળવા કેન્ટીનમાં આવેલો. એ જેટલો ઉતાવળમાં હતો એટલો જ ટેન્શનમાં હતો. એની રાહ જોઈ રહેલી ઈશાની પણ એવા જ મુડમાં હતી . એ ખૂબ અકળાઈ ઊઠેલી.

સુધાંશુના આવતાંની સાથે જ એણે એનો ઊધડો લીધો, ‘સુધાંશુ, શું તું મને ખરેખર ચાહે છે?’

સુધાંશુનાં ભવાં ખેંચાઈ ગયાં, ' તને એ બાબતે કોઈ શક છે ? કેમ તું આવો વાહિયાત પ્રશ્ન કરે છે?'

ઈશાની છંછેડાઈ ઊઠી, 'પ્રશ્નો ન કરૂં તો શું કરૂં સુધાંશુ? બે દિવસ પછી મારા વિવાહ છે. એ બાબતની તને કોઈ ચિંતા છે ખરી? આપણી પાસે અત્યારે આ સંજોગોમાં માત્ર એક રસ્તો છે . ભાગીને મેરેજ કરવાનો ! બોલ તું તૈયાર છે ? '

'જો ઈશાની, આ બાબતે હમણાં હું તને કશું કરી કે કહી શકવાની સ્થિતિમાં નથી. તારે વિવાહ, એટલે કે એંગેજમેન્ટ કરવા જ પડે એમ હોય તો તું કરી લે. જો પંદર દિવસ પછી હું તને મળીશ તો આપણે કોર્ટમેરેજ કરી લઈશું. પણ જો હું ન મળી શક્યો તો તું દીપેન સાથે મેરેજ કરી લેવા મુક્ત છે.'

'સુધાંશુ..!!' ઈશાનીના મોંમાંથી દબાયેલી ચીસ સરી પડી.

પણ સુધાંશુ ત્યાં ક્ષણભર થંભ્યો નહીં. એ સડસડાટ ત્યાંથી નીકળી ગયો. એ મજબૂર હતો . અત્યારે એ કોઈપણ વાતનો ખુલાસો કરી શકે તેમ ન હતો.

બેબસ ઈશાની એની આંસુભરી ધૂંધળી દ્રષ્ટિથી એ જ્યાં સુધી દેખાતો રહ્યો ત્યાં સુધી જોતી રહી.

કેન્ટીનના બીજા છેડે બેઠેલા કુશલને ભાંગી પડેલી, રોઈ રહેલી ઈશાની પાસે દોડી જવાનું મન થયું. એ ઈશાની પાસે જવા ઊભો થવા ગયો કે તરત જ્વલિતે એનાં ખભે હાથ દાબી દઈ એને બેસાડી દીધો. અત્યારે કુશલની કોઈ પણ મદદ ઈશાનીની મદદ કરી શકે એમ ન હતી એ જ્વલિત સારી રીતે જાણતો હતો .

#########

દીપેન સાથે ઈશાનીના વિવાહ થઈ ગયા હતા. એ પછી બીજા પંદર દિવસ વીતી ગયા. સુધાંશુનો હજી કોઈ પતો ન હતો. દિવસે દિવસે ઈશાનીની માનસિક હાલત વધુને વધુ બગડતી જતી હતી.

ઈશાની કરતાંય બદતર હાલત કુશલની હતી. એની ઈશાનીને પામવાની લાલસા દિન - પ્રતિદિન બળવત્તર બનતી જઈ રહેલી. જ્વલિત પાસે ઈશાની - દીપેનનો છેડાછુટકો કરી નાખવાનો સરળ અને ટૂંકો રસ્તો હતો. કુશલને એ માર્ગ સ્વીકારવા માટે તે કહેતો હતો.કુશલને એ માર્ગ સ્વીકાર્ય ન હતો. એ માર્ગે સફળતા સો ટકા નક્કી હતી, પણ એ રસ્તો ઈશાનીની નરી બદનામીના કીચડમાંથી પસાર થતો હતો.

ઈશાનીની ખાસ સખી ઝંખના ઈશાનીની મદદમાં હતી. એને સુધાંશુ પર વિશ્વાસ હતો.

એ કહેતી, 'ઈશાની, હિંમત રાખ. સુધાંશુ જરૂર આવશે.'

હતાશ ઈશાનીની ડોક નકારમાં ધૂણી ઊઠતી . એ નિરાશ સૂરે બબડતી , 'મને તો કોઈ સંભાવના નથી લાગતી. આટલા દિવસોમાં એના કોઈ સમાચાર એના ઘરનાનેય નથી મળ્યા. સુધાંશુએ જે રીતે મારી સાથે છેલ્લે વાત કરી ત્યારે મને લાગતું હતું કે હું સુધાંશુ સાથે નહીં, પણ કોઈ અજાણી વ્યક્તિ સાથે વાત કરી રહી છું. મને ત્યારે જ સંદેહ થઈ ગયેલો કે સુધાંશુ હવે ક્યારેય પાછો નહીં આવે.'

ઝંખનાએ સુધાંશુને શોધવાના પ્રયાસોમાં કોઈ કસર નહોતી છોડી. ફેસબુક, ગુગલ, યાહુ અને બીજી ઢગલો વેબસાઈટસ પર તેણે સર્ચ કરેલું. ઈશાનીને તો કોઈ ઉત્સાહ નહોતો રહ્યો, આશા ન રહેલી. પણ ઝંખના એના હકારાત્મક વલણ અને પ્રયત્નો વડે ઈશાનીની આશાવેલ જીવંત રાખવાના પ્રયાસ કરી રહેલી.

ઈશાનીને લાગી રહેલું કે જેમ દીપેન સાથે વિવાહ થઈ ગયાં છે , એમ એક દિવસ એનાં લગ્ન પણ થઈ જશે એની ભાભી ઋતવાની જેમ જ ! પણ એ જાણતી ન હતી કે જ્વલિત એની જીંદગીમાં બે ધારી તલવાર જેવો પુરવાર થવાનો હતો . ન એ ઈશાનીને સુધાંશુને પામવા દેવાનો હતો કે ન ઈશાનીનાં ઘરનાની ઈચ્છા પ્રમાણે એની સાથે દીપેનને પરણવા દેવાનો હતો .

#########

અંતે જ્વલિતે એનું ધાર્યુ કર્યુ હતું . કુશલની સમજાવતની ઉપરવટ જઈ એણે ઈશાની-સુધાંશુની અંતરંગ પળોની ક્લિપિંગ્ઝ લીક કરી હતી.

કોલેજનું નવું સત્ર ચાલુ થઈ ગયેલું . માત્ર સુધાંશુ જો આવી જાય તો મળી શકે એ માટે ઈશાનીએ પોસ્ટ ગ્રેજ્યુએશન જોઈન કરેલું , ઘરનાને અટ્ટમસટ્ટમ સમજાવી દઈને .

કોલેજમાં ઈશાની અને સુધાંશુની ક્લિપિંગ્ઝ સંખ્યાબંધ કોલેજિયન્સના મોબાઈલ પર ફરતી થઈ. સુધાંશુ તો હાજર હતો નહીં. બદનામીનો બધોય કીચડ ઈશાની પર ઠલવાઈ રહ્યો. ઈશાની દિગ્મૂઢ હતી. ઝંખનાએ એને એના મોબાઈલ પર આવેલી એ અંગત ક્ષણોની ક્લિપિંગ્ઝ દેખાડી ત્યારે એ ધ્રુજી ઉઠી. ડર અને સંકોચના માર્યા એની આંખો બંધ થઈ ગઈ.

સુધાંશુ સાથે વિતાવેલી જે અંગત ક્ષણોને એ એની જિંદગીની અમૂલ્ય ક્ષણો માનતી હતી, એ ક્ષણોના જાહેર પ્રદર્શને આજે એની જિંદગીનું સરેઆમ અવમૂલ્યન કરી નાખેલું. ભાઈ મધુકર, એના ડેડી અને દીપેન પાસે આ ક્લિપિંગ્સ પહોંચશે ત્યારે શું થશે? ઈશાનીથી એમનો સામનો શી રીતે થશે ? એ વિચારે ઈશાનીને ચક્કર આવી ગયા.

ખરેખર જ્વલિતે હાહાકાર સર્જ્યો હતો. એણે એક વાર પણ ઈશાનીનો વિચાર કરેલો નહીં. કુશલ જ્વલિતથી સખત નારાજ થયેલો. એ ધારત તો આ ક્લિપિંગકાંડના સૂત્રધાર તરીકે જ્વલિતનું નામ જાહેર કરી શક્યો હોત.

જ્વલિતે એની ઈચ્છા વિરુદ્ધ જઈ ક્લિપિંગ્ઝ લીક કરી હોવા છતાં એ જ્વલિત સામે કોઈ કાર્યવાહી કરવાની સ્થિતિમાં ન હતો. વરવી અને કડવી હકીકત એ હતી કે સુધાંશુ - ઈશાનીના પ્રકરણમાં કુશલ પણ સંપૂર્ણપણે ચોખ્ખો નહોતો રહી શકયો. એ ક્યાં અને કેટલો ખરડાયો છે એ પોતે ખુદ અને માત્ર જ્વલિત જાણતો હતો.

પોતાની એ જાણકારી પર જ્વલિત મુસ્તાક હતો. કુશલને તે ગાંઠયો ન હતો. એની ઈશાનીને બદનામ કરવાની જૂની ઈચ્છા એણે પૂરી કરેલી. આ ક્લિપિંગકાંડ લીક કરવાનો એનો બીજો આશય કુશલને ઈશાની મેળવી આપવાનો હતો, જે હજી સિદ્ધ કરવાનો બાકી હતો.

જ્વલિત હવે એકલો પડ્યો.સુધાંશુનો ઘણા સમયથી કોઈ પતો ન હતો. કુશલે એનાથી મોં ફેરવી લીધેલું. સહેજેય અપસેટ થયા વગર ધીટ જ્વલિત આરામપર્વક બધું વિસારે પાડીને એની આઈ. પી. એસ. ની એક્ઝામ્સની તૈયારીમાં ગળાડુબ ડૂબી ગયો.

એવામાં એક દિવસ એના પર ઝરણાનો કોલ આવ્યો. મોબાઈલ સ્ક્રિન પર ઝરણાનું નામ જોઈ એક વિચાર એને ધ્રુજાવી ગયો કે શું સુધાંશુ પાછો ફર્યો? એવું તો ન બને. એને તો એવો ઠેકાણે પાડ્યો છે કે ક્યારેય પાછો નહીં ફરી શકે.

'હેલો, જ્વલિત સ્પીકિંગ …' જ્વલિતે કૉલ ઉઠાવેલો .

' હિયર ઝરણા . મારે તને તાત્કાલિક મળવું છે જ્વલિત .' ઝરણા જ્વલિતને મળવા માગતી હતી.

વિષમ સંજોગોની થપાટોએ ઝરણાની જ્વલિત પાછળની મુગ્ધતા સૂકવી નાખી હતી, છતાંય આજેય એ જ્વલિતમાં એના તારણહારનાં દર્શન કરતી હતી એ નિર્વિવાદ હતું.

#########

જુહુના દરિયાકિનારે ઘણા સમય બાદ જ્વલિત અને ઝરણા મળ્યા. એ બંનેય ભીડભાડ અને ચોપાટીથી થોડે દૂર જઈને બેઠાં.જુહુનો ઊછળતો દરિયો નિહાળતાં ઝરણાને ગોવાનો દરિયો યાદ આવી ગયો. જ્વલિતે એને ડૂબતી બચાવેલી એ યાદ આવ્યું. જ્વલિત એના ચહેરા પર ચડઊતર થતા ભાવોને જોઈ રહ્યો હતો. બંને વચ્ચે છવાયેલ મૌન તોડવાની પહેલ જ્વલિતે કરી.

'બોલ ઝરણા મને કેમ બોલાવ્યો? શું કોઈ પ્રોબ્લેમ છે?'

વિવશ ઝરણા કંઈ બોલી ન શકી. શું બોલે? સુધાંશુના અચાનક ગુમ થઈ ગયા બાદ એની જિંદગીમાં પ્રોબ્લેમ્સ સિવાય બીજું શું રહ્યું હતું.

ફરી જવલિતે પૂછયું, ‘બોલને, હું તારી શું મદદ કરી શકું?'

'હું શું કહું તને જ્વલિત? સુધાંશુના ગયા બાદ અમારી પનોતી બેઠી છે. પપ્પાનું બાય પાસનું ઓપરેશન કરાવ્યાં પછી સુધાંશુ ગયો એ ગયો . બોરીવલીના ફ્લેટનું ભાડું ન ભરાઈ શકવાને લીધે અમારે એ ફ્લેટ ખાલી કરવો પડ્યો છે. જતાં પહેલાં સુધાંશુ આપી ગયેલો એ રૂપિયાથી માંડ ત્રણ મહિનાનો ખર્ચ નીકળ્યો.’

‘ઑહ , ખરેખર દુઃખદ છે તારી વાત . ‘જ્વલિતે સહાનુભૂતિ દર્શાવતા કહ્યું .

‘ યુ નો કે પપ્પા રિટાયર્ડ અને હાર્ટ પેશન્ટ છે. મમ્મી હાઉસવાઈફ છે. અમારી આર્થિક હાલત અત્યારે એટલી પાતળી છે કે વસઈના એક રૂમના ફ્લેટનું રૂપિયા ચાર હજારનું ભાડું ભરવાનાય મારી પાસે પૈસા નથી. લાગે છે કે આમ ને આમ ઘરની નાની - મોટી ચીજવસ્તુઓ વેચતા-વેચતાં અમે બહુ થોડા સમયમાં રસ્તા પર આવી જઈશું.’ આટલું કહેતા ઝરણાની આંખો છલકાઈ ગઈ.

‘તો તારે પૈસા જોઈએ છે?’ જવલિતે માયાળુ બનતાં પૂછયું. પાંચ - સાત હજાર જેટલી રકમ એના વોલેટમાં હમેંશા રહેતી. એણે વોલેટમાં હતા એટલા બધા રૂપિયા ઝરણા સામે ધરી દીધા.

ઝરણા તેના પિતા અને ભાઈની ખૂબ લાડકી હતી. એમણે અત્યાર સુધી ઝરણાને ક્યારેય કશાની ખોટ સાલવા દીધી ન હતી. કોઈ પાસે પૈસા માટે હાથ લાંબો કરવો પડે - એવી સ્થિતિ જીવનમાં આવી શકે છે એવી કલ્પના અત્યાર સુધી ઝરણાને ક્યારેય આવી ન હતી.

એણે રૂપિયા ધરેલો જ્વલિતનો હાથ પાછો ઠેલ્યો. એના ઘુંટણો વચ્ચે માથું નાખી એ ધ્રુસકે-ધ્રુસકે રોઈ પડી.

જ્વલિત વિચારી રહ્યો કે સમય પણ કેવા-કેવા ખેલ કરતો હોય છે. એક સમયે કોલેજમાં માથાફરેલ ગણાતા સુધાંશુની બેન હોવાના તમામ ફાયદા ઉઠાવતી ઉલ્લાસિત ઝરણાની આજની ઉદાસીભરી હાલત એના એ જ ભાઈ સુધાંશુને લીધે થઈ છે.

અચાનક એનો અંતરાત્મા સળવળ્યો.... સુધાંશુને લીધે કે તારે લીધે..?

અંતરાત્માનાં અવાજને દબાવી દેતા એણે ઝરણાને પૂછયું, ‘તો તું મારી પાસેથી શું ઈચ્છે છે?’

'નોકરી..’ ઝરણાએ ભીની નાંખે એક શબ્દમાં જવાબ વાળ્યો.

જ્વલિત તત્ક્ષણ કંઈ બોલી ન શક્યો. એ ઝરણાને કહેવા ઈચ્છી રહ્યો, 'ઝરણા, એમ કંઈ નોકરી રસ્તામાં નથી પડી હોતી. તું હજી કોલેજનાં બીજા વરસમાં ભણે છે. તારી ઉંમર હજી હવે અઢાર વરસની થશે. તને કોઈ કામનો અનુભવ નથી. તને નોકરી આપે તો કોણ આપે અને કેવી આપે?'

પણ ક્ષણમાં એ વિચાર અલોપ થઈ ગયો. એના મનમાં એક નામ ઝબક્યું. એ ચપટી વગાડતાં બોલ્યો, 'ઓકે ઝરણા! તારે નોકરી કરવી છે ને? આવતી કાલે તારી નોકરી પાકી થઈ જશે. એટલું જ નહીં, તારો ઘરખર્ચ આરામથી નીકળી રહે એટલો પગાર પણ મળશે. ખુશ હવે?'

ઝરણાનો રડતો ચહેરો હસી ઊઠયો. એ જે અપેક્ષા સાથે જ્વલિતને મળવા આવેલી, એ અપેક્ષા પૂરી કરવાની જ્વલિતે ખાતરી આપી હતી. એની દ્રષ્ટિમાં જ્વલિત બીજીવાર એનો તારણહાર પૂરવાર થયો હતો .

કેવી કેવી વિચિત્ર તાસીરવાળા માણસોથી આ દુનિયા ભરેલી છે . એકવાર તમારું કર્યું કારવ્યુ બધું જ ધૂળધાણી કરી નાંખે અને પછી એ જ લોકો તમારી સામે એમાંથી તમને ઊભા કરવા તમારો હાથ લંબાવે . જ્વલિત એવી તાસીરવાળો તો જ હતો પણ જે ઝરણા સમજી શકી ન હતી .

#########

જુહુનાં યારી રોડના એ બંગલાની બહાર ઝંખના અને જ્વલિત ભેગા થઈ ગયા. એ ઘર ઈશાનીનું હતું. જ્વલિતની આઈ.પી.એસ.ની પરીક્ષા પૂરી થઈ ગયેલી. એ વિચારી રહેલો કે ક્લિપિંગ્ઝકાંડની અસરમાંથી ઈશાની ઘણી ખરી બહાર આવી ગઈ હશે.

એનાથી નારાજ થઈને બેઠેલા કુશલને મનાવવાનો એકમાત્ર ઉપાય એ હતો કે ઈશાની સાથે એનો યેનકેન પ્રકારેણ મેળાપ કરી દેવો. એ માટે એ ઈશાનીને મળવા આવેલો.

આમ તો અંદરખાનેથી એનામાં ઈશાનીના ઘરમાં પ્રવેશવા માટેની હિંમત ઓછી પડી રહેલી. ઈશાનીના ઘરના એને ઈશાની સાથે મળવા દેશે કે કેમ એ વિશે તે સાશંક હતો.

ગેટની બહાર ઊભો ઊભો એ અંદર જવાનો વિચાર કરી રહેલો કે તેણે અંદરથી ગેટ ખોલીને બહાર નીકળતી ઝંખનાને જોઈ. એ ઝંખનાને જોઈ ખુશ થઈ ગયો કે ઈશાનીના છેલ્લા સમાચાર એની પાસેથી મળી જશે. એણે ઉત્સુકતાથી પેલીને પ્રશ્ન કરેલો , 'હાઉ ઈઝ ઈશાની?'

'એની ભાભી ઋતવાએ જણાવ્યું કે તે અહીં નથી. છેલ્લા ત્રણ મહિનાથી એનો કોઈ પતો નથી. ક્લિપિંગ્ઝકાંડના બીજા દિવસે જ એ ક્યાંક ચાલી ગઈ છે.' ઝંખનાના સ્વરમાં નિરાશા ટપકી રહેલી.

પછી એ આગળ બોલી, 'હું તો ઈશાની પાસે સુધાંશુનાં ન્યુઝ લઈને આવી હતી. જો એ મળી હોત

તો કેટલું સારું થાત ! ‘

ઈશાની ક્યાંક ચાલી ગઈ છે એ આંચકો જ્વલિત હજી પચાવી નહોતો શક્યો અને ઝંખનાએ એને બીજો જોરદાર ઝટકો આપી દીધો. એનું મોઢું આશ્ચર્યથી ખુલી ગયું. સુધાંશુ? સુધાંશુના શું સમાચાર હશે? એને પસીનો વળવા લાગ્યો.

ક્રમશ :

• પ્રકરણ - ૭

જ્વલિતના ફ્લેટની ડોરબેલ રણકી ઊઠી. સાંજનો સાડાસાતનો સમય હતો. શનિવાર હતો એટલે જ્વલિતના ડેડી પણ ઘરે હતા.

જ્વલિતે દરવાજો ખોલ્યો અને આવનારને જોઈ ચમકી પડ્યો, ‘અરે, ઝરણા તું અત્યારે અહીં ? બધુ બરાબર છે ને ? ‘

ઝરણાનો ચહેરો તાજગીભર્યો દેખાતો હતો. એની આંખો હસતી હતી. પોતાનાં અવાજમાં મીઠી ફરિયાદભર્યો સૂર ઉમેરતાં તે પૂછી રહી, ‘હા ,જ્વલિત બધું ઓકે છે . શું હું અંદર આવી શકું છું? '

'હા..હા.. કેમ નહીં?' જ્વલિતે એને અંદર પ્રવેશવા જગ્યા કરી આપવી પડી.જ્વલિતનાં ડેડી - મમ્મી ડ્રોઈંગરૂમમાં બેઠેલાં. બંનેએ ઝરણાને સ્મિતથી આવકારી.

ઝરણા થોડા સંકોચ સાથે સોફા પર બેઠી.જ્વલિતે ઝરણાની ઓળખાણ મમ્મી - ડેડી સાથે કોલેજ મિત્ર તરીકે કરાવેલી. આજ પહેલાં જ્વલિતને મળવા કોઈ યુવતી ઘરે આવી ન હતી. જ્વલિતનાં મમ્મી - ડેડીની પરસ્પર સાંકેતિક દૃષ્ટિ મળી. એ બંનેય મલકી ગયાં. એમને ઝરણા ગમી હતી.

ઝરણાએ એનાં પર્સમાંથી મોહન મીઠાઈવાળાનું બોક્સ કાઢી ખોલીને ટિપોઈ પર મૂક્યું. જ્વલિત એને આશ્ચર્યથી જોઈ રહ્યો. જોકે ઝરણાના શબ્દોથી એનું આશ્ચર્ય તરત શમી ગયું. જ્વલિતનાં મમ્મી - ડેડીની હાજરીને લીધે ઝરણાને જ્વલિત સાથે સીધી વાત કરતાં સંકોચ થઈ રહેલો.

જ્વલિતનાં મમ્મી - ડેડીને સંબોધતાં એણે કહ્યું, ‘અંકલ - આન્ટી, આજે મારી પહેલી નોકરીનો મને પહેલો પગાર મળ્યો છે. આ નોકરી મને જ્વલિતનાં પ્રયત્નોથી મળી છે. મારી આ ખુશીનો એ પ્રથમ ભાગીદાર હોઈ હું આપ સર્વેને પર્સનલી મીઠાઈ આપવા આવી છું.‘

જ્વલિતનાં મમ્મી - ડેડી ઝરણાની વાતથી નવાઈ પામ્યા. તેઓએ પ્રશ્નાર્થ નજરે જ્વલિત સામે જોયું. જ્વલિત માત્ર મલકીને રહી ગયો. એમણે ઝરણાને નોકરી મેળવવા બદલ અભિનંદન આપ્યાં. ઝરણા ચા - નાસ્તો કરી વિદાય થઈ. જ્વલિત, ઝરણાને વિદાય આપી એની રૂમ તરફ ચાલ્યો.

‘જ્વલિત...’ એનાં ડેડીએ એને બોલાવ્યો. એ પાછો ફર્યો.

'બેસ...’ જ્વલિતના ડેડીને ઝરણા વિષે બધું વિગતવાર જાણવું હતું. ખાસ તો એ જાણવું હતું કે એવાં તો ક્યા કોન્ટેક્ટ્સ જ્વલિતનાં હતા કે એ ઝરણાને નોકરી અપાવી શક્યો .

'અત્યારે આવી હતી એ છોકરી કોણ છે? એને તે ક્યાં નોકરી અપાવી? શા માટે? આ બધું શું ચક્કર છે?' ફૂટતી પાણીની જેમ ધડાધડ જ્વલિત તરફ પ્રશ્નો ફેંકાયા.

જ્વલિત એનાં ડેડીનાં પ્રશ્નોનાં જવાબ આપવા તૈયાર થઈ રહ્યો. એણે પહેલા પ્રશ્નનો જવાબ આપ્યો, 'એ સુધાંશુની બહેન ઝરણા છે.'

'સુધાંશુની બેન?' જ્વલિતના ડેડીનો અવાજ તરડાઈ ગયો.પછી એમાં ઉશ્કેરાટ ભળ્યો, 'એને તે ક્યાં નોકરી અપાવી?'

'શુભાંગી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં' જ્વલિતે નીચું જોઈને જવાબ આપ્યો.

'વ્હોટ? શું બકે છે તું? તારામાં કંઈ અક્કલ છે ખરી? આગ સાથે રમવાનો શોખ ક્યારથી જાગ્યો છે?' જ્વલિતના ડેડીનો ગુસ્સો બોઈલરની માફક ફાટયો.

'ડેડી, જસ્ટ રિલેક્સ એન્ડ ડોન્ટ વરી. સિચ્યુએશન મારા કંટ્રોલમાં છે. મેં જે કર્યુ છે એ સમજી વિચારીને કર્યુ છે.' જ્વલિત આત્મવિશ્વાસપૂર્વક બોલી રહ્યો.

જ્વલિતના ડેડીને પુત્રને એક થપ્પડ ઝીંકી દેવાની ઈચ્છા થઈ આવી. તે એમ ન કરી શક્યા. જ્વલિત હવે મારી શકાય એટલી ઉંમરનો નહોતો રહ્યો. ગઈ કાલે એ ટ્રેનિંગમાંથી પાછો ફર્યો હતો. આજકાલમાં એને પી.એસ.આઈ તરીકે નિમણૂંક કરતો પત્ર મળવાનો હતો. એમનાથી જ્વલિતની આ હરકત પર ફક્ત અફસોસ કર્યા સિવાય વધુ કંઈ કરી શકાય એમ ન હતું.

#########

કોલેજમાં અને સમાજમાં ઘણા મહિનાઓ સુધી ઈશાની અને સુધાંશુને સાંકળતી જાતજાતની અફવાઓ પ્રસરતી રહી હતી. એક એવી ચર્ચાએ વેગ પકડેલો કે સુધાંશુ અને ઈશાની સાથે ભાગી છુટ્યાં છે. કોઈ અજાણ જગ્યાએ તેઓ સજોડે રહી રહ્યાં છે.

મોટા ભાગના એમનાં પરિચિતો એમ માની રહેલાં કે હિંદી ફિલ્મની વાર્તાની જેમ ખાધું, પીધું અને રાજ કીધુંની માફક એમનો પ્રેમ લગ્નમાં પરિણમ્યો છે.

સમય વીતતો જતો હતો. ધીમે ધીમે લોકો ઈશાની અને સુધાંશુને ભૂલવા લાગેલા, ત્યાં ફરી અચાનક ઈશાની વિષે અવનવી વાતો વાતાવરણમાં ઘુમરાવા લાગી હતી . એનું કારણ હતું ઈશાનીનું ફરી મુંબઈમાં ઉપસ્થિત થવું .

એકાએક દોઢ વર્ષે ઈશાનીએ મુંબઈમાં દેખા દીધી હતી. એ મુંબઈના મોલ્સ અને ઝવેરાતની

શોપ્સમાં મોંઘીદાટ ખરીદી કરતી નજરે પડી હતી.

હવે નવી વાતો એવી વહેતી થયેલી કે સુધાંશુની મુફલિસી અને ઉગ્ર મિજાજથી કંટાળેલી ઈશાની સુધાંશુને છોડી મુંબઈ પાછી ફરી છે. કોઈ વળી કહેતું કે સુધાંશુ લગ્નની જવાબદારીથી કંટાળી ઈશાનીને છોડી ભાગી ગયો છે. જેટલાં મોં એટલી વાતો! કોઈ ઈશાનીને સહેલાઈથી ભૂલી શકે એમ ન હતું. ઈશાનીનો દબદબો, પ્રભાવ અને વ્યક્તિત્વ અનન્ય હતા.

ઈશાની મુંબઈ પાછી ફરી છે - એ સમાચાર જ્વલિત સુધી પહોંચી ચૂકયા હતા. ઈશાનીએ મુંબઈ આવી પહેલી પૂછપરછ સુધાંશુની કરાવેલી. પરિણામે ઝરણા દ્વારા ઈશાનીના આગમનની જાણ જ્વલિતને સૌથી પહેલાં થઈ ગયેલી.

########

પૂરા દોઢ વરસ બાદ જ્વલિતે કુશલને કોલ કરેલો. ઈશાની પાછી ફરી છે એ સમાચાર સાંભળ્યા બાદ પણ કુશલ તરફથી એને કોઈ ખાસ ભાવ મળેલો નહીં, પરંતુ જ્વલિતે બીજી જે માહીતી આપેલી એ સ્ફોટક હતી. એ જાણી કુશલ હચમચી ઉઠયો. એ જ્વલિતને રૂબરૂ મળવા તૈયાર થયો.

લાંબા સમયે મળી રહેલા એ બે મિત્રોમાં ઘણી પરિપકવતા આવી ચૂકેલી. કોઈ પણ ઔપચારિકતા વગર હજી ગઈ કાલે છૂટા પડીને, આજે મળ્યા હોય એટલી સાહજિકતાથી જ્વલિતે કહ્યું ‘વિશ્વાસ કર કુશલ.કે હું તને જે માહિતી આપવા જઈ રહ્યો છું એ સો ટકા સાચી છે. ઈશાની જેની જોડે પરણવાની છે, એ વ્યક્તિ ચોક્કસપણે ઘણો સમૃદ્ધ અને ધનાઢય છે. પણ એનો ભૂતકાળ ખરડાયેલો છે. '

' સીધી વાત કર જવલિત . ‘ કુશલે એને ઝાઝો ભાવ આપ્યાં વગર કહેલું .

‘ ઠીક છે . તો સાંભળ , એ માણસ સામે ડ્રગ્ઝની હેરાફેરીના મામલામાં વારંવાર શંકાની સોય તકાયેલી છે . પણ એ પુરાવાના અભાવે અને પૈસાના જોરે છૂટી ગયેલો. એ આદમી ખરેખર પૂરેપૂરો ખતરનાક છે. એવો માણસ ઈશાની માટે બિલકુલ લાયક નથી. ઈશાનીનાં લગ્ન એની સાથે થશે તો એની જિંદગી નરકથી પણ બદતર બની જશે.’જવલિતે ચોખ્ખું કહ્યું .

કુશલ ઝડપથી વિચારી રહ્યો. ઈશાનીનાં લગ્ન આડે ચાર દિવસ બાકી રહ્યા હતા.

‘આપણે હજી એક વાર સુધાંશુને શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ એવું મારું માનવું છે . ' કુશલે સુધાંશુનો પતો મેળવવા વધુ એક વાર પ્રયાસ કરવાનો જ્વલિત પાસે પ્રસ્તાવ મૂકયો.

જ્વલિતને એ સાંભળી ઝાંઝ ચઢી ગઈ. એ મનોમન બબડ્યો ‘આ કુશલિયાના વેદિયાવેડાનો પાર

નથી. સુધાંશુના આજની તારીખે કોઈ અતો-પતો કે ખબર નથી. ખુદ ઈશાની એના નામ પર ચોકડી મૂકી આજે બીજાને પરણવા તૈયાર થઈ ગઈ છે, ત્યારે સુધાંશુ પુરાણ ખોલવાની ક્યાં જરૂર છે?'

છતાં પોતાનાં મનોભાવો ગોપવી એ પ્રગટપણે બોલ્યો, 'ચોક્કસ! એક વાર વધુ હું એની ભાળ મેળવવાનો મારી રીતે પ્રયાસ કરું છું. બાય ધ વે, એ જો ન મળ્યો તો પછી આગળ શું કરવું એય તું વિચારી લેજે કુશલ.'

ઈશાનીને પરણનાર વ્યક્તિની માહિતી સત્ય છે એમ પુરવાર કરતા પુરાવા જ્વલિતે કુશલને પોલીસ રેકોર્ડમાં દેખાડ્યા હતા. આ કાર્ય જ્વલિત માટે હવે જરાય મુશ્કેલ નહોતું રહ્યું. એ હવે પી.એસ.આઈ. બની ગયેલો. એનાં સદનસીબે એની નિમણૂક મુંબઈમાં થયેલી.

#########

' પણ એનાં પછી શું?' એ પ્રશ્ન પૂછતી વખતે ઈશાનીની આંખો શૂન્ય હતી.

કુશલ હતપ્રભ થયો. એણે ઈશાનીના જીવનને સ્પર્શતી અને હચમચાવી મૂકતી વાત કહી હોવા છતાં ઈશાની તદન નિર્લેપ હતી.

'તું અને જ્વલિત બંને મારા તારણહાર બની લગ્નમંડપમાં મારા ભાવિ પતિનો અસલી ચહેરો એનાં કાળા કર્મોની કથા સાથે દેખાડી મારાં લગ્ન મોકુફ રખાવો. બરાબર છે. પણ પછી શું?'

ઈશાનીનાં એવા સણસણતા પ્રશ્ન સામે કુશલ અને જ્વલિત તરત કાંઈ જ ન બોલી શક્યા. ઈશાનીને હાલ તો ખોટી વ્યક્તિ સાથે ભેરવાઈ પડતી અટકાવવી- ત્યાં સુધી જ એમણે વિચારેલું. એટલે ઈશાનીના પ્રશ્ન - પણ પછી શું?- નો જવાબ એ બેમાંથી કોઈ ન આપી શક્યું.

'સુધાંશુ સાથેનાં ક્લિપિંગ્ઝકાંડની બદનામીની કાળી ટીલી તો મારા કપાળે જિંદગીભર માટે ચોંટી છે. એને કારણે દીપેન સાથે મારા વિવાહ ફોક થયા અને મારે આટલો સમય અજ્ઞાતવાસ વેઠવો પડ્યો. મારા લીધે મારા ઘરના પર આટલું વીતવા છતાં તેઓ કેટલીય મથામણ પછી મારા માટે એક કલકત્તાનો મૂરતિયો શોધી લાવ્યા છે.....'

ઈશાની જ્યારે આમ કહી રહેલી ત્યારે કુશલ કાતર નજરે જ્વલિતને વહોરી રહેલો . જાણે કહી રહેલો , ' જોયું કે તારી આ બદમાશીની ઝાળથી ઈશાની કયાં ક્યાં અને કેવી રીતે દાઝી છે ? '

'.........હું મારા ઘરના માટે વણજોઈતી જવાબદારી બની ચૂકી છું. તેઓ મને યેનકેન પ્રકારેણ ગમે ત્યાં પરણાવી દઈ એમનો ભાર હળવો કરવા માગે છે. એવામાં ફરી એક વાર લગ્ન મુલત્વી રહે તો એમની રહીસહી આબરૂનોય ધજાગરો થાય. આ સંજોગોમાં મારી પાસે એ વ્યક્તિ સાથે લગ્ન કર્યા સિવાય છૂટકો નથી. બોલો છે કોઈ છુટકો?' ઈશાની એકીશ્વાસે બોલી ગઈ.

ખરેખર વિકટ પ્રશ્ન હતો. જો કે એ જ રીતે ઘરનાઓના સખત પહેરા વચ્ચે પુરાયેલી ઈશાની સુધી આ વાત કેવી રીતે પહોંચાડવી એ પણ પહેલાં એક પ્રશ્ન હતો જ ને !

ઈશાનીને રૂબરૂ મળવાની તક અનાયાસે ઊભી થઈ હતી. ઈશાનીનો ભાવિ પતિ એને લગ્ન પછી યુરોપની હનીમુન ટૂર પર લઈ જવાનો હતો. એ સંદર્ભે ઈશાનીનાં પાસપોર્ટ- વિઝાની કાર્યવાહી શરૂ થઈ ત્યારે જ્વલિતને એને પોલીસ સ્ટેશને બોલાવવાનો મોકો અનાયાસે મળી ગયેલો.

જ્વલિત જાણતો હતો કે કુશલ આજેય ઈશાનીને ચાહે છે. એ મનોમન બબડી રહ્યો, 'આ વેદિયો હજી એના મોંમાંથી ફાટતો કેમ નથી કે હું તારી સાથે પરણવા તૈયાર છું. ઈશાનીને પોતાની કરવાનો અને ઓબ્લાઈઝ કરવાનો આનાથી વધુ સારો ચાન્સ ક્યારે મળવાનો?'

આખરે કુશલ બોલ્યો ખરો. એ બોલ્યો, 'ઈશાની, તું હજીય સુધાંશુને ચાહે છે ને?'

....લો, ગઈ ભેંસ પાણીમાં! સાલો ગધેડો છે ગધેડો....સુધાંશુને હવા ગળી ગઈ કે જમીન ખાઈ ગઈ એનીય ખબર નથી પડતી, તોય હજી કુશલ એનો છાલ કેમ નથી મૂકતો?.....જ્વલિત મનોમન ધૂંધવાઈ રહ્યો.

સુધાંશુના નામોલ્લેખે ઈશાનીના ચહેરાના ભાવો પલટાયા. એ ભાવો સમજવાનું ગજુ બેમાંથી એકેય મિત્રોમાં ન હતું.

ભાવાવેશમાં આવી ગયેલો કુશલ બોલ્યો, 'ઈશાની, તારી જેમ હું પણ સુધાંશુને ખૂબ ઝંખી રહ્યો છું. હું જાણું છું કે જેમ તું એની યાદમાં ઝુરી રહી છે એમ એ પણ તારી યાદમાં જ્યાં હશે ત્યાં ઝુરતો હશે. ભલે હજી સુધી સુધાંશુનો પતો નથી મળ્યો. પણ શું આપણે બંનેય સાથે મળી એની રાહ ન જોઈ શકીએ? તારી એ અનુકૂળતા માટે હું તારી સાથે લગ્ન સુધ્ધાં કરવા તૈયાર છું. શું તું મારી સાથે પરણીશ?'

'ના' ઈશાનીના સ્પષ્ટ એકાક્ષરી નકારથી કુશલ જાણે આકાશમાંથી નીચે પટકાયો.

જવલિતે નિરાશા અનુભવી. એણે એના કપાળે હથેળીની મુઠ્ઠી વાળી બે વાર ઠોકી. એની ઈશાની અને કુશલને ભેગા કર્યાની બધી મહેનત માથે પડી હતી.

પણ ઈશાનીની વાત પૂરી થઈ ન હતી. ક્ષણભરના વિરામ બાદ એનું વક્તવ્ય આગળ ચાલેલ. એના હોઠેથી સર સર સરતા શબ્દોને જ્વલિત અને કુશલ જાણે સાંભળતા હોવા છતાં ન સાંભળી રહ્યા હોય એમ બેય મૂર્ખની જેમ ઈશાનીના ચહેરાને તાકી રહેલા.

ઈશાનીની વાતનો જ્યારે પૂરો મર્મ સમજાયો ત્યારે થોડી વાર પહેલાં આકાશમાંથી નીચે પટકાયો હોય એની અનુભૂતિ અનુભવનાર કુશલ અત્યારે અવકાશયાત્રીની માફક આકાશમાં તરી રહ્યો હોય

એવી લાગણી અનુભવી રહેલો .

ક્રમશઃ

પ્રકરણ - ૮

કોઈ કુશલનાં કુશળ સમાચાર પૂછે તો તેના ચહેરા પરથી એના હાલ જાણી શકે એમ હતું. ગમતી વ્યક્તિને પામવાનો અહેસાસ કેટલો સુખદ હોય છે એ તો કુશલને પૂછો તો જ ખબર!

એ ઈશાનીને પામી શક્યો હતો, એય સંપૂર્ણપણે. લગ્નજીવનની પ્રસન્નતાને બેવડાવતા હનીમૂન પર એ બંને મનાલી આવી પહોંચેલા. હોટેલમાં એમણે સાંજે ચેક ઈન કરેલું.

વહેલી સવારે કુશલનો હાથ ઈશાનીને શોધતો બાજુના બેડ પર ફરી રહ્યો. ઈશાની ત્યાં ન હતી. આટલી વહેલી સવારે ઈશાની ક્યાં ગઇ હશે એમ વિચારતો એ બેઠો થઇ ગયો.

'એક્સક્યુઝ મી, અહીંની બીજી સારી હોટેલ કઇ છે?' ઈશાની રિસેપ્શન કાઉન્ટર પરની રિસેપ્શનિસ્ટને પૂછતી હતી.

'મેમ, કોઈ પ્રોબ્લેમ? રૂમમાં કે રૂમસર્વિસમાં ? ' રિસેપ્શનિસ્ટ એટેન્શનમાં આવી ગઇ.

'યાહ , ગઈ કાલે અમે સાંજે ચેક ઈન કરતી વખતે ચોખ્ખું કહેલું કે અમને માઉન્ટવ્યુ ફેસિંગ રૂમ જોઈએ છે.' ઈશાની બોલી.

'એક્સક્યુઝ મી મેમ, અમારી હોટેલ મનાલીની બેસ્ટમાં બેસ્ટ હોટેલ ગણાય છે. અમારાં રૂમ્સ એક્સટ્રા ઓર્ડિનરી અને રૂમ સર્વિસ ખૂબ સરસ છે . બટ અમે ખૂબ દિલગીર છીએ કે હમણાં અમારી પાસે એવો રૂમ...'

'જસ્ટ અ મિનિટ....' કહેતાં એક પુરુષ આગળ આવ્યો. એણે રિસેપ્શનિસ્ટને સંબોધતા કહ્યું, 'ડુ વન થિંગ. મેડમને આપણો થર્ડ ફ્લોરવાળો રાઈટ સાઈડનો સ્પેશિયલ ડબલ સ્યૂટ આપી દો'

'યસ સર...' કહેતાં રિસેપ્શનિસ્ટ આશ્ચર્ય પામી ગઈ. એ રૂમ એમના ડાયરેક્ટરનો હતો.અને એ રૂમ આપવાનો હુકમ અત્યારે ખુદ ડાયરેક્ટર કરી રહ્યો હતો. રિસેપ્શનિસ્ટે વિના વિલંબે એ સ્યૂટની ચાવી ઈશાનીને આપી.

'થેન્કયુ વેરી મચ' ખુશખુશાલ ઈશાનીએ આભાર માન્યો. એ પાછળ ફરી. સામે કુશલ ઊભેલો. ઈશાનીએ એની સામે સાંકેતિક રીતે પોતાની વિજયી આંખો નચાવી, પછી એ રૂમ તરફ આગળ વધી ગઇ.

'આયમ સોરી. શી ઈઝ માય વાઈફ.' કુશલે પેલા પુરુષને સસંકોચ કહ્યું.

'ઈટ્સ ઓલ રાઈટ, યંગમેન! બાય ધ વે, હું એમ માનું છું કે ખૂબસૂરત લોકોને ખૂબસૂરત ચીજો પામવાનો પૂરેપૂરો હક હોય છે.' આડકતરી રીતે કરાયેલી ઈશાનીની પ્રશંસા સાંભળી કુશલ ખેલદિલીપૂર્વક હસી પડ્યો. પેલો આધેડ પુરુષ પણ હસી પડ્યો અને કુશલ સાથે હસ્તધૂનન કરી આગળ વધી ગયો.

કુશલ રૂમ પર આવ્યો. ઈશાની ટોવેલ લઈ બાથરૂમ તરફ સ્નાન માટે જઈ રહી હતી. એણે પાછળથી લપકીને ઈશાનીને પકડી લઈ કહ્યું, 'કમાલ છે તું! હોટલવાળા તને ખુશી ખુશી ડીલક્સ રૂમના રેટમાં સ્પેશિયલ ડબલ સ્યૂટ આપવા તૈયાર થઈ ગયા. કહેવું પડે બાકી! '

'એમાં શી કમાલ છે? હું એ બાબતે બહુ સ્પષ્ટ હતી કે મને જોઈએ એવો રૂમ એમની પાસે ન હોય તો હોટેલ બદલી નાખવી. આપણને જવા દેવા કે આપણી જરૂરિયાત પ્રમાણે રૂમ આપવો એ એમણે નક્કી કરવાનું હતું. એમને ઠીક લાગ્યું એ પ્રમાણે એમણે નિર્ણય લીધો. એમ આઈ રાઈટ ? ' ઈશાનીએ સરળતાથી એનો વ્યુ સ્પષ્ટ કરેલો .

કુશલ વિચારી રહ્યો કે ઈશાની સાચું કહે છે. સામાન્યપણે ઈશાની એના વર્તન અને વ્યવહારમાં ઘણી સ્પષ્ટ હોય છે. એ દિવસે એણે લગ્નન વિશેના પોતાના વિચારો પણ ખુલીને જણાવી દીધેલા જ ને !

#########

કુશલે જયારે ઈશાની,સુધાંશુ માટે રાહ જોઈ શકે એવા સવલતવાળા લગ્નની પ્રપોઝલ મુકી તો એણે સ્પષ્ટ નનૈયો ભણ્યો હતો. કુશલ સમજેલો કે ઈશાની એની સાથે લગ્ન માટે તૈયાર નથી. પણ એમ ન હતું.

ઈશાનીએ સ્પષ્ટતા કરેલી, 'સુધાંશુને હું આજેય પ્રેમ કરૂં છું. એ મારી પ્રથમ પસંદ છે. એ મળી જાય તો હું આજે જ એની સાથે પરણી જઉં. સુધાંશુએ મને ફકત પંદર દિવસ રાહ જોવા કહેલી. મેં પંદર મહિના ઉપરાંત રાહ જોઈ છે.'

કુશલ અને જ્વલિત ચૂપચાપ ઈશાનીને સાંભળી રહેલાં. ઈશાની આગળ કહી રહેલી.

'...તો આજે મેં લગ્નનો નિર્ણય લીધો છે - એ મારી સુધાંશુ સાથેની બેવફાઈ નથી. એ જ રીતે એણે મારી સાથે બેવફાઈ કરી છે એમ હું ન કહી શકું. કેમ કે એનો સંપર્ક આજ સુધી એના ઘરના સાથેય નથી થયો. હું લગ્ન જેવા પવિત્ર સંબંધને પૂરી ગંભીરતાથી જોઉં છું. એ જિંદગીભરનો કરાર છે. બીજી ભારતીય છોકરીઓની માફક હું જેની સાથે લગ્ન કરીશ, પૂરી સમર્પિતતા સાથે કરીશ. બીજાની જિંદગી ખરાબ કરવાનો મને કોઈ હક નથી.'

કુશલની મનોદશા અવર્ણનીય બની ગયેલી. એ કંઇ કહેવા જાય એ પહેલાં ઈશાનીએ આગળ આવી કુશલના બેય હાથ પકડી લેતાં, એની આંખોમાં પોતાની આંખો પરોવતાં પૂછયું હતું, ‘કુશલ, મારાં પત્ની તરીકેના તમામ અધિકારો અને હક માન્ય રાખી, જિંદગીભર મારો સાથ નિભાવવાનો તારો મક્કમ નિર્ધાર હોય તો તારી લગ્નની પ્રપોઝલ મને સ્વીકાર્ય છે. હું તારી સહાનુભૂતિના બેકગ્રાઉન્ડવાળી પ્રપોઝલ નથી સ્વીકારી શકતી. શું તું મને તન - મનથી પત્ની તરીકે સ્વીકારી શકીશ?'

ઈશાનીને સાંભળી જ્વલિત ખુશ થઇ ગયો હતો. એણે જોશપૂર્વક કુશલના ખભા પર હાથ દબાવી દીધેલો. આખરે એના જિગરજાન મિત્રની પ્રેમગાડી જિંદગીના પાટા પર ચડી રહી હતી.

જોકે શરૂઆતમાં ઈશાનીના ઘરનાને આ વાત સમજાવતાં ખાસ્સી તકલીફ પડી હતી. અહીં એમને પૂરી રીતે સમજાવવામાં અંતે જ્વલિતની ખાખી વર્દી સારો ભાગ ભજવી ગયેલી.જ્વલિતે બતાવેલાં કલકત્તી મૂરતિયાના પોલીસ રેકોર્ડસથી તેઓ ઠંડા પડી ગયેલા.

ઈશાનીનાં ઘરના રાજી થઈ ગયા બાદ પણ કુશલનાં લગ્નથી અગર કોઈ નાખુશ હોય તો એ ઝંખના હતી. ઈશાનીની ખાસ સખી ઝંખના માટે ઈશાની - કુશલનાં લગ્નની હકીકત પચાવવી અઘરી હતી. એને ઈશાનીને કંઈક કહેવું હતું. છતાં એ કહી શકી ન હતી.

સુધાંશુ વિશે એની પાસે કેટલીક અસંબદ્ધ માહિતી હતી. જો કે એ માહિતીથી સુધાંશુનો પત્તો મળે એમ લાગતું ન હતું. ઊલટાનું જ્વલિતના કહેવા પ્રમાણે એવી અસંબદ્ધ અને અધૂરી માહિતી કોઇને આપવાથી એ ખુદ મુશ્કેલીમાં મુકાઈ જાય એમ હતી. એથી એણે ખુદના હોઠ સીવી દીધેલાં.

કાશ ! જો ઝંખનાએ જ્વલિતની વાત પર ધ્યાન આપ્યા વગર એને મળેલી માહિતી પર આગળ વધવાની કોશિશ કરી હોત તો પરિણામ કંઇક અલગ હોત. એની સામે એક એવું સત્ય ઉપસ્થિત થાત કે જેનાથી આજનાં કેટલાક નવા જોડાઈ રહેલાં સંબંધોના પાયા જ કદાચ નંખાયા ન હોત.

#########

'ઝરણા અહીં કેવું લાગે છે? ફાવે છે ને તને ?’પોતાની કેબિનમાં બોલાવેલી ઝરણાને શુભાંગી ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સના મેનેજરે પૂછ્યું.

‘બિલકુલ સર, મને કોઈ તકલીફ નથી. બાય ધ વે સર, તમનેય મારા કામથી સંતોષ છે ને?’ માસૂમ ઝરણાએ ઊભરાતા ઉત્સાહ સાથે પૂછયું.

મેનેજર ઝરણાને બે પળ માટે જોઈ રહ્યો. પછી હસી પડતાં બોલ્યો, ‘અફકોર્સ , યુ આર ડુઈંગ વેલ .’

પછી એકદમ કંઈક યાદ આવ્યું હોય એમ કહ્યું, 'વેલ ઝરણા, મેં તને એક કામ માટે બોલાવી હતી. આજનું આ પાર્સલ ત્રણ નંબરનાં એડ્રેસ પર પહોંચાડવાનું છે.'

ઝરણાના ચહેરા પર આછી મુંઝવણ તરી આવી. આજે એને ઘરે વહેલા પહોંચવું હતું. એને આજે પપ્પાને કાર્ડિયોલોજિસ્ટ પાસે લઈ જવાના હતા. એના માટેની એપોઇન્ટમેન્ટ અઠવાડિયા પહેલાં લેવાઈ ચૂકેલી.

દર પંદર - વીસ દિવસે એને એનો મેનેજર આવી કામગીરી સોંપતો. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ સાથે ઈન્ટરનેશનલ કુરિયર સર્વિસીસનો ધંધો કરતી એમની કંપનીમાં દેશ - વિદેશથી જાત - જાતનાં પાર્સલ્સ આવતાં. એને પહોંચાડવા માટે અલગ સ્ટાફ રાખવામાં આવતો. ક્યારેક મહત્ત્વનાં પાર્સલ હાથોહાથ ઓફિસની જવાબદાર વ્યક્તિઓનાં હાથે પહોંચાડાતાં.

ઝરણાએ પાર્સલ લેવા હાથ લાંબો ન કર્યો. મેનેજરે કંઈક નારાજીપૂર્વક એની સામે જોયું. ઝરણા થોડું ખચકાતાં બોલી, 'સર, મારે આજે ઘરે વહેલું પહોંચવાનું છે. હું આજે આ કામ નહીં કરી શકું.'

'ઉઝ્રન્ટ મેટર, ડુ વન થિંગ. તું હમણાં જ નીકળી જા. ટેક્સીમાં જજે. આવતી કાલે એનું વાઉચર ભરી દેજે. ઓકે?'મેનેજરે ખાસ સવલત ઓફર કરતાં કહ્યું .

'ઓકે સર!' ઝરણા સંમત થઇ ગઈ. એ મનોમન ખુશ થઇ રહી કે ઓફિસેથી ધાર્યા કરતાં વહેલું નીકળાશે. ટેક્સીને લીધે ઘરે જલદી પહોંચાશે પણ ખરું .

પણ , ઘણી વાર જ્યારે કોઈકને ક્યાંક જલદી પહોંચવું હોય છે ત્યારે તો ખાસ મોડું થાય છે . એટલું જ નહીં, એમાંય જો ભૂલેચૂકે નસીબ ખરાબ હોય તો એ વ્યક્તિ ગંતવ્ય સ્થાને ક્યારેક પહોંચી પણ નથી શકતી. ખેર!

#########

હનીમુન પરથી પાછા ફરેલા ઈશાની અને કુશલ એમની બિલ્ડીંગનાં ગ્રાઉન્ડ ફ્લોર પર જામેલી ભીડ અને પોલીસની જીપ જોઇ ચમકી ઊઠયા. કંઈક અમંગળ બન્યાની આશંકાએ તેઓ અસ્વસ્થ બન્યાં.

કુશલ વધારે ડિસ્ટર્બ તો ત્યારે થયો જ્યારે એણે જાણ્યું કે આ અમંગળ ઘટના બરાબર એની ઉપરના ફ્લેટમાં બનેલી છે. એણે સીધો જ્વલિતને કોલ કર્યો. જ્વલિત અપસેટ હતો. છતાં એણે કુશલનો કોલ તરત ઉઠાવ્યો, 'હલો કુશલ, તમે મુંબઈ આવી ગયાં?'

'હા, મુંબઈમાં મારા ફ્લેટમાં આવી ગયાં છીએ, યાર!' કુશલે જવાબ આપ્યો.

‘હું અત્યારે તારી ઉપરના ફ્લેટમાં છું. અહીં એક મર્ડર થયું છે.’ જ્વલિતે કહ્યું.

‘સારું, આવ્યો છે તો ચા - પાણી પીને જજે’ કુશલે સહેજ મશ્કરી કરી.એ જ્વલિત અહીં જ હાજર છે , એમ જાણી ઘણો હળવો થઈ ગયેલો.

'સાલા, તને અત્યારે મઝાક સુઝે છે ! ગમે તેમ મરનાર તારો પડોશી હતો.’ જ્વલિત ખિજાયો.

‘લિસન, હું એને બિલકુલ નહોતો ઓળખતો. એ ફ્લેટ છ મહિના પહેલાં વેચાયો હતો. નવા આવનાર મેમ્બરનું હું નામ સુદ્ધા નથી જાણતો.’ કુશલે સ્પષ્ટતા કરી.

અચાનક જ્વલિતના મગજમાં કંઈક ઝબકારો થયો. એ ફટાફટ નીચેના ફ્લેટમાં એટલે કે કુશલને ત્યાં આવ્યો. ઈશાની અને કુશલ પાસે એણે બની ગયેલી ઘટનાનો ચિત્તાર આપ્યો. એ બંને ડઘાઈ ગયાં. કુશલને જ્વલિતને સ્પષ્ટપણે કંઈક પૂછવું હતું પણ ઈશાનીની હાજરીને લીધે તેણે મૌન જાળવ્યું.

લગભગ કલાક પહેલાં ઝરણા આ બિલ્ડિંગના છઠ્ઠા માળે એના મેનેજરે આપેલા પાર્સલની ડિલિવરી આપવા આવેલી. છઠ્ઠા માળે લિફ્ટ ઊભી રહેતા તે એમાંથી બહાર નીકળી હતી .

બરાબર એ જ સમયે એને જે ફ્લેટમાં જવાનું હતું એનો દરવાજો ખૂલ્યો હતો. એમાંથી એક માણસ નતમસ્તકે ફટાફટ બહાર નીકળ્યો. લિફ્ટ હજી ત્યાં ઊભી હતી. એ એમાં નીચે ચાલ્યો ગયો.

ઝરણા મુંઝાઈ રહી.એ વિચારી રહી કે મારે જેને મળવાનું છે એ વ્યક્તિ તો આ નહોતી ને! પરંતુ, ફ્લેટનો દરવાજો ખુલ્લો જોઈને એને લાગ્યું કે ફ્લેટ માલિક અંદર હશે. એ ફ્લેટની અંદર પ્રવેશેલી.

કાશ! ઝરણાએ થોડી અગમચેતી દાખવી હોત કે એની છઠ્ઠી ઈન્દ્રિયે એને સંકેત આપ્યો હોત તો એ ફ્લેટની અંદર ન પ્રવેશત. જો એમ થાત તો એ આજના મર્ડર કેસમાં ફસાતાં બચી જાત. પણ ઝરણાનું નસીબ હંમેશની જેમ બે ડગલાં આગળ હતું.

ક્રમશ :

પ્રકરણ - ૯

જેવી ઈશાની મોબાઈલ પર કોઈના આવેલ કૉલ પર વાતચીત કરવા બાલ્કનીમાં ગઈ કે કુશલનો પ્રકોપ ફાટયો, 'ધિક્કાર છે જ્વલિત તને! ઝરણાને તું ત્યાં લાશ પાસે, તારા ડોબરમેન જેવા પોલીસો પાસે એકલી મૂકીને શી રીતે આવી શક્યો?'

જ્વલિત હોઠ ભીડી ચૂપચાપ મસ્તક નમાવી બેઠો રહ્યો. એ આજે લાચાર હતો. આ કેસ એના હાથમાં હોવા છતાં જાણે નહોતો.

કુશલ ઠંડો પડ્યો ન હતો. એ બોલ્યો, 'મને એ સમજાતું નથી કે ઝરણા અને મરનાર માણસને આખરે શું સંબંધ હતા?'

'કંઈ નહી, એ પાર્સલની ડિલિવરી આપવા આવેલી.' જ્વલિતે નિ:શ્વાસ નાખ્યો.

'પાર્સલની ડિલિવરી? કેમ? કંઈ સમજાતું નથી. એ ત્યાં પાર્સલની ડિલિવરી કરવા કોના તરફથી આવેલી?' કુશલ પ્રશ્નો પૂછતો રહ્યો.

જ્વલિત લોચા વાળવા લાગ્યો. હવેનો જવાબ આપવો એના માટે અઘરો હતો. અત્યારે એને ડેડીના શબ્દો યાદ આવ્યા. એના ડેડીએ જ્યારે જાણેલું કે જવલિતે ઝરણાને શુભાગી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં નોકરી અપાવી છે ત્યારે એ ભડકી ઊઠેલા. એ વખતે જ એના ડેડીએ આગ સાથે નહીં રમવાની ચેતવણી આપેલી. પણ જ્વલિત એની કાબેલિયત પર મુસ્તાક હતો. પોતાની જાત પર જરૂર કરતાં વધુ મગરૂર રહેવાની એની ભૂલને કારણે આજે ઝરણા ફસાઈ હતી.

આખરે એને કુશલને સત્ય જણાવવું પડેલું. એને થયેલું કે ફરી એક વાર માંડ મનાવાયેલો કુશલ એનાથી નારાજ થઇ મોં ફેરવી લેશે. એને બદલે કુશલ શાંત બની ગયેલો. ખૂબ જ શાંત.

કુશલ જ્યારે શાંત બનતો ત્યારે એનું મગજ ઝડપથી વિચારવા માંડતું. એણે ત્વરિત કોઈ નિર્ણય લઇ એ પ્રમાણે જ્વલિતને વર્તવાનો આદેશ આપેલો. જ્વલિત પાસે એને અનુસરવા સિવાય કોઈ છૂટકો નહોતો રહ્યો.

ખરેખર ઝરણા અને જ્વલિતના ગ્રહો પરસ્પર અજબ - ગજબ સંકળાયેલા હતા. જ્યારે- જ્યારે ઝરણા મુશ્કેલીમાં મુકાતી, એની વહારે જ્વલિતને દોડવું પડતું. એય તે એના જિગરજાન મિત્ર કુશલ

સાથેની મિત્રતા અકબંધ રાખવા માટે જ સ્તો!

કુશલ માટે ઝરણા એની નાની બહેન જેવી હતી. સુધાંશુ સાથેની બાળપણની મૈત્રીને લીધે ઝરણાને એણે એની નજર સામે મોટી થતી જોયેલી . અત્યારે કુશલે ઝરણાને આ વિષચક્રમાંથી સાંગોપાંગ બહાર કાઢવા જડબેસલાક યોજના ઘડી કાઢેલી. જેમાં જ્વલિત ચુપચાપ સાથ આપવા સંમત થયેલો.

#########

'આઈ કાન્ટ બિલીવ ઈટ જ્વલિત! ખરેખર મારા માનવામાં નથી આવતું. તેં કહ્યું એ પ્રમાણે શું એ છોકરી તારી વાગ્દત્તા છે?' જ્વલિતનો ઉપરી અધિકારી હેરતપુર્વક પૂછી રહ્યો. જ્વલિતે ચૂપચાપ હકારમાં મસ્તક ધુણાવ્યું.

'સૉરી સર, પણ જ્વલિતે તમને વાગ્દત્તા શબ્દ જરા વહેલો કહી દીધો છે. એ હાલ જ્વલિતની ગર્લફ્રેન્ડ છે. જ્વલિત અને ઝરણા છેલ્લાં બે વરસથી એકમેકના પ્રેમમાં છે. ઝરણાનો અભ્યાસ પૂરો થયા બાદ તેઓ લગ્ન કરશે - એ પાક્કું છે.'કુશલે નમ્રતાથી સ્પષ્ટતા કરી.

ઉપરી પોલીસ અધિકારીએ કુશલ સામે વેધક નજરે જોતાં પૂછ્યું, 'શું તમે જાણો છો કે ઝરણા જે પાર્સલની ડિલિવરી આપવા આવેલી એમાં શું હતું?'

તરત જ્વલિતે દરમિયાનગીરી કરી, 'સર, એ પાર્સલમાં શું હતું એ નથી મારો મિત્ર કુશલ જાણતો કે નથી ઝરણા જાણતી. 'શુભાંગી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ' માં ટિકિટ બુકિંગ કાઉન્ટર પર ઝરણા કામ કરે છે. એનો કેરિયર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે એ બાબતથી એ તદન અજાણ હતી. એ ખરેખર તદન નિર્દોષ છે. એની ખાત્રી હું તમને આપું છું .'

'પ્લીઝ સર વિશ્વાસ કરો. એના પર ભણતરની સાથે ઘરની, એનાં માતા - પિતાનીય જવાબદારી છે. એ બિચારી કોલેજમાં ભણતાં-ભણતાં નોકરી કરે છે.' ઈશાની બોલી ઊઠેલી . એ કુશલ - જ્વલિતની પાછળ-પાછળ ઝરણાને આશ્વાસન આપવા ઉપરના ફ્લેટ પર આવી પહોંચેલી. ઝરણાને આ કાંડમાંથી ઉગારવા ઈશાનીની સાહેદી પણ મહત્વની હતી એટલે એને પણ આ સમગ્ર ઘટનાક્રમથી વાકેફ કરવામાં આવેલી .

ઝરણા મૂઢની માફક બધાને તાકી રહેલી. ફ્લેટની અંદર પ્રવેશ્યા પછી, લોહી નીંગળતી લાશ જોઈ એના મુખેથી એ ક્ષણે એક જોરદાર ચીસ નીકળી હતી એ જ! એ પછી તે એટલી ક્ષુબ્ધ બની ગયેલી કે પોલીસની સતત પૂછપરછ છતાંય એક શબ્દ નહોતી ઉચ્ચારી શકી. જ્વલિત ઝરણાની હાલત સમજી શકતો હતો.

ઝરણા જે પાર્સલની ડિલિવરી આપવા માટે આવેલી, એમાં કોકેઇન હતું. કાયદાની દૃષ્ટિએ એ ખૂબ મોટો બિનજામીનપાત્ર ગુનો બનતો હતો. ઝરણાને આમાંથી ઉગારવાનું કામ લગભગ અશક્ય હતું. ઝરણાની જિંદગી ધૂળધાણી થવાના માર્ગે હતી.

આ બાબત જ્વલિતે કુશલ પાસે સ્પષ્ટ કરેલી, ત્યારે એ આંચકો ખાઇ ગયો. એ આંચકો પચાવતા કુશલે જ્વલિતના ઉપરી અધિકારીનું મોઢું બંધ રાખવા મોં - માગ્યા પૈસા આપવાની તૈયારી દેખાડેલી.

‘ જ્વલિત ,ઝરણા મારી બેન છે એમ સમજ . ગમે એટલાં પૈસા વેરવા પડે એટલાં વેર પણ આમાંથી એને બહાર કાઢ .’ કુશલની આ વાતના જવાબમાં નિરાશાપુર્ણ સ્વરે જ્વલિતે જણાવેલ કે એનો ઉપરી ચોખ્ખો અને સિદ્ધાંતવાદી હોઇ એ શક્ય નહીં બને.

એથી કુશલે ફરી એક વાર ઊંડો વિચાર કરતાં જ્વલિતને ઝરણાને એની ભાવિ વાગ્દત્તા તરીકેનો પરિચય આપવા કહી, એને આ કોકેઇનકાંડમાંથી ઉગારી લેવાની ફરજ પાડેલી.

અંતે જ્વલિતના ઉપરી અધિકારીમાં રામ વસેલા. એણે જ્વલિતને ઠપકો આપેલો કે એણે એની ગર્લફ્રેન્ડનું ધ્યાન રાખવું જોઇતું હતું. એને આવી બદનામ કંપનીમાં નોકરી કરવા દેવી જોઇતી ન હતી. હજી સ્થળ પર મિડિયાવાળા પહોંચ્યા ન હતા .એથી બધું ભીનું સંકેલાઇ શક્યું.

જ્વલિતના ઉપરી અધિકારીની પરવાનગીથી ઈશાની ઝરણાને એના ફ્લેટમાં લઇ ગયેલી. ઝરણા એક બહુ મોટી દુર્ઘટનામાંથી ઊગરી ગઇ હતી. પરંતુ એને લાગેલા માનસિક આઘાતની કળ વળતાં કેટલો સમય લાગશે એની ખબર ન હતી. જાણે – અજાણે જ્વલિત ઝરણા માટે ત્રીજી વાર તારણહાર સાબિત થયેલો .

#########

કોઇ પણ જખમ સમય જતાં રુઝાઈ જતો હોય છે. ગમે એટલો મોટો ઘાવ શરીરનો હોય કે મનનો હોય, એને ભરી દેવાની સમયમાં જબરી તાકાત હોય છે. ન ફક્ત ઝરણા, બધાય પોતપોતાની જિંદગીના અણગમતા બનાવોને ભૂલીને આગળ વધી ગયા હતા.

ભૂલવામાં જે સુખ છે એ યાદ રાખવામાં નથી. એ બાબત ઈશાની સારી પેઠે સમજી ચૂકેલી. એ પ્રમાણે જ તે જીવી રહી હતી અને જિંદગીનાં તમામ સુખો આનંદપૂર્વક ભોગવી રહેલી. ક્યારેક સમયની ગતિ જળનાં ધોધમાર વરસતા ધોધ કરતાંય વધુ વેગીલી લાગતી હોય છે.

આજની ઈશાની અને કુશલના પુત્ર કવનની જન્મદિનની પાર્ટી જાણે એ વાતની પુષ્ટિ આપી રહેલી.ઈશાની એના સર્કલમાં ‘સોશિયલ એનિમલ’ તરીકે ઓળખાતી.

આજની પાર્ટીમાં એણે કોલેજકાળના તમામ મિત્રોને નિમંત્ર્યા હતા. ઈશાની પાર્ટી આપી રહી હોય ત્યારે એનું નિમંત્રણ ટાળવું કોઈના પણ માટે લગભગ અશક્ય બની જતું. પોતાનાં સામાજિક વર્તુળમાં 'બેસ્ટ હોસ્ટ' નું બિરુદ પામેલી ઈશાનીની પાર્ટીમાં જવું એય એક લહાવો ગણાતો.

કુશલ સાથેનાં લગ્ન બાદ ઈશાનીએ નાની – મોટી કંઈક અંશે સીમિત કહી શકાય એવી પાર્ટીઓ સંખ્યાબંધ યોજેલી. આ વખતે એણે પુત્રના જન્મદિન નિમિત્તે ખાસ્સી મોટી પાર્ટીનું આયોજન કરેલું. કુશલ - ઈશાનીએ આપેલી પાર્ટી ઘણી સરસ અને ખુબ સફળ રહી હતી.

આ વખતની પાર્ટીમાં ઝંખના સૌની ચર્ચાનો વિષય બની ગયેલી. પરણીને ઠરીઠામ થઇ ચૂકેલાં મિત્રવર્તુળમાં એકમાત્ર ઝંખના હજી અપરિણીત હતી. એના અપરિણીત રહેવાનું કારણ કોઈ જાણતું ન હતું.

આજની પાર્ટીમાં એક બટકબોલીએ તો એને સીધું પૂછી લીધું, 'ઝંખના, તેં કેમ હજી સુધી લગ્ન નથી કર્યા?'

'તારા હસબન્ડ મલય જેવો કોઈ હેનપેક હસબન્ડ મળ્યો નહી તો શું કરું?' ઝંખનાએ વાત ઉડાડી દીધેલી.

'ઝંખના, તારી વાત ગળે નથી ઊતરતી. એ સમયે આપણી ઉંમરનાં મુંબઈમાં હજારો યુવાનો હતા, એમાંથી તને કોઇ મિસ્ટર રાઈટ ન મળ્યો ?' બીજી યુવતીએ તીર જેવો પ્રશ્ન ફેંક્યો.

બરાબર એ જ સમયે ઈશાની પોતાનાં સખીવૃંદમાં ભળવા આવી. એ મસ્તીપૂર્વક ટોળ કર્યા વગર ન રહી, 'બાય ધ વે, એમાં એવું છે ને કે આપણને જે ગમ્યો હોય એને આપણેય ગમ્યાં હોવા જોઈએને?' અજાણતાં ઈશાનીથી ઝંખનાની દુ:ખતી રગ દબાઈ ગયેલી.

ઝંખના જવાબમાં પોતાની કસક દબાવતાં ખડખડાટ હસતાં બોલી, 'ઈશાની, એવું પણ બન્યું હોય કે પસંદગી માટે સામે હજારો યુવાનો હોય પણ એમાંથી પસંદ તો કોઈ એક ખાસ સ્પેશિયલ વ્યક્તિને કરવાની હોય છે. હવે આ સ્પેશિયલ વ્યક્તિને જ ભગવાન મોકલવાનું ભૂલી ગયા હોય તો શું થાય?' ઝંખનાની હાજરજવાબી પર સમગ્ર સખીવૃંદ વારી ગયેલું.

#########

એ રાત્રે ઈશાનીએ કુશલને પોતાની સખીવૃંદની વાતો સાથે ઝંખનાની વાત સહજપણે કરેલી. ઝંખનાના ઉલ્લેખે કુશલ સહેજ અસ્વસ્થ થયેલો. ઈશાનીના ધ્યાનમાં એ આવેલું નહીં. પાર્ટીની દોડધામથી થાકી ગયેલી ઈશાની થોડી વારમાં નિદ્રાધીન થઇ ગયેલી.

ભરપૂર થાક્યો હોવા છતાં પાસા બદલી રહેલાં કુશલના માનસપટ પર વારંવાર ઝંખના ઝબકી જતી હતી. ઈશાની સાથેનાં લગ્ન પહેલાં ઝંખના સાથે થયેલી એ છેલ્લી મુલાકાત એને આજેય એવીને એવી અકબન્ધ યાદ હતી.

એ દિવસે ઝંખના ઉદાસ હતી. કુશલ ઝંખનાની ઉદાસી કળી ગયેલો. ઝંખનાએ પ્રેમ કરેલો. કમનસીબે એ પ્રેમ એકતરફી સાબિત થયો હતો. હા, ઝંખના કુશલને ચાહતી હતી. એણે આ વાત એક સમયે સુધાંશુ દ્વારા કુશલ સુધી પહોંચાડેલી.

ઝંખના ઈશાનીની ખાસ સખી રહી હોઈ એ સુધાંશુની પણ નજીક હતી. એટલે સુધાંશુએ ઝંખના માટે કુશલ પર દબાણ કરેલું.

એ સમયે સુધાંશુનું કહેવું હતું કે ઝંખના સારી યુવતી છે. એ કુશલ માટે જરૂર યોગ્ય સાબિત થશે. ત્યારે કુશલે કહેલું કે એ જ્યારે પણ કોઈની સાથે જિંદગી જોડવાનો વિચાર કરશે ત્યારે પહેલાં ઝંખનાને પસંદગી આપશે.

ઝંખનાએ કુશલની ફક્ત આટલી બાંયધરી પર કોલેજનાં વરસો કોરાં કાઢી નાખેલાં. પણ જ્યારે એને ખબર પડી કે કુશલ ઈશાની સાથે પરણી રહ્યો છે તો એ તૂટી પડેલી. એણે કુશલ પાસે એની છેલ્લી થયેલ મુલાકાત વખતે કેટલાક ખુલાસા માંગેલા.

‘કુશલ, સુધાંશુ પાછો ફરશે ત્યારે તું અને ઈશાની એને શું જવાબ આપશો?' ઝંખનાએ પ્રશ્ન કરેલો.

'એ પાછો નહીં ફરે....’ કુશલથી જીભ કચરાઈ ગઈ.

ઝંખના ચમકી ગઈ. એણે વેધક નજરે કુશલ સામે જોઈ પૂછ્યું, 'કેમ એ એવી કઈ જગ્યાએ છે કે પાછો ન ફરે. મને લાગે છે કે તું તેના વિશે કંઇક જાણે છે. ખરુંને?’

કુશલ ઘા ખાઇ ગયો. એણે કોઇ જવાબ આપ્યો નહીં. ઝંખનાને કંઇક સમજાતું હતું અને કંઈક નહોતું સમજાઈ રહ્યું.

એ બોલી, ‘કુશલ, અસત્ય અને છળકપટથી મેળવેલી ખુશીઓનું આયુષ્ય લાંબું નથી હોતું. એ જ રીતે કોઇના નિ:સાસા પર ઊભી થયેલી સુખની ઈમારતના પાયા મજબુત નથી હોતાં. તારી ઈશાની માટેની કુણી લાગણીઓથી હું પહેલેથી વાકેફ હતી. અને તું એ યાદ રાખજે કે જો તે ઈશાનીને પામવા સુધાંશુને તારા માર્ગમાંથી દૂર કર્યો હશે તો એ માટે તને ઈશ્વર ક્યારેય માફ નહીં કરે.’

આટલું બળતા હૈયે કહી દીધા પછી ઝંખના ત્યાં એક પળ થોભી ન હતી. એની પાછળ કુશલ પણ ઊભો થઇ ગયેલો. અસ્વસ્થ બની ગયેલો કુશલ ઝંખનાની સાથે ચાલતાં કહી રહેલો, ‘ઝંખના, પ્લીઝ સ્ટોપ. તું મારા માટે આવું શી રીતે વિચારી શકે? મેં એવું કશું કર્યુ નથી.’

પરંતુ ઝંખના દોડીને ટેક્સીમાં બેસી જતી રહેલી. કુશલ બસ એને જતી જોઇ રહ્યો.

#########

આજે ઈશાનીએ આપેલી પાર્ટીનો બીજો દિવસ અને સોમવાર હતો. વીકઍન્ડ પછીની બધાની રૂટિન લાઈફ ચાલુ થઈ ગયેલી.

અંધેરી રેલવે સ્ટેશન ધમધમી રહેલું. સાંજના આશરે છ વાગ્યાનો સમય થયેલો. ઝંખના ફટાફટ લોકલ ટ્રેનના લેડીઝ કમ્પાર્ટમેન્ટમાંથી ઊતરી. એ જેટલી ઝડપથી ચાલી રહેલી એટલી જ ઝડપથી એની પાછળ એક યુવાન દોડી રહેલો. અંતે એ ઝંખનાને આંબી ગયો.

ઝંખનાને એનાં ખભે કોઈના હાથનું દબાણ અનુભવાયું. મુંબઈની લોકલ ટ્રેનમાં આવતી જતી યુવતીઓને થતા સરેરાશ અનુભવ જેવો ઈરાદાપૂર્વકનો સ્પર્શ સમજી ઝંખના ગુસ્સાભેર પાછળ ફરી.

એ ઊંચા, સ્નાયુબદ્ધ અને આકર્ષક યુવાનને જોતાંની સાથે ઝંખનાની આંખોમાં આશ્ચર્ય સાથે આનંદ ઊભરાયો. એના હોઠ ફફડી ઊઠ્યા, ‘ઓ માય ગૉડ.. તું?’

ક્રમશ:

પ્રકરણ - ૧૦

જ્વલિત બેચેન હતો. એ પથારીમાં પડખાં ઘસી રહ્યો હતો. બાજુમાં ઘસઘસાટ ઉંઘી રહેલી પત્નીની નિર્દોષ મુખાકૃતિને થોડી ક્ષણો નિહાળી રહ્યો. એની નજર થોડે દૂર ગઈ. બેબી બેડમાં એના સુંદર મજાના ત્રણ વર્ષીય જોડિયા પુત્રો પોઢી રહેલાં.

ખરેખર, જ્વલિત પર ઈશ્વરે સુખની ધોધમાર વર્ષા કરેલી. સુખી માણસ હંમેશાં ભયભીત રહેતો હોય છે. એમને એમનું સુખ છીનવાઈ જવાનો ભય સતત સતાવતો હોય છે.

એટલે જ બધીય રીતે, બધાને પહોંચી વળે એવો જ્વલિત જ્યારે સુધાંશુના વિચારે ચઢી જતો તો એની ઊંઘ હરામ થઈ જતી. એને ઊંડે ઊંડે અંદેશો હતો કે વહેલો મોડો સુધાંશુ એના પરિવારજનોને મળવા મુંબઈ જરૂર આવશે. ત્યારે શું થશે? જે દિવસે સુધાંશુને એની પાછળ રમાયેલી ઊંડી રમતનો ખ્યાલ આવશે ત્યારે એ એની સાથે શું કરશે?

કદાચ એ અને કુશલ હતા ન હતા થઈ જશે. પોતાની જિંદગી સુદ્ધાને હોડમાં મૂકનાર સુધાંશુ ક્યારેય મૃત્યુથી પણ ડર્યો નથી એ જ્વલિત સારી પેઠે સમજતો હતો. મૃત્યુથી ન ડરનાર વ્યક્તિથી સમગ્ર દુનિયા ડરે છે. જ્વલિત એમાં અપવાદ ન હતો.

#########

ઘણા સમય પછી ઝંખના આજે મૂડમાં હતી. એના હોઠ એનું મનગમતું ગીત ગણગણી રહેલા. ડ્રેસિંગ ટેબલના આયના સામે ઊભી રહીને એ ચીવટપૂર્વક તૈયાર થઈ રહેલી. એણે રિસ્ટવૉચમાં જોયું. છેલ્લી વાર પોતાના આયનામાં પડતા પ્રતિબિંબને ધારીને જોયું.

આ ક્ષણે અનાયાસ એને ઈશાની યાદ આવી ગઈ. એનાથી સ્વાભાવિકપણે પોતાની જાતની તુલના ઈશાની સાથે થઈ ગઈ. ઉદ્વેગની રેખાઓ એના ચહેરા પર ખેંચાઈ ન ખેંચાઈ કે એનો મોબાઈલ રણકી ઊઠ્યો. એનો સરસ મૂડ ખરાબ થતાં અટકી ગયો.

મોબાઈલ સ્ક્રીન પર ઝબકી રહેલું નામ વાંચી એના મનના મોરલા થનગની ઊઠયા. એણે બહાર જવા પગ ઊપાડ્યા.

સેન્ટોર હોટેલના એ ભવ્ય સૂટની બહાર ઝંખના ઊભી હતી. એણે રૂમની બહારના કોલબૅલ પર હાથ મૂકતાંની સાથે ડોર ખુલી ગયેલું. એ મનોમન રોમાંચિત થઈ ઊઠી. ડોર ખોલનાર યુવાનની આંખોમાં એણે પોતે અનુભવી રહેલી, એવી તીવ્ર પ્રેમભરી લાગણીઓની ખોજમાં ડૂબકી લગાવી.

'બહુ વાર લગાડી ઝંખના?' એ યુવાન ઝંખનાનો હાથ પકડી ઝડપથી એને બેડ તરફ દોરી ગયો. બેડની નજીક બે સોફાચેર અને ટિપોઈ હતી. ટિપોઈ પર ચાનો સરંજામ ગોઠવાઈ ચૂકેલો. એ સોફાચેર પર બેઠો. બીજી સોફાચર પર ઝંખના ગોઠવાઈ. એ યુવાનની બરોબર સન્મુખ બેઠેલી ઝંખનાનું હૈયું ધબ ધબ ધબાક ધબ થઈ રહેલું.

'આર યુ ઓલરાઈટ? અહીં આવવામાં કોઈ તકલીફ નહોતી પડીને?' મૌન ઝંખનાના ચહેરાનું અવલોકન કરતાં પેલો યુવાન એને પ્રેમથી પૂછી રહ્યો. ઝંખના એના પ્રભાવમાંથી મુક્ત થવાની કોશિશ કરતાં સામાન્ય બની રહી.

'ઑહ નો ,નોટ એટ ઑલ. ' ઝંખના સસ્મિત બોલી હતી .

'વેલ ઝંખના, એ દિવસે આપણે અંધેરી સ્ટેશને મળ્યાં પછી સ્ટેશનની બહાર આવેલી રેસ્ટોરન્ટમાં ફક્ત પંદર મિનિટ વાત કરી શક્યા. હું હજી મુંબઈ એ જ દિવસે આવેલો. તુંય તારા ઘરે મહેમાન આવવાના હોઈ ઉતાવળમાં હતી. આવા સંજોગોમાં હું ખરેખર જેના માટે મુંબઈ આવ્યો છું, એના ખબરઅંતર તને પૂછવાનું તદન વીસરી ગયો.'

'કોના?' ઝંખનાએ પૂછયું.

'મારા મમ્મી - પપ્પાનાં અને બહેન ઝરણાના જ સ્તો! મારી પાસે એમના કોઈ ખબર નથી. હું એ દિવસે તારાથી છૂટો પડી સીધો મારા બોરીવલીના ફ્લેટ પર પહોંચ્યો ત્યારે જાણ્યું કે મારા ગયાના ત્રીજા મહીને મારા ઘરના ફ્લેટ ખાલી કરી વસઈ ચાલ્યા ગયેલા. મારા પડોશી પાસેથી વસઈનું એડ્રેસ લઈ ત્યાં તપાસ કરવા પહોંચ્યો તો જાણ્યું કે તેઓ ત્યાંથી પણ ફ્લેટ ખાલી કરી ચાલ્યા ગયા છે. મને કંઈ સુઝ નથી પડતી કે એમને ક્યાં શોધું? શું તું એમના વિશે કંઈ જાણે છે?' સુધાંશુના ચહેરા પર સ્પષ્ટપણે ચિંતાની રેખાઓ દોરાઈ ગયેલી.

હા, ઝંખના જેને હોંશભેર મળવા આવેલી, એ યુવાન સુધાંશુ હતો. એણે સુધાંશુનો પ્રશ્ન સાંભળી એક ઊંડો નિ : શ્વાસ મુક્યો. એના મત પ્રમાણે તો સુધાંશુને આપવા જેવો સમાચાર એણે એ જ દિવસે આપી દીધેલા. અંધેરી સ્ટેશનની બહારની રેસ્ટેરન્ટમાં એની અને સુધાંશુની વચ્ચે થયેલી મુલાકાત અને વાતચીતના અંશ એની નજર સમક્ષ તરવરી ઊઠ્યા.

'ઓહ માય ગોડ તું? હેય સુધાંશુ, તું મુંબઈ ક્યારે આવ્યો? ઈટ્સ અ બિગ સરપ્રાઈઝ!' ઝંખના આનંદાશ્ચર્યચકિત થઈ સુધાંશુ પર પ્રશ્નમારો ચલાવી રહેલી.

સામે ઊભેલો સુધાંશુ મરક મરક હસી રહેલો. એ બોલ્યો, 'બસ, એરપોર્ટથી સીધો ચાલ્યો આવું છું. અરધે સુધી ટેક્સીમાં આવ્યો. રસ્તામાં આપણી લોકલ ટ્રેન જોઈ તો એમાં મુસાફરી કરવાનો મૂડ થઈ ગયો તો ઊતરી પડ્યો. લગેજમાં ફક્ત આ એક બેગ છે.'

'તું હજી એવો ને એવો રહ્યો.' ઝંખના હસી પડી.

'હા, હું સ્વભાવથી તો તું ફિઝિકલી એવી ને એવી ફીટ રહી છે. ન થોડા કમ, ન થોડા જ્યાદા.' એમ કહેતાં સુધાંશુએ ઝંખના પર સરસરી નજર ફેરવી લીધી. પોતાની પ્રશંસા સાંભળી ઝંખના પુલકિત થઈ ઊઠી.

'ચાલ આપણે થોડી વાર બહાર બેસીએ. અહીં સ્ટેશન પર બધા આપણને અડફેટે ચઢાવતા રહેશે.' સુધાંશુના પ્રસ્તાવને ઝંખનાએ તરત સ્વીકારી લીધેલો.

રેસ્ટોરાંમાં વડાંપાઉં અને ચાનો ઓર્ડર આપતાં સુધાંશુએ શરારતભર્યા સૂરે ઝંખનાની મશ્કરી કરેલી, 'શું તેં પછી આખરે કુશલની વિકેટ ઝડપી લીધીને!'

કુશલના ઉલ્લેખે ઝંખનાનો ચહેરો ઝંખવાઈ ગયો. એ નીચું જોઈ ગઈ. એનાં નેત્રો સજળ થાય એ પહેલાં તે પોતાના પર કાબુ મેળવી લેતાં બોલી, 'સુધાંશુ, સ્ટીલ આયમ સિંગલ!'

'વ્હોટ? વ્હાય?' સુધાંશુ નવાઈ પામતાં આગળ બોલ્યો 'તો કુશલ? શું એનાંય મેરેજ નથી થયાં?'

'કુશલે ઈશાની સાથે લગ્ન કર્યાં છે.' પગ નીચે બોમ્બ ફૂટ્યો હોત તો પણ સુધાંશુને આટલો ઝાટકો ન લાગત. એ ચૂપ થઈ ગયો.

વિચારોના વાવાઝોડાએ એના મન પર ભારે આક્રમણ કર્યું. ઈશાની પરણી ચૂકી હશે એ સત્ય તે પચાવવા તૈયાર હતો. કેમ કે એ જ્યારે અહીંથી નીકળ્યો ત્યારે ઈશાનીના વિવાહ દીપેન સાથે થવાના હતા. એણે ઈશાનીને જે પંદર દિવસની મહેતલ આપેલી, એટલા સમયમાં એ પાછો ન ફરી શકેલો. એથી એ સ્વીકારી ચુકેલો કે ઈશાની ચોક્કસપણે દીપેન સાથે પરણી ગઈ હશે.પરંતુ, ઈશાનીનાં લગ્ન દીપેન સાથે કેમ ન થયાં? કુશલ જાણતો હતો કે ઈશાની સુધાંશુને ચાહે છે, છતાં એણે ઝંખનાને બદલે ઈશાની સાથે કેમ લગ્ન કર્યાં? આ ઘટના પાછળ આખરે ક્યો ભેદ છે?

ઝંખનાએ કહ્યું, 'સુધાંશુ, મેં તારી ખૂબ તપાસ કરી. ઈશાની માટે જ સ્તો! એ દિવસોમાં તારા ચાલ્યાં ગયા બાદ એ ખુબ વ્યગ્ર રહેતી. એ એનો વિશ્વાસ ખોઈ બેઠેલી કે તું પાછો ફરીશ. પરંતુ હું એને સતત ધીરજ બંધાવતી રહેલી. એને હિંમત આપતી. ઈશાનીના એ દિવસો ખૂબ ખરાબ હતા. એક તરફ તું ચાલ્યો ગયેલો. બીજી તરફ તારા અને ઈશાનીના સહવાસની ક્લિપિંગ્ઝ લીક થતાં એનાં દીપેન સાથેના વિવાહ તૂટી ગયેલા. બદનામીથી ડરી જઈ એ મહિનાઓ સુધી અજ્ઞાતવાસમાં ચાલી ગયેલી.

'ક્લિપિંગ્ઝ? કઈ ક્લિપિંગ્ઝ?' કંઈ ન સમજી શકેલો સુધાંશુ પૂછી બેઠો.

ઝંખનાએ ફોડ પાડ્યો કે મહાબળેશ્વરની હોટેલમાં એણે અને ઈશાનીએ સાથે ગુજારેલી રાતની એ ક્લિપિંગ્ઝ હતી. સુધાંશુ ચકરાઈ ગયો.

ઘણા સમયથી મનમાં સંઘરાઈ રહેલી વાતો ઝંખના ઠાલવવા માંડેલી, 'મુંબઈ એરપોર્ટ પર મારો કઝિન ભાઈ ટિકિટ કાઉન્ટર પર બેસે છે. એક વાર હું મારા ઘરે તારા ફોટા સાથે નેટ પર સર્ફિંગ અને સર્ચિંગ કરી રહેલી. ત્યારે એ મારા ઘરે આવેલો. નેટ પર તને જોઈ એ ભડકી ગયેલો. એણે કહ્યું કે આ વ્યક્તિ સુધાંશુ નહીં જ્યોર્જ ડગ્લાસ છે. એ ડ્રગ્ઝ કેરિયર છે. અમેરિકન નાર્કોટિક્સ ખાતાવાળાએ એને ઝડપી લીધો છે. મેં ડઘાઈ જતાં એને પૂછેલું કે તું આ બધું શી રીતે જાણે છે ?'

સુધાંશુ સ્તબ્ધ હતો . એ ઝંખનાને સાંભળી રહેલો . અટકેલી ઝંખનાએ સુધાંશુની આંખોમાંનાં પ્રશ્નો કળી લેતાં આગળ વાત ધપાવી.

' તો જવાબમાં એણે કહેલું કે આ આખીય વાતમાં કોઈ ભેદ જરૂર છે. અહીંના ચેકિંગમાંથી એ સાંગોપાંગ બહાર નીકળી ગયેલો. પણ ત્યાં અમેરિકામાં આબાદ ઝડપાઈ ગયેલો. કેમ કે મુંબઈ એરપોર્ટના કોઈ કસ્ટમ્સ અધિકારીએ પાછળથી આપણા નાર્કોટિક્સવાળાઓને રિપોર્ટ કરેલો કે કોઈ કસ્ટમરનાં સામાનમાંથી સરી પડેલાં ડ્રગ્ઝનાં બે - ત્રણ નાનાં પાઉચ લોન્જમાંથી મળી આવ્યા છે. ફ્લાઈટ નીકળી ગયેલી. પરિણામે આ બાબતનો રિપોર્ટ અમેરિકન એમ્બસીને કરવામાં આવેલો. એ પણ જાણવા મળેલું કે એ વ્યક્તિ ઓસ્ટ્રેલિયન પાસપોર્ટ પર મુસાફરી કરી રહ્યો હતો. જો કે આપણી પોલીસ એનો અહીંનો કોઈ અતોપત્તો ન મેળવી શકેલી.'

'ઓહ ગોડ, ઝંખના - તું આટલું બધું જાણતી હતી? તો પણ તું કંઈ સમજી શકી નહીં?' સુધાંશુ હતાશ સૂરે પૂછી રહ્યો.

'શું સમજે? મેં જ્વલિતને કહ્યું તો એણે મને ભડકાવતાં કહ્યું કે આવી અધૂરી માહિતીથી તું શોધખોળ આદરીશ તો તું જ ફસાઈશ. એ સમયે મને એની વાત સાચી લાગેલી.' ઝંખના અફસોસ વ્યક્ત કરી રહી. ઝંખના ઈચ્છતી ન હતી કે પોલિસ ઈન્સ્પેક્ટર બની ગયેલ જ્વલિતનો ભેટો સુધાંશુ સાથે થાય . કેમ કે એ સમજી ગયેલી કે જ્વલિત ક્યારેય સુધાંશુનો મિત્ર નહોતો રહ્યો . એટલે એણે સુધાંશુને એ પણ જણાવવાનું ટાળેલું કે

'પણ ઝંખના, મારી સાથે ઘોર છેતરપિંડી થઈ છે. ખબર નથી પડતી કે મારી સાથે આવી રમત શા માટે રમવામાં આવી? જ્વલિતનો સાથ લઈ એ છેતરપિંડી શું કુશલે ઈશાનીને પામવા માટે આચરી છે? મુંબઈ એરપોર્ટના એ કસ્ટમ્સ અધિકારી બીજુ કોઈ નહીં પણ જ્વલિતના ડેડી હતા. એમણે જ મને ત્યાંથી નીકળવામાં મદદ કરેલી.' સુધાંશુની નજર સમક્ષ છ વરસ પહેલાંનો ભૂતકાળ તાજો થઈ

રહ્યો.

#########

ઈશાની પર અત્યારે પાગલપણું સવાર થયેલું. જોશભર્યા જુસ્સામાં આવી જઈ એ વારંવાર એના બેડરૂમમાંથી ડ્રોઈંગરૂમ તરફ ધસી જતી હતી. ફરી પાછી ભાંગેલા પગલે બેડરૂમમાં આવી ધ્રુસ્કે ધ્રુસ્કે રડી ઊઠતા લવવા માંડતી, 'કવન... મારો કવન ક્યાં છે? એને હમણાં જ લાવી આપો.'

કુશલ માટે ઈશાનીને સંભાળવાનું કાર્ય વધુને વધુ દુષ્કર બનતું જઈ રહેલું. ઈશાનીની આંખો રડી રડીને ટેટા જેવી લાલઘુમ થઈ ગયેલી. કુશલની ઓફિસે એના મોબાઈલ પર બપોરે બે વાગ્યે અજાણ્યો કોલ આવેલો. એ તરત ઘરે આવી પહોંચ્યો.

એ સમયે બેબાકળી ઈશાની મોબાઈલનાં બટન દબાવી રહેલી. કુશલે ઈશાનીના ચહેરાને એના બે હાથમાં લઈ એની બદામી આંખોમાં જોતાં કહેલું, 'કવન ક્યાં છે, એની મને ખબર છે. ફક્ત તું કોઈને આડેધડ કોલ ન કર.'

'ક્યાં છે કવન?' ઈશાનીનો સાદ ફાટતો હતો. વગર બોલાવ્યે ઘરે આવી ગયેલો કુશલ અને સમય વીતી ગયા છતાં ન આવેલો કવન - આ બેય બાબતોને સાંકળતા ઈશાનીના ધબકારા વધી ગયા. એનું મન શંકા - કુશંકા કરવા લાગ્યું.

અચાનક ફરી એણે મોબાઈલ હાથમાં લીધો. એણે જ્વલિતને કોલ લગાડયો. ઈશાની જાણતી ન હતી કે જ્વલિતને કોલ લગાડી એ એક એવી મોટી ભૂલ કરી રહી હતી કે જેનાથી એક બે નહીં, ત્રણ જિંદગીઓનો વહેતો સમય પ્રવાહ થંભી જવાનો હતો.

ક્રમશઃ

પ્રકરણ - ૧૧

' જબરદસ્ત કમાણીના દુનિયામાં ઘણા રસ્તા છે. લાંબા અને સીધા રસ્તા સરળ હોય છે, પણ ખૂબ ટાઈમ માગે છે. ટૂંકા રસ્તા જોખમી હોય છે, ગણતરીના દિવસોમાં ધૂમ કમાણી થાય છે. સુધાંશુ, તેં પસંદ કરેલો બીજો માર્ગ ઘણો જોખમી છે.' છ વરસ પહેલાં જ્યારે જ્વલિતે આવું સુધાંશુને કહેલું ત્યારે પગ નીચે સુંવાળો સર્પ ચંપાયો હોય એટલો સુધાંશુ ભડકી ગયેલો. સુધાંશુને સમજ ન પડી કે એનું અત્યંત ગોપિત રહસ્ય જ્વલિત શી રીતે જાણી શક્યો હતો .

એ કઠોર નજરે જ્વલિતને ઘૂરી રહેલો.

'શુભાંગી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપનીમાં તું લોકલ ડ્રગ્ઝ કેરિયરનું કામ કરી રહ્યો છે. એ હું જાણું છું.' બેફિકરપણે સિગારેટનાં વલયોને હવામાં ઉડાડતાં જ્વલિતે ઉમેર્યું.

'વેલ જ્વલિત, વ્યક્તિએ ક્યારે, કેટલું અને ક્યા માર્ગે ધન કમાવું એ એનાં સંજોગો પર આધાર રાખે છે.' સુધાંશુએ સ્વસ્થ થતાં કહ્યું.

'અફકોર્સ - તું સાચું કહે છે. પરંતુ સંજોગો વિપરીત હોય છે ત્યારે ઘણી વાર સંબંધો એવી નબળી પરિસ્થિતિ સામે ઢાલ બની મદદરૂપ થતા હોય છે.' જ્વલિત બોલ્યો.

'ક્યા સંબંધોની વાત કરે છે જ્વલિત? મારા બાપની બાયપાસ સર્જરીનાં નાણાં ધીરવામાં મને કોઈ સગાએ કે સંબંધીએ મદદ નથી કરી. એ નાણાં મને મારા બોસે આપ્યાં છે. એ નાણાં પાછાં વાળવા માટે હું મારી જિંદગી અનિચ્છાએ દાવ પર લગાવી ચૂક્યો છું. મારા માટે અત્યાર સુધી કોઈ સંબંધ સુખ કે ખુશી નહીં, ફક્ત જવાબદારી લાવ્યો છે.' સુધાંશુ એની અકળામણ પ્રગટ કરી બેઠો.

'શાંત થા સુધાંશુ.હું સગાસ્નેહીઓના સંબંધની વાત નથી કરતો. મિત્રતાના સંબંધની વાત કરું છું. જો લાખ રૂપિયા જેટલી રકમ હું આપી શકીશ. બાકીની ખૂટતી રકમ કુશલ સહેલાઈથી આપી શકશે.તું તારાં બોસને એ રકમ પરત કરી આ કળણમાંથી નીકળી જા. ઈટ્સ વેરી ડેન્જરસ્ ! ' જ્વલિતની વાત સાંભળી સુધાંશુ વિચારમાં પડયો.

એ સાંજે સેન્ટોર હોટેલમાં દીપેન અને ઈશાનીની ગોઠવાયેલી મુલાકાત દરમિયાન કુશલે કરેલા તમાશાથી નારાજ થઈ એણે કુશલને અપમાનિત કરેલો ત્યારથી એમના સંબંધોનાં વહેતાં વારિ

બંધિયાર તળાવનાં પાણીની જેમ સ્થગિત થઈ ગયેલાં.સુધાંશુએ જે રીતે એને ધધડાવી નાંખેલો,એનાથી નારાજ થયેલ કુશલે ન સુધાંશુને બોલાવ્યો હતો કે ન સુધાંશુએ કુશલની પરવા કરેલી.

આમ પણ કોઈને મનાવવું, સમજવું કે નમવું એ તો સુધાંશુના સ્વભાવની વિરુદ્ધ હતું. દુનિયામાં વ્યક્તિનો સૌથી મોટામાં મોટો દુશ્મન એનો ખુદનો સ્વભાવ છે. સ્વભાવની તાસિર પ્રમાણે શરીરના રોગ થાય છે, સંબંધો જોડાય છે કે તુટે છે.

'શું વિચારે છે તું?' જ્વલિતે પૂછ્યું.

'એ જ કે કુશલને પૂછવું યોગ્ય નથી. એ આમેય મને હમણાં ક્યાં મળે છે?' ચણચણતાં હૈયે અજાણપણે સુધાંશુ બોલી ગયો.

જ્વલિત હસી પડ્યો.એ બોલ્યો, 'ફ્રેન્ડશિપમાં એવું વિચારવાનું ન હોય દોસ્ત! એ તને નથી મળ્યો તો તું એને મળ.'

સુધાંશુના ચહેરા પર તરવરતી સ્પષ્ટ અનિચ્છા કળી લેતાં તે બોલ્યો, 'ઠીક છે. તું કુશલને કોઈ વાત ન કરીશ. હું વાત કરીશ. બસ?'

સુધાંશુ કંઈ બોલ્યો ન હતો. એ કુશલના સ્વભાવને જાણતો હતો. એને વિશ્વાસ હતો કે વાત એ કરે કે જ્વલિત કરે - સુધાંશુની તકલીફની વાત સાંભળતાંની સાથે જ કુશલ એની ચેકબુક કાઢી કોરો ચેક સાઈન કરીને આપી દેશે. કુશલને એના નાના પાસેથી સારી એવી રકમ વારસામાં મળેલી હતી .

પણ એવું કશું થયું ન હતું. કુશલને મળી જ્વલિત અને સુધાંશુ એના ફ્લેટમાંથી નીકળ્યાં ત્યારે સુધાંશુ એના દિલમાં ઊંડે સુધી ઊતરી ગયેલી ફાંસની પીડા સાથે બહાર આવ્યો હતો.

કુશલે ન એનું અપમાન કરેલું કે ન એની ઉપેક્ષા કરેલી. ઔપચારિકપણે એણે સુધાંશુને આવકારેલો. એની સાથે વાત પણ કરેલી. પણ જ્યારે જ્વલિતે એની પાસે સુધાંશુને મદદ કરવાનો પ્રસ્તાવ મુક્યો ત્યારે એ એટલું જ બોલ્યો, 'હાલ મારા ડેડી દુબઈ મહત્વના કામે ગયાં છે. એમને પૂછ્યા વગર મારાથી આ નિર્ણય ન લઈ શકાય અને હાલ એમને ડિસ્ટર્બ કરી શકાય એમ નથી. હું આ બાબતે સુધાંશુને કોઈ રીતે મદદરૂપ થઈ શકતો નથી.'

જ્વલિતે સુધાંશુની જિંદગી પર તોળાઈ રહેલ જોખમની વાત એને સવિસ્તર જણાવી હતી . તોય એને સ્પર્શી ન હતી. ફરી વાર એ એટલું જ બોલ્યો, 'સૉરી, આયમ રીઅલી હેલ્પલેસ!'

કુશલને ત્યાંથી પાછા ફરતી વખતે સુધાંશુ ઉદાસ અને ચૂપ હતો. અત્યાર સુધી કુશલ એને કોઈ પણ પ્રકારની મદદ કરવામાં પાછો પડ્યો ન હતો. કુશલનું બદલાયેલું વલણ સમજવું અને પચાવવું એના

માટે માટે દુષ્કર બનેલું.

જ્યારે કે જ્વલિતના આનંદનો પાર ન હતો. આ આખો પ્રસંગ ઈરાદાપૂર્વક ઊભો કરીને એણે સુધાંશુ અને કુશલને એકમેકથી દુર કરવામાં સફળતા મેળવેલી. જ્વલિત દ્વારા એક ધીમું ઝેર સુધાંશુની જિંદગીમાં ઝડપથી પ્રસરી રહેલું. ઝરણા પાસેથી એણે સુધાંશુનું મોબાઈલ બિલ મેળવેલું. એમાંથી એણે સુધાંશુના કોન્ટેક્ટસ શોધી કાઢી સાચા - ખોટા વ્યવહારનો તાળો મેળવી લીધેલો.

સુધાંશુ અને કુશલની નિષ્ફળ રહેલી મુલાકાત પરથી જ્વલિત નિષ્કર્ષ કાઢી શકેલો કે હાલ તો કુશલ ખુદ ઈચ્છી રહ્યો છે કે ગમે તે રીતે ઈશાનીની જિંદગીમાંથી સુધાંશુની બાદબાકી થાય. અન્યથા એ ચોક્કસ સુધાંશુને મદદ કરત.

જ્વલિત સાચો હતો. એ કડવી પણ સાચી હકીકત હતી . કુશલ એ સમયે સતત ઈશાનીને ઝંખી રહેલો.પરંતુ એને એ સમજાતું ન હતું કે સુધાંશુને ઈશાનીથી દુર શી રીતે કરવો?

જ્વલિતે જ્યારે એને સુધાંશુને હંમેશા માટે દૂર કરવાનો એક્શન પ્લાન કહી બતાવ્યો ત્યારે એણે અંદરખાનેથી રાજીપો અનુભવેલ. જો કે એનું પાપભીરું મન અંદરથી ડંખી રહેલું. એથી એણે ન તો જ્વલિતને એ પ્લાનનો અમલ કરવા પ્રોત્સોહિત કરેલો કે ન રોકેલો.પોતાના સંભવિત સુખની કામનામાં રાચતા કુશલે યુધિષ્ઠિરીય 'નરો વા કુંજરો' ની નીતિ અપનાવેલી.

એક તરફ જ્યાં મિત્રતા છે ત્યાં શત્રુતા છે. બીજી તરફ મિત્ર કે શત્રુ સ્વભાવના કારણે બનતા હોય છે. સુધાંશુના સ્વભાવના કારણે એના મિત્રો શત્રુ બન્યા હતા.

#########

આ વખતની સુધાંશુની ઈન્ટરનેશનલ ટ્રિપ હતી. લોકલ ટ્રિપમાં દર ટ્રીપે પંદર - વીસ હજાર કમાઈ લેતા સુધાંશુને આ ટ્રિપ પેટેનાં નાણાં લાખોની રકમમાં એડવાન્સ મળી ચુકેલાં. જે રકમ બરાબર એનાં પિતાની બાયપાસ સર્જરીના ટ્રીટમેન્ટ ખર્ચ જેટલી હતી.

શુભાંગી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એજન્સીએ એનો બોગસ ઓસ્ટ્રેલિયન પાસપોર્ટ બનાવેલો. એટલા માટે કે જો એ કદાચ પકડાઈ જાય તો એની સાચી ઓળખ બહાર ન આવે. એના છાંટા શુભાંગી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સને ન ઊડે. એ જ રીતે સુધાંશુના ઘરનાની પાછળથી કોઈ બદનામી કે સતામણી ન થાય.

જ્વલિત એરપોર્ટ પર સુધાંશુને મુક્વા આવેલો. છેક છેલ્લી પળ સુધી એ સુધાંશુ સાથે રહેલો. નર્વસ સુધાંશુને વિશ્વાસમાં લેતાં એણે કહેલું, 'સુધાંશુ, તું સહેજ પણ ચિંતા ન કરીશ. મારા ડેડી અહીંના ઈનચાર્જ અધિકારી છે. તું અહીંના ચેકિંગમાંથી આબાદ નીકળી જઈશ.'

એમ જ થયેલું. સુધાંશુની બેગ ખુદ જ્વલિતના ડેડીએ તપાસી એને આરામથી જવા દીધેલો. ન્યૂયોર્ક માટે પ્લેન ટેક ઓફ્ફ થયું ત્યારે સુધાંશુ સાતમા આસમાનમાં વિહરી રહેલો. એના મનથી એ એનું પચાસ ટકા કાર્ય પાર પાડી ચુકેલો.

મુંબઈ એરપોર્ટ પર જે ખેલ ભજવાયેલો એ જ્વલિતની પ્રેરણાથી ભજવાયેલો. જ્વલિતે એનાં ડેડીને વિશ્વાસમાં લીધેલા. સુધાંશુ સાથેના એના અંગત વેરની વાત છુપાવતા એણે ઈશાની પ્રત્યેનો કુશલનો પ્રેમ આગળ ધરેલો. જ્વલિતે ડેડીને કહેલું કે તમે આ પ્રમાણે વર્તીને એક નિર્દોષ યુવતીની જિંદગી બચાવવાની સાથે કુશલને એનો પ્રેમ મેળવવામાં મદદરૂપ થઈ શકશો.

જ્વલિતના ડેડી કુશલના આભાર હેઠળ પહેલેથી દબાયેલા હતા. કુશલે એના મામા દ્વારા એમનો સસ્પેન્શનો ઓર્ડર રદ કરાવેલો અને ફરી મુંબઈ ટ્રાન્સફર કરાવી આપેલી એય તે પ્રમોશન સાથે - એ બાબત એમના મનમાં ગઈકાલ જેટલી તાજી હતી.

જ્વલિતના ડેડીએ સુધાંશુને મુંબઈ એરપોર્ટ પર ઝડપાવી દેવાનું સૂચન કરેલું. જ્વલિત ભડક્યો હતો. એણે એના ડેડીને સમજાવતાં કહેલું કે એમ કરવાથી તો એનાં મિત્રો તરીકે થોડા છાંટા અમનેય ઊડશે. પોલીસ ઈન્કવાયરી અમારી પણ થાય .

એથી જ્વલિતના પ્લાન પ્રમાણે એનાં ડેડીએ સુધાંશુની બેગ ચેક કરતી વખતે સિલાઈ ચીરી કોકેઈન પાવડરનાં બે - ત્રણ પાઉચ સેરવી લીધેલાં. એ જ પાઉચ એમણે પાછળથી મુંબઈ નાર્કોટિક્સ સત્તાવાળાને બતાવેલાં. સુધાંશુના ન્યુયોર્ક પ્લેન લેન્ડિગ પહેલાં એ માહિતી અમેરિકન નાર્કોટિક્સ ડિપાર્ટમેન્ટને મળી ચૂકેલી. એ લોકોએ સુધાંશુને આબાદપણે પ્લેન લેન્ડ થતાં જ ઝડપી લીધેલો.

#########

વિખરાયેલા વાળ, સૂજેલી આંખો અને ધ્રૂજતા હોઠોએ ઈશાનીએ ફ્લેટનું ડૉર ખોલેલ. સામે સુધાંશુને જોઈ એનું હ્દય જાણે એક થડકારો ચૂકી ગયું. ઈશાનીની આવી અસ્વસ્થ હાલત જોઈ સુધાંશુને નવાઈ લાગી.

પોતે જાણે ઈશાની - કુશલનાં લગ્નથી અજાણ હોય એ રીતે કૃત્રિમ આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલ્યો, ‘ઓહ ઈશાની તું અહીં? હું કુશલને મળવા ખાસ આવ્યો છું. મારો જિગરજાન દોસ્ત કુશલ ક્યાં છે?’

બેડરૂમમાં કુશલને સુધાંશુના આગમનનો અણસાર આવી ગયો હોય તેમ એ ડ્રોઈંગરૂમમાં ધસી આવ્યો. સુધાંશુને જોતાં એના પગ ઓગળી રહ્યા. એ માંડ બોલી શક્યો, ‘સુધાંશુ તું?’

‘અરે યાર, જાણે મારું ભુત જોયું હોય એવા તમારા બંનેના ચહેરા કેમ થઈ ગયા છે? હું કંઈ મરી તો

નહોતો ગયો કે ભુત બનીને પાછો આવ્યો હોઉં?' એટલું બોલતાં સુધાંશુ ખડખડાટ હસી પડ્યો. સુધાંશુની આ કોમેન્ટનો જવાબ આપવાની બેમાંથી એકેયમાં ન હામ હતી કે ન શક્તિ હતી.

રૂમની દીવાલ પર ઈશાની - કુશલની જોડાજોડ શોભી રહેલ આકર્ષક તસવીર પાસે સુધાંશુ આવી ઊભો રહ્યો. એ પળે કુશલ અને સવિષેશ ઈશાનીનો શ્વાસ અધ્ધર થઈ ગયો. ન જાણે સુધાંશુના એ ફોટોગ્રાફ જોઈ શું પ્રત્યાઘાત પડશે!

ઈશાની પારાવાર તણાવ અનુભવી રહી. પુત્રવિયોગના આઘાત પછીનો સુધાંશુના અચાનક આગમનનો બીજો આંચકો પચાવવો ઈશાની માટે અઘરો બન્યો. એના પગ લથડ્યા. એ ઢળી પડે એ પહેલાં પાછળ ફરેલા સુધાંશુએ એને ઝીલી લીધી. કુશલ ત્યાં દોડી આવ્યો. બંનેએ ભેગા મળીને ઈશાનીને સોફા પર સુવાડી.

'લાગે છે કે મને જોઈ ઈશાનીને ખુશીનો એટેક આવી ગયો.' સુધાંશુ દાઢમાંથી બોલ્યો.

કુશલ સમસમી ગયો. એણે સુધાંશુની વાતનો જવાબ ટાળ્યો.તરત ડૉક્ટરને કોલ જોડ્યો. ડૉક્ટર સાથે વાત પૂરી થયા બાદ એણે સુધાંશુને કહ્યું, 'સુધાંશુ, તું ખોટા સમયે આવ્યો છે. ઈશાની અત્યારે ઘણા નાજુક તબક્કામાંથી પસાર થઈ રહી છે. અમારા પુત્ર કવનનું અપહરણ થયું છે.'

'આ શું કહે છે તું?' સુધાંશુ ચમકી ગયો. પછી પૂછ્યું, 'આ ક્યારે થયું? તેં પોલીસને જાણ કરી? કોઈનો ફોન આવ્યો? હું ખરેખર તને મદદ કરવા ઈચ્છું છું. આફ્ટરઑલ આપણે એક સમયે જિગરજાન મિત્રો રહી ચૂક્યા છીએ.'

કુશલ ક્ષણવાર રહી બોલ્યો, 'ગઈકાલે બપોર પછી કવનનું અપહરણ થયું. મેં પોલીસને જાણ નથી કરી. ફક્ત એક કૉલ આવ્યો હતો - કવનનું અપહરણ થયું છે એની જાણ કરતો. બાવીસ કલાક વીતવા આવ્યા છે. હજી સુધી બીજો કોઈ સંદેશ નથી આવ્યો.'

'પણ તેં પોલીસને જાણ કેમ ન કરી?' સુધાંશુ અકળાઈ ગયો.

'એટલા માટે કે અમારા માટે કવનથી વધુ કંઈ કીંમતી નથી. અપહરણકારોની જેટલા રૂપિયાની માગણી હોય એટલા આપવાની મારી તૈયારી છે. હું આ બાબતે કોઈ જોખમ લેવા માગતો ન હોઈ પોલીસને જાણ નથી કરી. જો આ કામ રૂપિયાથી પતતું હોય તો મને અપહરણકારનુંય લોહી રેડવામાં રસ નથી.' કુશલે સ્પષ્ટતા કરી.

'તું યાર પહેલેથી આવો પોચટ છે. સુધાંશુ સહજતાથી બોલી ગયો. પછી એના મનમાં ખન્નસ ઊમટી રહ્યું.... સાલા, મારા બાપની બાયપાસ સર્જરી વખતે તારો હાથ એકદમ ટૂંકો પડી ગયેલો. અત્યારે દીકરા પાછળ કેવો વર્ષોની કમાણીનો ખજાનો લૂંટાવવા બેસી ગયો છે. ભગવાન કરે તારો દીકરો તને ક્યારેય.....

અચાનક ફ્લેટનો ડૉરબેલ રણક્યો. સુધાંશુની વિચારધારા આગળ વધતી અટકી ગઈ.

ક્રમશઃ

પ્રકરણ - ૧૨

ઝંખના સુધાંશુએ એના પરિવાર વિશે પૂછેલા પ્રશ્નનો ઉત્તર નહોતી આપી શકી. એ સુધાંશુનાં માતા - પિતા વિશે તો ખરેખર કંઈ જાણતી ન હતી. અને જે કંઈ જાણતી હતી એ અત્યારે સુધાંશુને જણાવી શકે એમ ન હતી .

સુધાંશુએ ટિપોઈ પર મૂઠઠી પછાડતા કહ્યું, 'મને અને મારા પરિવારને વેરવિખેર કરનારને હું નહીં છોડું. તું જોઈ લેજે ઝંખના કે એમના કેવા હાલહવાલ થાય છે!'

ઝંખના ચુપચાપ સુધાંશુને જોઈ રહી. એ કુશલ અને ઈશાની બેયથી અંદરખાનેથી થોડી ઘણી નારાજ હતી જ. એના મતે પેલા બંનેને લીધે એ અને સુધાંશુ ક્યાંયનાં રહ્યાં ન હતા.

સુધાંશુ માનતો હતો કે જ્વલિતની મદદથી કુશલે મને ન્યુયોર્કમાં પકડાવી ઈશાનીને હાંસલ કરવામાં સફળતા મેળવી છે. કમનસીબે સુધાંશુ ક્યારેય સાચી હકીકત જાણી શકે એમ ન હતો કે ખરેખર તો જ્વલિતે એની સાથે સ્વતંત્રપણે એના મનમાં ઘુંટાઈ રહેલા અપમાનનો બદલો લીધો હતો. જેનો આડકતરો લાભ કુશલ પામેલો. અધુરી જાણકારી અને દ્રોહની પીડાને મનમાં ભંડારી કુશલ - ઈશાનીને મળવા આવેલો સુધાંશુ હાલ એમના પુત્ર કવનના અપહરણનું કોકડું ઊકેલવા બેસી ગયેલો.

લોનાવલા રોડ પર સરી રહેલી હોન્ડા એકોર્ડમાં બેઠેલી ચારેય વ્યક્તિઓના જીવ - ઊંચા હતા. સુધાંશુ હજી કુશલને ત્યાં હતો અને અપહરણકારોનો ખંડણીની રકમની માંગણી કરતો કોલ આવેલો. કુશલે એમનો સંદેશો સાંભળી લીધા બાદ જ્વલિતને કૉલ જોડ્યો.

જ્વલિત ત્યાં આવવા તાત્કાલિક નીકળી ગયેલો. જ્વલિત કુશલને ત્યાં આવી રહ્યો છે એ જાણી સુધાંશુ મનોમન વળ ખાઈ ગયેલો.

મુર્છાવશ બની ગયેલી ઈશાનીની સારવાર માટે ડૉક્ટર આવી પહોંચેલા. એથી કુશલ સાથે સુધાંશુ - જ્વલિત વિશે કોઈ વાત ન કરી શકેલો. જ્વલિત વિષે ઊઠતા પ્રશ્નોને સુધાંશુએ મનમાં જ દબાવી દીધાં.

ડૉક્ટરે ઈશાનીની મુર્છા ઉતારવા ઈન્જેકશન આપી દીધેલું. કલાકની અંદર ઈશાની ભાનમાં આવી જશે એમ કહી એ ચાલ્યા ગયેલા. સુધાંશુ કુશલનું અવલોકન કરી રહ્યો હતો.

કુશલ ઈશાનીની જે રીતે શુશ્રુષા કરી રહેલો એ જોઈ એની ભીતર કંઈક હલી ગયું. કોઈનો પણ પ્રેમ માપવાની પારાશીશી આજસુધી દુનિયામાં નથી શોધાઈ તો સુધાંશુના મનમાં ઊઠી રહેલાં એ પ્રશ્નનો જવાબ ક્યાંથી મળવાનો હતો કે ઈશાનીને એ વધુ ચાહતો હતો કે કુશલ વધુ ચાહી રહ્યો છે!

કુશલ એકટક નજરે ઈશાનીને જોઈ રહેલો. એ ઈશાની જલદીથી ભાનમાં આવે એ માટે મનોમન પ્રાર્થી રહેલો.

ફ્લેટનો ડૉરબેલ રણકતાં સુધાંશુ સતર્ક બન્યો. કુશલે દરવાજો ખોલ્યો. જ્વલિત અંદર પ્રવેશ્યો. જ્વલિતને જોતાં કુશલે રાહતનો દમ ખેંચ્યો. સુધાંશુ એની તેજ નજરોથી જ્વલિતને અવલોકી રહેલો.

સુધાંશુ પર નજર પડતાં જ્વલિત થાંભલો બની ગયો. સુધાંશુએ જ્વલિતની સામે એનાં જ અંદાજમાં આંખો મિચકારી .અને... ઓહ માય ગોડ...એમ જ્વલિત મનોમન લવી ઉઠયો.

એ દરમિયાન ઈશાની ભાનમાં આવતાની સાથે બેઠી થઈ ગઈ. એ બેબાકળી બની પૂછવા લાગી 'કવન આવ્યો?મારો કવન કયાં છે?'

કુશલ ઈશાનીને સાંત્વન આપતો એની હથેલીઓને પસવારતાં કહી રહ્યો, 'ઈશાની, એમનો કોલ આવી ગયો છે. હું અને જ્વલિત પૈસા લઈને કવનને લેવા જઈએ છીએ.'

ઈશાની તરફડી ઉઠી. એ ઊભી થઈ જતાં બોલી, 'હું પણ આવીશ.'

પેલા બેયની સાથે સુધાંશુય ચમક્યો. અત્યારે વધુ દલીલ કરવાનો સમય ન હતો. એથી જ્વલિત અને કુશલે કોઈ વિરોધ ન કર્યો.

સુધાંશુ ઊભો થયો. એના પેન્ટના ખિસ્સામાં હાથ નાખી ટચૂકડી રિવોલ્વર કાઢી. રિવોલ્વરના નાળચા પર સાયલેન્સરને ચઢાવી હળવાશપૂર્વક બોલ્યો, 'હું પણ આવું છું. વગર હથિયારે એવા ખતરનાક માણસો સાથે પનારો પાડવો ઠીક નહીં.'

સુધાંશુના હાથમાં રિવોલ્વર જોઈ ત્રણેયના ચહેરા પરથી લોહી ઊડી ગયું. સ્વાભાવિકપણે બધાને સુધાંશુના ઈરાદાઓ વિષે સંદેહ જાગ્યો. કુશલ પારાવાર ટેન્શનમાં આવી ગયો. એને થયું કે કવનને બાનમાં રખાયેલા સ્થળે ખરાખરીનો જંગ ખેલાશે કે શું? આવું કંઈ ન થાય એટલે એણે જ્વલિત સાથે પહેલાં જ શરત કરી લીધી હતી કે એ ઈન્સ્પેક્ટરની નહીં, ફેમિલીમિત્રની હેસિયતથી એમની સાથે એની પોલીસ ટીમ વગર એકલો આવશે. સુધાંશુ સૌથી આગળ થયેલો. બધાય અપહરણકારોએ આપેલા સરનામે સાથે જવા નીકળ્યા.

કુશલ ચૂપચાપ ગાડી ચલાવી રહેલો. સુધાંશુ એની બાજુમાં બેઠેલો. પાછળ ઈશાની અને જ્વલિત

બેઠેલાં.વરસો પછી અચાનક ટપકી પડેલાં સુધાંશુ સાથે શી વાત કરવી એની ત્રણમાંથી એકેયને સૂઝ નહોતી પડતી.

ઈશાનીને સુધાંશુને ઘણું કહેવું હતું પણ એકાંતમાં! કુશલનેય એની સાથે દિલ ખોલીને વાત કરવી હતી. એકમાત્ર જ્વલિતના મનમાં ચોર હતો. એ સુધાંશુથી મનોમન ભય પામી રહેલો.

'તું તારા પપ્પા - મમ્મીને મળ્યો?' કુશલે આખરે વાતની શરૂઆત કરી. સુધાંશુની નબળી રગ દબાઈ. એની આંખમાં ઝેર ઊતરી આવ્યું. એને ઈચ્છા થઈ આવી કે હમણાં જ રિવોલ્વર કાઢી ટ્રિગર દબાવી કુશલની ખોપરી ઉડાડી દઉં. સુધાંશુએ પહેલી વાર એની જાત પર કાબૂ મેળવ્યો. નહીં, હજી થોડીવાર છે.

એ જ્યારે આમ વિચારી રહેલો ત્યારે પાછલી સીટ પર બેઠેલી ઈશાની મંદ સ્વરે બોલી, 'અમે તારાં મમ્મી - પપ્પાને ગયા અઠવાડિયે મળવા ગયેલાં.'

સુધાંશુએ પાછું વળી ઈશાની તરફ જોયેલું.એ ધીરે ધીરે આગળ બોલી, 'અમે અમદાવાદ ગયાં હતા. ત્યાં નજીકમાં નૈનપુર ગામે જલાબાપાનું ભવ્ય મંદિર છે. ત્યાંનું ટ્રસ્ટ સરસ વૃદ્ધાશ્રમ ચલાવે છે. એમાં કુશલે મોટું દાન આપ્યું છે. કુશલ અમુક ચોક્કસ રકમનું દાન આપે તો એમાં એક પ્રૌઢ યુગલ માટે એક કાયમી રૂમની વ્યવસ્થા કરી આપવાની વ્યવસ્થાપકોએ બાંયધરી આપેલી. કુશલે એ પ્રમાણે દાન આપી તારાં મમ્મી - પપ્પાને સ્પોન્સર કર્યા છે. તેઓ ત્યાં ખુશીપૂર્વક રહે છે.'

સુધાંશુ ઘડીભર સ્તબ્ધ બન્યો. છતાંય એના મનની કડવાશ લગીરેય ઓછી ન થઈ. એ કટુતાપૂર્વક બોલ્યો, 'કુશલ તારી મારાં મા - બાપ પરની આટલી મોટી મહેરબાનીનું કારણ? તેં એમનાથી એમની ઘડપણની લાકડી સમો દીકરો દૂર કર્યો છે એવી અપરાધભાવના તો કામ નથી કરી રહીને?'

કુશલનો ચહેરો ઝાંખો પડી ગયો. સુધાંશુની વાત સો ટકા સાચી હતી.પણ ઈશાની ગુસ્સે ભરાઈ, 'શરમ કર સુધાંશુ. તું તો મને નરકથીયે બદતર હાલતમાં મૂકી ગયેલો. તે ન તારાં મમ્મી - પપ્પાની ફિકર કરી કે ન ઝરણાની. અમારા બધા પર તારી ગેરહાજરીમાં શું વીતી એની તને શી ખબર? જો અમને બધાયને કુશલે સંભાળી ન લીધાં હોત તો ન જાણે અમે કઈ હાલતમાં હોત!' ઈશાનીના ગળે ડૂમો ભરાયો.

'સ્ટોપ ઓલ ધિસ નોનસેન્સ ઈશાની!' સુધાંશુ બરાડ્યો. ઈશાની હેબતાઈ ગઈ.

નમ્ર સ્વરે કુશલ બોલ્યો, 'સુધાંશુ એ બધી સ્પષ્ટતા આપણે પછી કરીશું. પહેલા આપણે શાંતિપૂર્વક કવનનો મામલો નિપટાવી લઈએ.'

'કેમ? આજે તારી બૈરી પાસે તારાં ઊજળાં લુગડાંનો મેલ જાહેરમાં ધોવાવાની તને બીક લાગે છે સાલા! કાન ખોલીને સાંભળ ઈશાની - તારો પતિ લુચ્ચો, સ્વાર્થી, કપટી અને દગાબાજ છે.'

સુધાંશુએ જે બધી વાત ઝંખનાને સવિસ્તર જણાવેલી એ તમામ હકીકત ઈશાનીને જણાવી. ઈશાનીને આ વાત પર વિશ્વાસ નહોતો બેસતો. એ અવિશ્વાસપૂર્વક સુધાંશુ તરફ જોઈ રહી.

‘હવે પૂછ તું તારાં ધરાર બની બેઠેલા પતિ કુશલને કે આ બધી વાત સાચી છે કે ખોટી?' સુધાંશુની ઉગ્રતાથી ઈશાની ધ્રુજી ઊઠી. કુશલનું મૌન એને ઘણું બધું સમજાવી ગયેલું. એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

કુશલ અસ્વસ્થ બની ગયો. જ્વલિત મનોમન સળગી રહેલો. અંતે સુધાંશુ એના મિત્ર કુશલના જીવનમાં ચિનગારી ચાંપી ચુકેલો.

હવે ગરમ થતાં જ્વલિતે વાતનો દોર હાથમાં લીધો, ‘સુધાંશુ ખરો છે તું. તારી ફરિયાદ મારી અને કુશલ સામે છે. શું તું ખરેખર ઈશાનીને પ્રેમ કરતો હતો? જેને તું એક સમયે ચાહવાનો દાવો કરતો હતો એને તું આજે ખુદ દઝાડી રહ્યો છે. અત્યારની એની માનસિક હાલત વિશે તો તું વિચાર કર. જે સ્ત્રીના માસુમ પુત્રનું અપહરણ થયું હોય એનાં મનમાં શું-શું થતું ન હોય?’

'ફક્ત ઈશાનીની તરફદારી કેમ કરે છે જ્વલિત? એવી જ હાલત પિતા તરીકે કુશલનીયે હશે. ખરુંને? સુધાંશુએ ઠંડો ડામ દીધો.

‘સાચી વાત છે. કુશલને ક્યારેય એની લાગણીઓ પ્રગટ કરતાં નથી આવડયું. બાય ધ વે, તારી એક વિશેષ જાણકારી માટે સ્પષ્ટતા કરું છું કે કવન એ કુશલ - ઈશાનીનો પંડનો નહીં, દત્તક પુત્ર છે!' જ્વલિતે ફટાકડો ફોડ્યો. સુધાંશુ મૂઢપણે જ્વલિતને સાંભળી રહ્યો. એ ન માનતી નજરે ગાડી ડ્રાઈવ કરી રહેલા કુશલને જોઈ રહ્યો.

‘સુધાંશુ, તું માને છે એટલો કુશલ ક્યારેય ખરાબ ન હતો અને નથી. કવન એ એક અકસ્માતમાં માર્યા ગયેલાં કુશલની કંપનીનાં એક કર્મચારી દંપતીનો પુત્ર છે.’ જ્વલિતની વાત સાંભળી સુધાંશુ ક્ષણભર માટે આંખો બંધ કરી ગયો. દત્તક પુત્ર માટે જાન અને માલ બંનેય દાવ પર લગાડનાર કુશલનુ આખરે શું કરવું એ વિચારે તે અવઢવમાં મુકાયો.

#########

લોનાવલાના ઉજજડ લાગતા એક ફાર્મહાઉસ પાસે ગાડી ઊભી રહેલી. સુધાંશુ ઝબકી ઊઠ્યો. ગાડી નિર્ધારિત સ્થળે પહોંચી ચૂકી હતી.

એણે કારમાં બેઠેલાં ત્રણેયને આદેશાત્મક સૂરે કહ્યું, ‘એક મિનિટ, કોઈએ ગાડીની નીચે નથી ઊતરવાનું.’ એ ત્રણેયમાંથી કોઈ એને કારણ પૂછે એ પહેલાં એણે પોતાનો મોબાઈલ ઓન કરી કાને માંડ્યો.

એ બોલ્યો 'સાંભળ નટુ, પેલા ટેણિયાને મુકી તમે બધા તમારી ગાડીમાં વન - ટુ - થ્રી થઈ જાઓ. હાલ કોઈ વાત નહીં. તમારા બાકીના બધાય પૈસા કાલે મળી જશે.'

ગાડીમાં બેઠેલાં કુશલ - ઈશાની - જ્વલિત ત્રણેય ફાટી આંખે સુધાંશુને સાંભળી રહ્યાં. એનો મતલબ એ હતો કે આ અપહરણકાંડનો મુખ્ય સૂત્રધાર સુધાંશુ હતો.

થોડી મિનિટો પછી એક ઈનોવા ફાર્મહાઉસની બહાર નીકળી હતી. બીજી જ પળે જ્વલિતે સુધાંશુના લમણે રિવોલ્વર તાકી બીજા હાથે એણે મોબાઈલ કાને લગાડતાં પાછળ લગોલગ આવી ચુકેલી જીપને ઈનોવાનો પીછો કરવા જણાવી દીધેલું.

'યુ બાસ્ટર્ડ...' સુધાંશુએ પાછળ ફરી એની રિવોલ્વર જ્વલિત તરફ તાકી. બંનેયની આંખોમાં એકમેક માટે ભારોભાર ધિક્કાર છલકાઈ રહેલો. કુશલે સામસામે તકાયેલી રિવોલ્વર આડે પોતાનો હાથ ધરી દીધો, 'પ્લીઝ, સુધાંશુ ઉતાવળ ન કરતો. જ્વલિત તારી બહેન ઝરણાનો પતિ છે. એક ઈન્સ્પેક્ટર પતિ!'

સુધાંશુનો હાથ ધ્રૂજી ગયો. જ્વલિતનાં જડબા ભીંસાયેલાં હતા. જો સુધાંશુ એની પત્ની ઝરણાનો ભાઈ ન હોત તો એ આજે ચોક્કસ સુધાંશુને વીંધી ચૂક્યો હોત.

જ્વલિતના જીવનમાં ઝરણાનો પત્ની તરીકેનો પ્રવેશ નાટયાત્મક રીતે થયેલો. કોકેઈન કાંડની ફસામણીમાંથી ઊગરેલી ઝરણા ઘોર હતાશામાં સરી પડેલી. એને આ આઘાતમાંથી બહાર લાવવા કુશલે જ્વલિત પર એની સાથે લગ્ન કરવા દબાણ કરેલ. જ્વલિતને ઝરણાની સાદગી અને નિર્દોષતા ગમતી. એને ઝરણા માટે સહાનુભૂતિ પણ હતી. પરિણામે એણે એને નોકરી અપાવવામાં મદદ કરેલી.

એણે કુશલ તરફથી મૂકાયેલો પ્રસ્તાવ સ્વીકારી લીધેલો. બીજું એક કારણ એ પણ હતું કે એનાં ઉપરી અધિકારી એને વારંવાર પેલા કોકેઇન કાંડની યાદ અપાવતા પૂછયે રાખતાં કે એ ક્યારે ઝરણા સાથે લગ્ન કરી રહ્યો છે .

અલબત્ત, જ્વલિત્તને શરૂઆતમાં એનાં માતા - પિતાનો એણે પ્રબળ વિરોધ સહેવો પડેલો . થોડા સમય માટે એ જુદો પણ થયેલો.પરંતુ એમને ત્યાં જોડિયા પુત્રોનો જન્મ થતાં જ્વલિતને પરિવાર સહિત એના મમ્મી - ડેડી ઘરે તેડી લાવેલાં.

સુધાંશુ સાથેની મુલાકાત વેળાએ ઝંખનાએ જે વાત નહોતી જણાવી એ આ જ હતી કે તારાં કટ્ટર દુશ્મન સાથે જ તારી બેન ઝરણા પરણી છે . એને ડર હતો કે ન જાણે આ વાતનાં સુંધાશુ પર શા પ્રત્યાઘાત પડે . થોડા સમય માટે ઈન્ડિયા આવેલો સુધાંશુ બીજી કોઈ બબાલમાં ફસાય એવું તે ઈચ્છતી ન હતી . પણ આમ નહીં તો તેમ , સુધાંશુએ અપહરણ કાંડ સર્જ્યો હતો અને એ ફસાયો હતો .

#########

ઈશાનીએ જ્વલિતને કોલ કર્યાની ભૂલ ઘણી મોટી સાબિત થયેલી. ફાર્મહાઉસમાંથી નીકળેલી ઈનોવાને પોલીસે આંતરી લીધેલી. નટુ એના સાથીદારો સાથે ઝડપાઈ ગયેલો. એણે સુધાંશુનું નામ આપતાં સુધાંશુ પોલીસ કસ્ટડીમાં હતો. કુશલ પરેશાન હતો.

જ્વલિત સુધાંશુનાં કેસમાં જરાય છૂટછાટ મૂકવા તૈયાર ન હતો. આ બાબતે ઈશાનીના શા પ્રત્યાઘાત પડશે એ બાબતે કુશલ ચિંતિત થઈ રહેલો. પરંતુ ઈશાની એની પાસે કોઈ ખુલાસો માગવાની ન હતી, ક્યારેય નહીં.

ક્રમશઃ

પ્રકરણ - ૧૩

ઈશાની અને કવનને ગાડીમાં ઘરે મોકલી દીધા બાદ કુશલે સુધાંશુને પોલીસ હિરાસતમાંથી છોડાવવા મોડી રાત સુધી મહેનત કરેલી. એણે વકીલનો સંપર્ક કરેલો. જામીનની રકમ આપવાની તૈયારી દાખવેલી. પરંતુ એની બધીય મહેનત જ્વલિતની આડોડાઈથી પાણીમાં ગયેલી.

કવનના અપહરણથી પરેશાન થઈ ગયેલી ઈશાનીએ જ્યારે જ્વલિતને કૉલ લગાડેલો કે કુશલે એનો મોબાઈલ એનાં હાથમાંથી લઈ લેતાં કટ કરેલો. કુશલે એને અપહરણકારોની પોલીસને ઈન્ફોર્મ ન કરવાની સૂચના યાદ દેવડાવેલી. એણે ઈશાનીને ચેતવતાં કહેલું કે જ્વલિતને આ બાબતમાં સામેલ કરતાં કવન પર જોખમ વધશે.

ત્યારે ઈશાની બોલી હતી, ‘કુશલ, હું પી.એસ.આઈ. જ્વલિતને નહીં મિત્ર જ્વલિતને કોલ કરી રહી છું. આપણે ફક્ત જ્વલિતના અનુભવની મદદ લઈશું, નહીં કે એની પોલીસ ટીમની!’

ત્યાર બાદ જ્વલિત સાથે બંનેએ વિગતવાર ચર્ચા કરી પોલીસ દરમિયાનગીરીની સખત મના ફરમાવી હતી. છતાં જ્વલિતે એમને અંધારામાં રાખી પોલીસ જોડે રાખેલી.

એથી કુશલ જ્વલિતથી ખાસ્સો નારાજ થયો હતો. એ પોલીસ સ્ટેશનમાં જ્વલિત સાથે બાખડી પડ્યો, ‘જ્વલિત, તેં અમારા વિશ્વાસનું અપમાન કર્યું છે. અમે તને ના પાડી હોવા છતાં તું પોલીસ ટીમ લઈને આવ્યો અને આખી બાજી બગડી ગઈ.’

‘તું મૂરખ છે કુશલ! સુધાંશુએ જે કંઈ કર્યુ એ કોઈ રમત ન હતી. એ ગુનો છે ગુનો! એણે તારા પુત્ર કવનનું અપહરણ કરાવેલું.’ જ્વલિત ખીજવાયો.

'સુધાંશુએ જે કંઈ કર્યુ એ આપણે એની સાથે કરેલા વ્યવહારનો પ્રત્યાઘાત છે. હું ઈશાનીની નજરમાંથી તદ્દન ઊતરી ચૂક્યો છું. એની આંખોમાં મેં પહેલી વાર મારા માટે છલોછલ ધિક્કાર છલકતો જોયો. કોઈ સ્ત્રી પોતાના પ્રથમ પ્રેમને ક્યારેય નથી ભૂલતી. ઈશાની આજેય સુધાંશુને ચાહે છે. મારે મારાં મોહમાં આવી જઈ ભૂલથી કરેલાં એ કાર્યનું પાયશ્ચિત કરવું છે . એ બંનેયને હંમેશ માટે મેળવી દેવા છે.’ કુશલે સ્પષ્ટ કહ્યું.

જ્વલિતનું ભવન કુશલની આવી વાત સાંભળી સાવ ફરી ગયું. કુશલની વાત સાંભળી ઉશ્કેરાયેલો જ્વલિત સુધાંશુના ગળે ગાળિયો વધુ મજબૂત શી રીતે કસવો એ વિચારી રહ્યો. જ્વલિત એની

ડ્યુટીનો સમય પૂરો થતાં ઘરે ચાલી ગયેલો. બીજી શિફ્ટમાં આવેલા પોલીસ ઈન્સ્પેક્ટરે આ કેસ જ્વલિતનો છે - એમ કહેતાં હાથ ઊંચા કરી દીધેલા.

થાકી - હારીને કુશલ મોડી રાત્રે ઘરે પોહચેંલો. એણે ડુપ્લિકેટ ચાવીથી ફ્લેટ ખોલેલો. ઈશાનીને એણે કોલબેલ વગાડી જગાડેલી નહીં, કેમ કે એક તો એ ઈશાનીની ઊંઘ બગાડવા ઈચ્છતો ન હતો અને બીજું ખાસ એ હતું કે એનામાં ઈશાનીનો સામનો કરવાની હિંમત ન હતી.

એણે વિચાર્યું કે એ કાલે સવારે ઈશાનીની માફી માગી લેશે. એટલું જ નહીં, ઈશાનીને સુધાંશુ સાથે જવાની સ્વતંત્રતા અને સંમતિ બંનેય આપશે. એણે બેડરૂમમાં ન જતાં ડ્રોઈંગરૂમના સોફા પર લંબાવી દીધું. મિનિટોમાં એની આંખો ઘેરાઈ હતી. એ ઘસઘસાટ ઊંઘવા લાગ્યો. સૂઈ ગયેલા કુશલને ખબર ન હતી કે આજથી એનું નસીબેય સૂઈ ગયું છે. જો એ થોડી ક્ષણો માટે પણ બેડરૂમમાં ગયો હોય તો? તો કદાચ.......

પુત્ર કવન સાથે ફ્લેટ પર પાછી ફરેલી ઈશાનીની વેદનાનો પાર ન હતો. જે બંનેયને એણે ભરપુર ચાહ્યા હતા એવા પતિ કુશલ અને પ્રેમી સુધાંશુ બંનેને એને ભરપૂર અન્યાય કરેલો.

કુશલને ઈશાની શી રીતે માફ કરે? ઈશાનીને પામવા કુશલ સુધાંશુથી વિમુખ બનેલો. સુધાંશુની જરૂરતના સમયે એ એનો મદદગાર ન બન્યો. પરિણામે સુધાંશુ ગુમરાહ થયો અને ઈશાનીએ એનો પ્રથમ પ્રેમ ખોયો. ઈશાનીને પામવા માટે વિહવળ બનેલા કુશલે ઈશાનીની સુધાંશુ પ્રત્યે રહેલી લાગણીઓની કોઈ પરવા ન કરેલી.

અને સુંધાશુ? જે સુધાંશુને એણે અઢળક પ્રેમ કરેલો, તન - મનથી સમર્પિત થઈ ચૂકેલી, એનાં કારણે વરવી બદનામીય સહી ગયેલી એ સુધાંશુએ આજે શું કર્યું? અરેરે... કુશલ સામે બદલો લેવા એમના પુત્ર કવનનું અપહરણ કરાવતી વેળાએ સુધાંશુને એક વારેય એવો વિચાર ન આવ્યો કે એ પુત્ર ઈશાનીનોય છે. એ અપહરણથી માસૂમ કવન પર શું વીતશે? એની જનની ઈશાની પર શી વીતશે?

એની જ જિંદગીની આ બંનેય હૃદયસ્પર્શી ઘટનાઓમાં એનો કોઈ દોષ ન હોવા છતાં સૌથી વધુ એને સહેવાનું આવ્યું હતું . એય તે એને ખૂબ ચાહવાનો દાવો કરનાર એના પતિ અને પ્રેમી તરફથી ! ઈશાની લાગણીશુન્ય બની. એનું સંવેદનતંત્ર આ બીનાથી એટલું જોખમાયું કે પ્રત્યાઘાતરૂપે કુશલને સૂતો મૂકી એણે રાતોરાત હંમેશ માટે જ બધું છોડયું ન ફક્ત કુશલને, ઘર અને મુંબઈ સુધ્ધાં!

કુશલને જયારે ખ્યાલ આવ્યો કે ઈશાની ઘર છોડી ચાલી ગઈ છે ત્યારે એ બેબાકળો બની ગયો. એ એનાં બધાં સગાં - પરિચિતો - મિત્રોને ધડાધડ કોલ કરવા લાગ્યો. એને લાગ્યું કે તાત્કાલિક પ્રત્યાઘાતરૂપે ઈશાનીએ ઘર છોડયું છે. એના ગુસ્સાનો પારો ઉતરશે એટલે એ પાછી ફરશે.

ઈશાની ઘર છોડી ચાલી ગઈ છે - એ જાણી જ્વલિતના કપાળ પર કરચલીઓ પડી.....ધત્ તેરી, આ ઈશાનીને સમયાંતરે ગુમ થવાનો રોગ લાગુ પડેલ છે કે શું ? આજથી છ વરસ પહેલાં આ જ રીતે

એકાએક ગુમ થઈ ગયેલી. હવે ફરી આજે ? એ મહામાયા કયાં ગઈ હશે? એની અને કવનની ગેરહાજરીથી સુધાંશુનો કેસ લૂલો બની જશે. જ્વલિત પર ઈશાની અને કવનને શોધવાની એક ઓર જવાબદારી આવી પડી.

ઝરણા આ આખીય બાબતથી અજ્ઞાત હતી. સુધાંશુ પહોંચેલી માયા હતો. જો એ અમેરિકન જેલમાંથી મુકત થઈ શકેલો તો અહીંના કાયદા - કાનૂન એના માટે કોઈ મહત્ત્વ ધરાવતા ન હતા. એણે પોતાના માટે સારામાં સારો વકીલ શોધેલો. લીલી - નોટોની થોકડીઓ સામે નટુ કોર્ટમાં ફરી ગયેલો. એણે સુધાંશુને ઓળખવાનો ઘસીને ઈનકાર કરી દીધેલો.સુધાંશુ છૂટી ગયેલો અને જ્વલિત હાથ ઘસતો રહી ગયેલો .

ફકત પંદર દિવસના ગાળામાં કુશલ ઘણો સુકાઈ ગયેલો. ઈશાની ખરેખર હંમેશા માટે ઘર છોડી ચાલી ગઈ છે, એ સત્ય એને સમજાયું ત્યારે એને ભારે ધક્કો લાગેલો

જ્યારે જ્વલિત એને મળવા એનાં ઘરે આવતો કે કુશલ એના પર વરસી પડતો, ‘સુધાંશુને જેલમાં નાખી તેં શું મેળવ્યું જ્વલિત? તારા દોઢડાહ્યાપણાને લીધે ઈશાની જતી રહી. એ સુધાંશુને આજેય ચાહે છે. એથી સુધાંશુને જેલમાં નખાવવામાં હુંય તારો ભાગીદાર છું - એમ સમજી એ ઘર છોડી ગઈ છે. ન જાણે એ કયાં હશે? કઈ હાલતમાં હશે? એ એકલે હાથે કવનને શી રીતે સંભાળતી હશે! યુ ગેટ લોસ્ટ જ્વલિત. ડૉન્ટ શૉ મી યોર બ્લેક ફેસ ! ‘

કુશલનો વલોપાત અને બગડતી હાલત જોઈ જવલિતે મનોમન ગાંઠ વાળી હતી કે ઈશાનીને એ ગમે ત્યાંથી શોધી કાઢશે. એક વાર ફરી એનો કુશલ સાથે ભેટો કરાવી આપીશ. પછી - કુશલને જે કરવું હોય તે કરે. ભલે ને એ મૂરખને એની પત્નીનું દાન કરવું હોય તો સુધાંશુને દાન પણ કરે. મારાં કેટલા ટકા ?

એ સાથે એમ પણ વિચારતો કે ઈશાનીના ચાલ્યા જવાનું સાચું કારણ એક માત્ર ઈશાની પોતે જાણે છે. કમસે કમ એ એક વાર મળી જાય તો એટલું તો પુરવાર થશે કે એના ઘર છોડી જવા માટે પોતે જવાબદાર ન હતો. ખુદ ઈશાની જવાબદાર હતી કે જેણે પરિસ્થિતિનો સામનો કરવાનાં બદલે પલાયન થઈ જવાનું પસન્દ કરેલું .

કોર્ટમાં નટુ તો ઠીક, પરંતુ કુશલેય સુધાંશુ વિરુદ્ધ જુબાની આપેલી નહીં. સુધાંશુને આ વાતની નવાઈ લાગેલી. એ કુશલ પ્રત્યે થોડો વધુ કુણો પડ્યો.

#########

સુધાંશુનો ટેકસાસ પરત ફરવાનો દિવસ આવી ગયેલો. ઝંખનાને સુધાંશુએ હોટલ પર બોલાવેલી. ઝંખનાનું મન ફરી એક વાર સુધાંશુના મધમીઠા વિચારોએ ચડયું. એ આજે એના દિલની લાગણીઓ સુધાંશુ પાસે વ્યકત કરવા ઈચ્છી રહેલી.

પણ એ કમનસીબે ત્યાં પહોંચી ત્યારે કુશલ પહેલેથી આવીને બેઠેલો. કુશલને ત્યાં જોતાં એણે ભોંઠપ અનુભવી. કુશલ ઝંખનાને ત્યાં સુધાંશુને મળવા આવેલી જોઈ ચમક્યો જરૂર, પરંતુ એ બધાય એક સમયનાં મિત્રો હતાં. એથી એમણે સહજપણે એકમેકની હાજરી સ્વીકારી.

કુશલ વગર બોલાવ્યે અચાનક સુધાંશુને મળવા આવેલો. એણે સુધાંશુને કહ્યું, ‘સુધાંશુ, મને ઈશાની મળશે કે હું તરત તને જાણ કરીશ. તું મને વચન આપ કે વરસો પહેલાં તે જેટલી ઉત્કટતા અને પ્રેમથી ઈશાનીને ચાહેલી એટલા જ સ્નેહથી તું એને અપનાવી લઈશ.’

સુધાંશુએ કોઈ જવાબ ન આપ્યો. એ જાણે ક્યાંય ખોવાઈ ગયેલો. કદાચ ઈશાનીની યાદમાં!

ઝંખનાના દિલમાં કંઈક ધારદાર ખુંચ્યું. એનાં સ્વપ્નોની આડે ફરી એક વાર ઈશાની આવીને ઊભી રહી ગઈ હતી. કુશલ પ્રત્યે એના મનમાં પારાવાર કટુતા ઊભરાઈ. એ સમયે જ્યારે તે કુશલને ઈશાની સાથે લગ્ન ન કરવા સમજાવવા ગયેલી ત્યારે એ માન્યો ન હતો. હવે આજે મારી અને સુધાંશુની વચ્ચે ઈશાનીને ઉપસ્થિત કરતાં સુધાંશુને કહી રહ્યો છે કે તું ઈશાનીને અપનાવી લેજે. બેય સુધાંશુના પ્રત્યુતરની રાહ જોઈ રહેલાં.

‘વેલ, તો તું ઈશાની મળી જાય એટલે મને જાણ કરજે. હું ચોક્કસ આવી જઈશ.' સુધાંશુએ કુશલની નજરોમાં નજર પરોવતા કહેલું. એણે જોયું કે કુશલની આંખો ભીની બની છે.

સુધાંશુ કુશલની આંખોમાં રહેલી છવાઈ ગયેલી ભીનાશને વધુ વાર ન જોઈ શકયો. એ ઊભો થઈ ગયો. કુશલે એની સાથે ઊભા થતાં એનો મોબાઈલ નંબર અને ઈમેઈલ માગી લેતાં, એ પોતાના ઈરાદામાં કેટલો મક્કમ છે એનો આડકતરો અણસાર સુધાંશુને આપી દીધો. કુશલના ગયા બાદ પાંચ મિનિટ વાતાવરણમાં ભારભર્યુ મૌન પથરાઈ રહ્યું .

થોડી વારે સુધાંશુએ ઝંખનાને કહ્યું, ‘ઝંખના, વધુ સમય હવે રાહ ન જોઈશ. તારી આંખોમાં હું જીવનસાથીની તરસ વાંચી શકું છું. સ્વપ્નાં તૂટતાં જોવાના દુ:ખદ અનુભવોમાંથી હું પસાર થઈ ચૂક્યો છે. પણ ‘શો મસ્ટ ગો ઓન' ની જેમ જીંદગી જીવવી રહી. કોઈ એક પસંદગીની વ્યક્તિ ન મળવાથી કે એના ચાલ્યા જવાથી જિંદગી પૂરી નથી થઈ જતી એ તું તારી ખાસ ફ્રેન્ડ ઈશાની પાસેથી શીખી જા .’

થોડી વાર પહેલાંનો કુશલ - સુધાંશુનો સંવાદ સાંભળી ચૂકેલી ઝંખના ઈચ્છવા છતાં ન કહી શકી હતી કે.... સુધાંશુ, હું ખુદ નવેસરથી મારી જાતને એ માર્ગે ડગ માંડવા તૈયાર કરી ચૂકેલી. મારાં મનમાં તારાં માટે સૉફ્ટ કોર્નર છે .પણ કેટલાકનાં નસીબ એવાં નિર્મિત થયેલાં હોય છે કે એમનાં સ્વપ્ના માત્ર તુટવા માટે જ સર્જાતાં હોય છે. જેમાંની હું એક છું... પણ એ મૌન રહેલી.

‘વેલ, મેં તને અહીં એ કહેવા બોલાવી છે કે મારાં મમ્મી પપ્પાનો પત્તો મને મળ્યો છે. તેઓ અમદાવાદના નૈનપુર ગામે છે. મારો વિઝાનો સમય કાલે પુરો થતો હોવાથી હું એમને મળી નહીં

શકું. આમ પણ હમણાં હું એમને મારા કોઈ સમાચાર આપવા નથી માંગતો. પરંતુ તેઓ કુશલની મહેરબાની હેઠળ વૃદ્ધાશ્રમમાં રહે એ મને કબૂલ નથી. તું મારા વતી એમની ફક્ત એટલી મદદ કરજે કે એમને ફરી મુંબઈમાં અમારા બોરીવલીના એરિયામાં જૂના પડોશમાં કોઈ ફ્લેટ અપાવી દેજે. હું તને રૂપિયા સીત્તેર લાખ આપું છું. એ રકમને એમના નામે ફીકસમાં મૂકી દેજે. જેના વ્યાજમાંથી એમનું ભાડું અને ઘરખર્ચ નીકળી જાય. મારાં વિશે જે કહેવું હોય તે કહેજે. ફરી ક્યારે ફરીશ એ વિશે અટ્ટમ-સટ્ટમ સમજાવી દેજે.'એટલું કહી સુધાંશુ ગમગીન થઈ ગયો.

એ એનાં મા બાપની યાદમાં ખોવાઈ ગયો. વિધિની કેવી વિચિત્રતા હતી કે જે પિતાની બીમારીને લીધે એને અમેરિકાની ખેપ ખેડવી પડેલી, એ પિતાને અને જન્મદાત્રી માતાને એ અહીં સુધી આવ્યા છતાં ન મળી શક્યો.ઝંખનાએ સમભાવપૂર્વક જ્યારે એના હાથ પર હાથ મૂક્યો ત્યારે એ પાછો વર્તમાનમાં ફર્યો.

#########

ખાસ જાણે ઈશાની - કુશલના દાંપત્યજીવનમાં ઝંઝાવાત સર્જવા માટે આવ્યો હોય એમ એ બેયનું સહજીવન ખોરવી સુધાંશું ફરી અમેરિકા ઊડી ગયેલો. અલબત્ત ઈશાનીની શોધ માટે કુશલ અને જ્વલિત જેટલા ગંભીર હતા એટલો સુધાંશુય ગંભીર બનેલો. એ નિયમિતપણે નેટ પર બેસીને ઈશાની માટે સર્ચ કરતો થઈ ગયેલો.

મુંબઈ છોડયા બાદ સુધાંશુએ ઝંખનાનો સંપર્ક જાળવી રાખેલો. ઝંખનાએ સુધાંશુએ સોંપેલું કાર્ય સારી પેઠે પાર પાડેલું. એણે સુધાંશુની ઈચ્છા પ્રમાણે એનાં માતા - પિતાને નૈનપુરથી તેડી લાવી બોરીવલીમાં સેટલ કરી દીધેલાં.એથી સૌથી વધુ ઝરણા ખુશ થયેલી. એ ભાઈ સુધાંશુનો સંપર્ક કરવા માગતી હતી, પરંતુ પોતાને લગતી કોઈ માહિતી જ્વલિતને ન મળે એટલા માટે સુધાંશુએ સગી બહેનથી ઈરાદાપૂર્વક દૂરી જાળવેલી.

ઝરણા કરતાંય વધુ ઝંખના સુધાંશુનાં માતા - પિતાની મુલાકાત લેતી. એમનો ખાસ ખ્યાલ રાખતી. ત્યાંના અડોશ - પડોશમાંય એ સારી રીતે ભળી ગયેલી. કહેવાય છે કે જ્યારે પણ કોઈ વ્યક્તિ સારું કાર્ય કરવા માટે પ્રવૃત્ત બને છે ત્યારે એના એ શુભ કાર્યનું ફળ આપવા ઈશ્વર એનાથીયે વધુ પ્રયત્નશીલ બની જાય છે.

સુધાંશુનાં માતા - પિતાને નિયમિત મળવા આવતી ઝંખના ત્યાંના પડોશમાં રહેતાં એક આન્ટીને ખૂબ ગમી ગયેલી. ઝંખનાની સંસ્કારિતાથી પ્રભાવિત થઈ એ મનોમન ઝંખનાની વરણી પોતાના એન.આર.આઈ. ભત્રીજા માટે કરી બેઠાં. નવા જમાનાનાં એ આન્ટી ચતુર અને હોશિયાર હતાં. એમણે ઝંખના અને ભત્રીજા સરીનની ઓળખાણ નેટના માધ્યમથી કરાવી આપેલી. નેટ પર બંનેયની નજદીક્તા વધતી ગયેલી. વર્ષના અંતે એ નજદીકતા લગ્નસંબંધનમાં પરિણમી હતી.

ડિસેમ્બરની ગુલાબી ઠંડીમાં એ નવપરિણીત યુગલ હનીમુન માટે રાજસ્થાનની રોયલ ટુર્સ પર

નીકળેલું. છેલ્લાં એક વર્ષથી સરીનના સંપર્કમાં આવેલી ઝંખના એનાં સ્વભાવ અને વ્યવહારથી એટલી સંતુષ્ટ થયેલી કે ક્યારેક કુશલ કે સુધાંશુ માટે એની લાગણીઓ ઝંકૃત થઈ ઊઠી હતી એય વીસરી ગયેલી.

અલબત્ત, હજીય અવારનવાર એ ઈશાનીને સ્મરી ઊઠતી. અનુભવ એવું કહે છે કે જેને તમે મળવા ઈચ્છતા હો - એનું વારંવાર સ્મરણ કરતા રહેવાથી એ વ્યક્તિને મળવાનો સંયોગ અચૂક ઊભો થાય છે. ભક્તિપંથના ભકતો પોકારીને કહે છે કે ઈશ્વર શોધવાથી નથી મળતો, પણ એને એનું સતત સ્મરણ કરતા રહેવાથી પામી શકાય છે.

એ બાબતને સર્મથન આપતી અજબ ઘટના બનેલી. ક્યારનાંય શોધવા મથી રહેલા કુશલ, સુધાંશુ અને જ્વલિતને બે વરસેય જે ઈશાનીનો પત્તો ન મળેલો - એ ઈશાનીનો ઝંખનાને તો સીધો સાક્ષાત્કાર થયેલો.

ક્રમશ :

પ્રકરણ - ૧૪

રાજસ્થાનની હનીમૂન ટૂર પર નીકળેલી ઝંખના જેમ દિવસો ખૂટી રહેલા એમ ઉદાસ બનતી જઇ રહેલી. કેમ કે એના એન.આર.આઇ પતિ સરીનનો યુ.એસ. પરત ફરવાનો દિવસ નજીક આવી રહેલો.

એ વિચારી રહી કે ખુશીઓનું આયુષ્ય કેમ ટૂંકું હોય છે ! અચાનક એના મોબાઈલની સ્ક્રીન પર રિમાઇન્ડર ઝબકી રહ્યું. એણે મોબાઈલ ઑન કર્યો. કવન'સ બર્થ - ડે! એ જોતા એને ઈશાનીએ બરાબર બે વરસ પહેલાં કવનના જન્મદિને આપેલી શાનદાર પાર્ટી યાદ આવી ગઈ હતી .

સાચે જ ખુશીઓનું આયુષ્ય ક્ષણભંગુર હોય છે. એ પાર્ટી આપ્યાને અઠવાડિયું પણ પસાર ન થયેલું અને સમયની થપાટથી ઈશાની અને કુશલની જીવનદિશા બદલાઈ ગયેલી.

'કેમ, આજે હોટેલ પર આખો દિવસ ગાળવાનો વિચાર છે મેડમ?' સરીનના બોલથી ઝંખના ઝબકી ઉઠી .

બે દિવસ પહેલાં - શ્રીનાથજી, ઉદેપુર, ચિતોડ, જેસલમેર બધે ફર્યા પછી સરીન અને ઝંખના જયપુર આવી પહોચેલાં. હવે આજના દિવસના પ્રોગ્રામ ઘડવા બેઠા હતા. ગઈ કાલે આખો દિવસ બંનેય જયપુરમાં રખડેલા. હવા મહલ, આમેરનો કિલ્લો, જલમહલ, સિટી પેલેસ, બિરલા મંદિર, આલ્બર્ટ મ્યુઝિયમ હોલ, જંતરમંતર જેવા બધાં સ્થળ તેઓએ જોયેલાં.

'આજે આપણે અજમેરના મહાન સંત ખ્વાજા ગરીબ નવાઝની દરગાહે જઈશું સરીન?' ઝંખનાએ સરીનને પૂછયું.

'સરસ આઇડિયા છે. બાય ધ વે, સાંભળ્યું છે કે લોકો ત્યાં મન્નત માનવા જાય છે. તારી આવી કોઇ ખાસ મન્નત ખરી?' સરીન હસતાં હસતાં બોલ્યો.

'હાલ તો મારાં મનમાં કોઈ મન્નત નથી. પરંતુ બસ અંદરથી એમના દરબારમાં હાજરી આપવાની ઈચ્છા થઈ છે. કહેવાય છે કે બાબાની આજ્ઞા - ઇચ્છા હોય ત્યારે જ એમના દરબારમાં હાજરી આપી શકાય છે.' ઝંખના બોલી.

'સાચી વાત છે. મેંય એવું સાંભળ્યું છે. તું ફટાફટ તૈયાર થઇ જા. હું રિસેપ્શન પર કારની વ્યવસ્થા કરી દેવા કહી દઉં છું.' એમ કહેતાં સરીને હોટેલના રિસેપ્શન પર કૉલ લગાડયો.

સરીને રિસેપ્શન પર ગાડીની વ્યવસ્થાની સુચના આપી. એને સામેથી જે વળતી સૂચના સાંભળવા મળી - એ સાંભળી તે મલકી ગયો. સરીને ઝંખનાને કહ્યું, 'આજ સાંજે આપણને અહીંના હોટેલિયર તરફથી યોજાઇ રહેલી પાર્ટીમાં ખાસ નિમંત્રણ છે. કમસે કમ પેટપૂજા કરવા માટેય આપણે એ પાર્ટી જોઈન કરવી પડશે. રિસેપ્શનિસ્ટ કહેતી હતી કે આજે ડાઈનિંગ હોલ કે રૂમ પર ડિનરની સર્વિસ કે સગવડ નહીં મળે. જ્યાં પાર્ટી અપાઇ રહી છે એ બેન્કવેટ હોલમાં એ સુવિધા ઉપલબ્ધ થશે.'

જયપુરની અગરવાલ ગ્રુપ ઑફ હોટેલ્સની આ હોટેલમાં આવી ત્યારથી ઝંખના સતત કંઈક પરિચિતતાનો અણસાર અનુભવી રહેલી. હોટેલની રૂમની ફુલદાનીમાં ફોરમતાં રજનીગંધાનાં તાજા પુષ્પોની સુવાસ, રૂમમાં છંટાતું જાસ્મિન રૂમ ફ્રેશનર, દીવાલોનાં રંગ, બેડની ચાદરો, પડદાઓ દરેકે દરેક ચીજ એને કંઈક પરિચિતતાનો અણસાર આપી રહેલી. અહીંનો સ્ટાફ ખૂબ મૃદુલ, વિનયી અને કંઈક વિશિષ્ટ રીતે ટ્રેઇન થયેલો હતો. એમની રીતભાત સુધ્ધાં કોઇના વ્યક્તિત્વના પડઘા પાડી રહેલ હોય એમ લાગતું હતું.

ખ્વાજા ગરીબ નવાઝની દરગાહે ગુલાબ ભરેલી છાબ અને ચાદર ચઢાવતી વેળા અનાયાસે ઝંખનાએ કવનનો આજનો જન્મદિવસ યાદ કરતાં એના ક્ષેમકુશળની પ્રાર્થના કરેલી. સરીનને પતિરૂપે પામ્યા પછી ઝંખનાની ઈશાની પ્રત્યે રહેલી સઘળી અસૂયા ઓસરી ચુકેલી.એક સાચા મિત્રની જેમ એણે ઈશાનીના જીવનની ખુશીઓ પાછી ફરે એ માટે દિલપૂર્વક ઈબાદત કરેલી.

#########

'મેડમ, તમે શા માટે વારંવાર વિડિયો રિવાઈન્ડ કર્યા કરો છો?' અગરવાલ હોટેલની રિસેપ્શનિસ્ટે અદબપૂર્વક પૃચ્છા કરી.

કપ્યુટરના સ્ક્રીન પર હોટેલના રિસેપ્શન હોલ પર આવતા - જતા મુલાકાતીઓની સી.સી.ટી.વી.કેમેરામાં કેદ થયેલ વિડિયો ક્લિપ્સ રિવાઈન્ડ કરી રહેલી એ યુવતી પળભર સ્થિર થઈ. પછી બોલી, 'હું વિડિયો રિવાઈન્ડ કરી રહી છું. કેમ કે મારી એક જુની ફ્રેંડ અહીં આવી છે.'

'વાઉ...રિયલી મેડમ? હું એમને જાણ કરું કે તમે એમને મળવા ઈચ્છો છો!' ત્યાં વળી રિસેપ્શન પર કોલ આવતાં રિસેપ્શનિસ્ટ એમાં વ્યસ્ત થઈ ગઇ. પેલી યુવતી એટલે કે ઈશાની ત્યાંથી ચાલી ગઈ. હા, ઈશાની અહીં જયપુરમાં હતી.

લગભગ સાતેક વરસ પહેલાં ક્લિપિંગ્ઝકાંડની બદનામીથી ઉબાઇ ગયેલી ઈશાની જયપુરની નજીકના એક નાના ગામમાં વસેલા એના મામાના ઘરે આવી પહોંચેલી. અહીં એણે સમય પસાર કરવા માટે જયપુરમાં છ મહિનાનો હોટેલ મેનેજમેન્ટનો કોર્સ કરેલો. એ ટ્રેનિગ કોર્સના પરિણામે એ લગ્ન બાદ એના સામાજિક વર્તુળમાં 'બેસ્ટ હોસ્ટ' નું બિરુદ આસાનીથી મેળવી ગયેલી.

ઈશાનીએ જે હોટેલમાં ટ્રેનિંગ લીધેલી, એના માલિક સાથે એને એ સમયે સારા સંબંધો બંધાયેલા. એ હોટેલિયરે એને તે સમયે ખૂબ સારા પેકેજ સાથે નોકરીની ઓફર આપેલી. જો એને પરિવારનાં દબાણથી પાછા મુંબઈ ફરવાનું ન થયું હોત તો એણે ચોક્કસ એ ઓફર સ્વીકારી લીધી હોત. અતિ શ્રીમંત કુટુંબમાં ઈશાનીનો જન્મ અને ઉછેર થયો હોવા છતાં એને વિવિધ કાર્યોમાં પ્રવૃત્તિશીલ રહેવું ગમતું. નાના માણસો સાથેય તે સહેલાઈથી ભળી જતી.

પરિણામે એ જ્યારે સાત વરસે ફરી એ જ હોટલમાં આવેલી ત્યારે હોટેલનાં જુના સ્ટાફે અને તરત ઓળખી લેતાં, ઉમળકાભેર આવકાર આપેલો. જો કે અહીં આવીને ઈશાનીને એ જાણી થોડી હતાશા ઊપજેલી કે હોટેલના માલિક બદલાઇ ચૂકેલ. પરંતુ નવા માલિકને મળી તો એ સુખદ નવાઇના સાગરમાં ડૂબી ગઇ.

હોટેલનો નવો માલિક દીપેન હતો. એ દીપેન અગરવાલ કે જેની સાથે એક સમયે એના વિવાહ થયેલા અને ફોક પણ થઈ ગયેલા. જે વાતો એ સમયે ઈશાની સ્પષ્ટપણે દીપેનને ન કહી શકેલી એ બધી વાતો એણે હાલની પરિસ્થિતિનો ચિતાર આપતાં સ્પષ્ટ કરેલી.

સરવાળે દીપેનને એના માટે સહાનુભૂતિ થયેલી. સામાન્યપણે આમ પણ કોઇ વ્યક્તિએ એક સમયે જેના માટે કૂણી લાગણીઓ અનુભવી હોય ત્યારે એનાથી જે - તે વ્યક્તિની ઉપેક્ષા નથી કરી શકાતી. એટલું જ નહીં, એને મદદ કરવાની વાત આવે ત્યારે એ એમાંથી પાછી પણ નથી પડતી.

દીપેન પણ એવી વ્યક્તિઓમાંનો હતો. એણે ઈશાનીનો હાથ ઝાલ્યો હતો. ઈશાનીને આશ્વાસન આપવાની સાથે સીધી આસિસ્ટન્ટ ડાયરેક્ટરની નોકરી આપી હતી. એટલું જ નહીં, એના પુત્ર કવનમાં વ્યક્તિગત રસ દાખવી પોતાનાં સંપર્કો વાપરી એને જયપુરની શ્રેષ્ઠ સ્કૂલમાં દાખલ કરાવેલો. ઈશાનીને રહેવા માટેનો ફ્લેટ પણ હોટેલ તરફથી જ અપાવ્યો હતો , અલબત્ત હોટેલની નજીક જ સ્તો !

#########

‘ઈશાની, તું કેમ મૂડમાં નથી? એની પ્રોબ્લેમ ? ‘ દીપેને ઈશાનીની બેચેની કળી લીધેલી.

'દીપેન, તું ઝંખનાને ઓળખે છે ને? એ એના પતિ સાથે આપણી હોટેલમાં ઊતરી છે.’ ઈશાની ધીરેથી બોલી.

‘ઓહ!’ તાત્કાલિક દીપેન એટલું જ ઉદગારી શક્યો.પછી બોલ્યો, ‘ઝંખના તારી ખાસ મિત્ર હતી. મારા માનવા પ્રમાણે તારે એને નિખાલસપણે મળવું જોઈએ.’

કોઇ જવાબ ન આપતાં ઈશાની ઊંડા વિચારોમાં ઊતરી ગઇ. થોડી ક્ષણો પછી પૂછી રહી ‘અરે

દીપેન, આજની પાર્ટી તે શેના માનમાં ગોઠવી છે? અચાનક પાર્ટીની જાહેરાત કરી દઈ તેં પૂરા સ્ટાફને દોડતો કરી દીધો છે. ભેગી - ભેગી મને પણ!'

'સ્ટાફ ભલે દોડતો. એ બધા પછી એન્જોય પણ કરશે. હવે વાત તારી! તો તારું આજનું કામ ફક્ત એક છે. એ છે ખુબસુરત તૈયાર થવાનું, એ સિવાય બીજું કંઈ નહી. આજની પાર્ટી તારા માટે સરપ્રાઈઝિંગલી વિશિષ્ટ બની રહેશે.' દીપેન એની સામે ધીમું ધીમું હસી રહેલો.

'દીપેન આ તારો વાતે - વાતે સસ્પેન્સ ઊભું કરવાનો સ્વભાવ મને પરેશાન કરી નાખે છે. છેલ્લી વખતે તે ઉદેપુરમાં નવી ખોલેલી હોટેલના માનમાં અચાનક પાર્ટી ગોઠવી દીધેલી. તારા મનમાં હોટલ ખરીદવાનો કે વેચવાનો અને પાર્ટી આપવાનો - બસ એક તુક્કો આવવો જોઈએ, એટલે પછી પત્યું!' ઈશાનીએ આકળામણ વ્યક્ત કરી.

દીપેન મનોમન બબડી ઊઠયો.....હા, ઈશાની મારી હોટેલની જિંદગી આ જ છે. જો કે આજની પાર્ટીમાં મારા હોટેલના વ્યવસાય સાથે કંઈ લાગતું - વળગતું નથી. ઈશાની, તું મને આજેય એટલી જ ગમે છે. હું ઈચ્છું છું કે મારી ગમતી દરેક વ્યક્તિ હંમેશાં હસતી રહે, ખુશ રહે. આજની પાર્ટી તારા માટે બમણી ખુશીઓ લઈને આવશે એવો મને વિશ્વાસ છે...

જો કે પ્રગટપણે દીપેન કંઈક જુદું જ બોલ્યો, 'સમય થઈ ચૂક્યો હોવાથી આપણે ચર્ચા થોભાવીએ છીએ. મેડમ!'

ઈશાની છણછણી ઊઠી. એ જોઈ દીપેન લગીર મલકાયો . ઈશાની ત્યાંથી ઊભી થઈને ચાલી ગઈ. એનાં ગયા બાદ દીપેને રાહતનો દમ ખેંચ્યો.

એણે તરત રિસેપ્શનમાં ફોન જોડ્યો, 'હલો, દીપેન સ્પીકિંગ. એરપોર્ટ પર ગાડી મોકલી દીધી?' સામેથી જવાબ મળતાં એના ચહેરા પર અવનવા ભાવો ફરકી ગયા. પછી એણે બીજી કેટલીક જરૂરી સુચનાઓ ફટાફટ આપી.

#########

સાંજ પડતાં અગરવાલ ગ્રુપ ઓફ હોટેલ્સની જયપુરની એ હોટેલ ઝગમગી ઊઠી. સરીન અને ઝંખના અજમેરના ખ્વાજા ગરીબ નવાઝના દરબારમાં હાજરી આપી હોટેલ પર આવી ગયેલાં. થોડી વારે એમની રૂમના દરવાજે ટકોરા પડ્યા. સરીન ફ્રેશ થવા ગયેલો.

કૉલબેલને બદલે ટકોરા સાંભળતાં ઝંખનાએ નવાઈ અનુભવતાં દરવાજો ખોલ્યો. એની સામે ઈશાની ઊભેલી.

ક્ષણભર એ ઈશાનીને જોઈને સ્થિર થઇ ગઇ. પછી બીજી જ પળે એને ભેટી પડી.

ઝંખના ભાવસભર સ્વરે કહી રહી, ' ઑહ ગૉડ ઈશાની , હું મારી આસપાસ તારી હાજરી ક્યારનીય અનુભવી રહેલી.આ હૉટેલની બદામી રંગની દીવાલો, ઘેરા કોફી રંગના પડદા, ફુલદાનીમાં તાજી મહેકતી રજનીગંધા, જાસ્મિન રૂમ ફ્રેશનર, મોટાં ફુલોની ડિઝાઇનવાળી વ્હાઇટ રંગની બેડશીટ્સ, તારી પસંદગીની આ તમામે તમામ ચીજવસ્તુઓ મને તારી યાદ અપાવવાની સાથે તારી હાજરીનો સતત અહેસાસ કરાવી રહેલી.'

ઝંખનાના ઉમળકાને ઈશાની આછેરા સ્મિત સાથે માણી રહી. ઝંખના ઈશાનીને ધ્યાનથી જોઇ રહી. બે વરસ પછી મળી રહેલી ઈશાની આજેય એવી ને એવી સુંદર લાગી રહેલી.

તત્ક્ષણ એને કુશલ યાદ આવ્યો. છેલ્લે એણે કુશલને જોયેલો ત્યારે એ ખાસ્સો સુકાઇ ચુકેલો અને વિરૂપ લાગી રહેલો. એની ઊંડી ઊતરેલી આંખો, વધેલા વાળ, અનટ્રિમ દાઢી અને કોઇ પણ મેચિંગ વગરનાં પેન્ટ - શર્ટમાં એ પહેલાંનો કુશલ બિલકુલ લાગતો ન હતો.

કુતૂહલપૂર્વક ઝંખના ઈશાનીને પૂછી રહી, 'તું અહીં શું કરે છે, ઈશાની?'

'હું આ હૉટેલની આસિસ્ટન્ટ ડાયરેક્ટર છું. તને ખાસ આજ સાંજની પાર્ટી માટે ઈન્વાઇટ કરવા આવી છું.' ઈશાનીએ ઔપચારિકતાનો અંચળો ઓઢી રાખ્યો .

ઝંખના મૂરખ ન હતી. એ સમજી ચૂકેલી કે ઈશાની એનાથી અંતર જાળવવા માગે છે. એણેય ઈશાની જેવી સહજતા દાખવતાં કહ્યું, 'હા, આજની પાર્ટી તો ઈશાની તરફથી જ હોયને! આજે કવનનો બર્થ ડે છે. અંદાજ આવે છે કે આજની પાર્ટીનું આયોજન તે છેલ્લે આપેલી પાર્ટી કરતાંય વધુ સુંદર હશે. આવી ફાઈવસ્ટાર હૉટેલ હોય અને તું એની' હોસ્ટ' હોય તો પછી એ પાર્ટીમાં કોઈ કમી રહે જ ક્યાંથી!'

કવનનો અને ખાસ તો મુંબઈની અગાઉની પાર્ટીનો ઉલ્લેખ થતાં ઈશાનીનો ચહેરો મ્લાન બન્યો. એનો વહાલો પુત્ર કવન આજ સવારથી એનો બર્થ ડે હોવા છતાં મૂડમાં ન હતો. સ્વાભાવિક રીતે એને એના ડૅડી કુશલની યાદ આવી રહેલી.

ઘણા સમયથી એણે ઈશાની પાસે પાપાનો ઉલ્લેખ કરવાનું છોડી દીધેલું. શરૂઆતમાં એ જયારે કુશલને યાદ કરતો, ત્યારે ઈશાની એને સમજાવી - પટાવી લેતી. પછી એક વાર ખુબ ગુસ્સે થયેલી ઈશાનીએ સંયમ ભૂલી એ માસુમને એવી જોરદાર થપ્પડ ઝીંકી દીધેલી કે ડરી જઈને એણે ઈશાની પાસે પપ્પાનો ઉલ્લેખ કરવાનું છોડી દીધેલું. અલબત્ત, એ દીપેન અંકલને બધુ ખૂલીને કહેતો.

ઈશાનીને મૌન જોઈ ઝંખના બોલી, 'ઈશાની, તું કવનને ગમે એટલી મોંઘી ગિફ્ટ આપીશ કે ગમે એટલી મોટી પાર્ટી ગોઠવીશ, એ લગીરે ખુશ નહીં થાય. એ કુશલને એટલે કે એના પાપાને જરાય

નહીં ભુલ્યો હોય. કોઈ પણ બાળક એકલી માતા કે એકલા પિતા પાસે ખુશ નથી રહી શકતું.'

ક્રમશઃ

પ્રકરણ - ૧૫

' પ્લીઝ સ્ટોપ ઝંખના, પાર્ટી હું નથી આપી રહી. હોટેલિયર આપી રહ્યો છે. રહી વાત કવનની! તો એ મારો પુત્ર છે. એની ખુશીની પરવા તારા કરતાં વધુ મને છે. તું શા માટે કુશલની તરફદારી કરી રહી છે? એણે મારી સાથે કેટલો મોટો વિશ્વાસઘાત કર્યો છે એની તને શું ખબર છે?' ઈશાનીના મનનો ઉકળતો લાવારસ વહી નીકળ્યો.

'ઑહ ઈશુ! વિશ્વાસઘાતની વાત તું કરે છે? યાદ કરીને સાચું કહેજે કે કુશલે તારી સાથે લગ્નની ઓફર મુકતાં સમયે શું કહેલું? એણે કહેલું કે મારી સાથે લગ્ન કરીનેય તું સુધાંશુની રાહ જોઈ શકે એવી સ્વતંત્રતા અને અનુકૂળતા આપવા તૈયાર છું.'

એની અને કુશલ વચ્ચેની આ વાતની ઝંખનાને ક્યાંથી ખબર? એમ વિચારતી ઈશાની ધારદર નજરે ઝંખનાને જોઈ રહી, 'કુશલ તરફથી આવી અનુકુળ ઓફર હોવા છતાં તેં સુધાંશુની રાહ ન જોઈ એ શું વિશ્વાસઘાત ન હતો?' ઝંખનાને ટાઢો ડામ ચાંપ્યો.

'ના, મેં સુધાંશુ સાથે હરગિજ વિશ્વાસઘાત નથી કર્યો. સુધાંશુ જતાં પહેલાં મને કહી ગયેલો કે હું પંદર દિવસમાં પાછો ન ફરું તો તું પરણી જજે. સુધાંશુની રાહ મેં પંદર દિવસ નહીં, પૂરાં દોઢ વરસ સુધી જોયેલી.' ઈશાનીએ સ્પષ્ટતા કરી.

'એક કડવી પણ સ્પષ્ટ વાત કરું, ઈશાની? તેં દોઢ વરસ સુધી સુધાંશુની રાહ તારી ઈચ્છાથી નહોતી જોઈ. તને એ રાહ જોવાની ફરજ પડેલી. એની પાછળ રહેલી તારી રહસ્યમય મજબૂરીની હકીકત તેં શું કુશલથી નથી છુપાવી? શું એ વિશ્વાસઘાત નથી? મને એની જાણ ઘણી મોડી થઈ, એ પણ તારાં થકી નહીં , કોઈ બીજા દ્વારા! હું શું કહી રહી છું એ તું સમજે છે ને!' ઝંખનાના નક્કર રણકતા સાદે થયેલા એ ઘટસ્ફોટથી ઈશાની પર વીજળી ત્રાટકી. એ વિસ્ફારિત નેત્રે ઝંખનાને જોઈ રહી.

બીજાની ખાસ કરીને પોતાના જીવનસાથીની પાટી કોરી હોય એમ ઈચ્છનાર સ્ત્રી કે પુરુષ ક્યારેય ખુદની પાટી કોરી છે કે નહીં એનો વિચાર કરતા નથી. ઈશાનીની બાબતમાં એમ જ બનેલું. પરંતુ કુશલને દોષિત ગણી એને તરછોડનાર ઈશાનીના મર્મસ્થાનને ઝંખનાએ આરપાર ભેદ્યું હતું. ઝંખનાએ એને બરાબર ઝાટકી હતી.

એણે કહેલું, 'ઈશાની, આ તારી કેવી વર્તણૂક? જેની સાથે તેં સાત ફેરા લીધા, લગ્નજીવનનાં છ

વરસ પ્રેમપૂર્વક એક છત નીચે ગુજાર્યા, એને તું કંઈપણ કહ્યા વગર છોડી આવી? તેં એને એક વાર પણ એના તરફથી કંઈ કહેવાનો મોકો ન આપ્યો? માફી માગવાનો મોકો પણ નહીં? આ રીતે કોઈ સંબંધથી ભાગી છૂટવું એ કોઈ ઉકેલ તો નથી.'

કાંઈ પણ બોલ્યા વગર ઈશાની ભાંગેલા પગલે ઝંખનાની રૂમમાંથી પાછી વળેલી. ઓફીસમાં જઈ અન્યમનસ્કપણે એ ગ્લાસ વિન્ડોઝની આરપાર બહાર જોઈ રહી.

મુંબઈ છોડીને આવ્યાને બે વરસ જેટલો સમય થયેલો. આ બે વરસના સમયગાળામાં શું એને ક્યારેય કુશલને છોડયાનો અફસોસ થયેલો? એકલતા અનભવી ત્યારે યાદ આવી તો કોની આવી? સુધાંશું કે કુશલની? અહીં એ કોના આધારે ટકી રહી છે? દીપેનના તો નહીં ને? એની આંખો બંધ થઈ ગઈ. એમાંથી ગરમા ગરમ અશ્રુઓ ગાલ પર વહી નીકળ્યા. એની બંધ આંખોમાં એક ચહેરો ઉપસવા માંડ્યો.

ત્યાં ઑફિસની અંદર દીપેન વીજળીક ગતિએ પ્રવેશતાં બોલ્યો, 'આર યુ રેડી, ઈશાની? મહેમાનો આવવાની શરૂઆત થઈ ચૂકી છે. સમય બગાડ્યા વગર તું ફટાફટ બેન્કવેટ હોલમાં પહોંચ.'

ઈશાનીનો ચહેરો દીપેન તરફ ફર્યો. ઈશાનીનો આંસુથી ખરડાયેલો ચહેરો જોતાં દીપેન ગંભીર બન્યો. એણે પૂછયું. 'શું તું ઝંખનાને મળીને આવી છે?'

ઈશાનીએ હકારમાં ડોકી ધુણાવી.

'કમ ઓન, ચિયર અપ! એક વાર તું પાર્ટીમાં પહોંચ. તારો બધો અવસાદ ધોવાઈ જશે. ગેરન્ટીથી ! ' દીપેન ચપટી વાગડતા કહી રહ્યો.

જે રીતે દીપેન ઈશાનીને વિષાદ ખંખેરવા સમજાવી રહેલો એ જ રીતે સરીન - એમની રૂમમાં ઝંખનાને સમજાવી રહેલો. ઈશાની સાથે કઠોરપણે વર્ત્યા પછી ઝંખના ઘણી અસ્વસ્થ થઈ ગયેલી. એને પાર્ટીમાં જવાનું જરાય મન ન હતું.

પરંતુ સરીને એને સમજાવતાં કહ્યું 'ઝંખના, મોડી રાતની ફ્લાઈટમાં આપણે મુંબઈ પાછાં જઈ રહ્યાં છીએ. થોડા સમયમાં તું મારી પાસે ન્યુજર્સી આવી જશે. પછી ભવિષ્યમાં કોને ખબર તું અને ઈશાની ક્યારે મળો? એક વાર એની સાથે તું પ્રેમથી વાતચીત કરી લઈશ તો તમારા બે વચ્ચે પ્રસરેલી કડવાશ અને કઠોરતા આપોઆપ ઓછી થઈ જશે. ઈશાનીની તો ખબર નહીં, પણ એમ કરવાથી કમ સે કમ તને તો અંદરથી સારું લાગશે જ!' અને સરીનની વાત ઝંખનાએ માની લીધેલી.

વિશાળ બેન્કવેટ હોલમાં જ્યારે ઈશાની પ્રવેશી તો એ ખરેખર રોમાંચિત થઈ ઊઠી. આજની પાર્ટી દીપેને બીજા કોઈ કારણસર નહીં, ફક્ત કવનનાં આજના જન્મદિને એને ખુશ કરવાના - આનંદિત રાખવાના પ્રયોજનથી ગોઠવેલી. મુંબઈથી કવનને લઈને અહીં આવેલી ઈશાની પર કવનને

સંભાળવાની બેવડી જવાબદારી હતી . એ હવે માત્ર મા ન રહેતાં બાપની ફરજ પણ નિભાવી રહી હતી . એમાં એ થોડી જાણતા – અજાણતા કવન પ્રત્યે ક્યારેક કઠોર બની જતી . જે દીપેન સારી રીતે સમજતો . કવનને એ ભરપૂર લાડ લડાવતો . આજે એણે ન ફકત પાર્ટી એરેન્જ કરેલી . એક સરપ્રાઈઝનું પણ આયોજન કરેલું .

હોલમાં ઠેર ઠેર કવનનાં વિવિધ ફોટોગ્રાફ્સ લગાવેલા હતા. પગમાં ઊછળતા ફુગ્ગાઓની પાછળ નાનાં બાળકો દોડાદોડ કરતાં શોરબકોર કરી રહેલાં. ઈશાની હેરત પામી ગઈ કે દીપેન આટલાં બધાં બાળકો શી રીતે ભેગાં કરી શક્યો?

એની નવાઈ તરત શમી ગઈ, જ્યારે રિસેશનિસ્ટે આવીને એને આભારપૂર્ણ શબ્દોમાં કહ્યું, 'થેન્કયુ મેડમ! આપના સન કવનનાં જન્મદિનની પાર્ટીમાં આવેલો મારો પાંચ વર્ષીય પુત્ર એટલો બધો ખુશ છે કે ન પૂછો વાત! આવી ભવ્ય પાર્ટીમાં તો એ બિચારો ગયો જ ક્યાંથી હોય?'

'હમ્મ..' ઈશાની એટલું જ ઉદગારી શકી. રિસેપ્શનિસ્ટ હોંશથી અન્ય સ્ટાફ સભ્યોનાં આવેલાં બીજાં બાળકોની આંગળી ચિંધી ઓળખાણ આપી રહી. ઈશાની પ્રસન્નતા અનુભવી રહી. એ મનોમન લવી રહી...થેન્કયુ દીપેન! મારી બે નિકટતમ વ્યક્તિઓએ આજે મને બે અલગ અનુભવ કરાવ્યાં. તેં સુખદ આંચકો આપ્યો, તો ઝંખનાએ દુ:ખદ ઝટકો આપ્યો.

'હાય ઈશાની!' ઝંખનાનો સ્વર સાંભળી ઈશાની પાછળ ફરી. એણે જોયું કે ઝખનાના ચહેરા પર અડધા કલાક પહેલાં થયેલ ઉગ્ર ટપાટપીનો કોઈ અણસાર ન હતો. ખરેખર પાર્ટીમાં પ્રવેશ્યા પછી, પાર્ટી કવનનાં જન્મદિન નિમિત્તની છે એમ જાણી ઝંખના ખુશ થઈ ગયેલી.

દીપેનની નજર સતત મુખ્ય દરવાજા પર આંટા મારી રહેલી. એને જેની રાહ હતી એ ખાસ વ્યક્તિ કદાચ હજુ આવી ન હતી. એ ઝંખનાને મળવા ઈશાની તરફ આવ્યો. એ સમયે સરીન ખુદની ઓળખાણ આપી રહયો હતો.

'હલો, આયમ્ સરીન મહેતા, ઝંખના'સ હસબન્ડ!' સરીનનાં લંબાવેલા હાથમાં ઈશાનીએ સ્મિત સહિત હાથ મૂક્યો અને બોલી, 'યુ આર મોસ્ટ વેલકમ સરીન!'

'તમે ઘણા ખૂબસુરત છો. ઝંખનાએ તમારું વર્ણન કરેલું, એનાથી ક્યાંય વધુ.'સરીને ઈશાનીની તારીફ કરેલી .

ખુદની પ્રશંસા સાંભળતા ઈશાનીથી મોકળાશથી હસી પડાયું. ઈશાનીને એના મુળ રૂપમાં હસતી જોઈ ઝંખનાના હૃદયનો ભાર હટી ગયો. એ મનોમન સરીનની વાતાવરણ ઝમકદાર બનાવવાની આવડત પર આફરીન થઈ ગઈ.

'હેય મોમ...' ઈશાનીને જોઈ કવન એની પાસે દોડતો આવ્યો. એ ઈશાનીને ભેટી પડ્યો. ઝંખના

કવનને જોઈ રહી. બે વરસમાં કવન ખાસ્સો ઊંચો થઈ ગયેલો. એ બોલ્યો, 'મોમ, યુ આર ગ્રેટ! હાઉ ડુ યુ એરેન્જડ ઓલ ધીઝ? મારા બધા જ ક્લાસમેટસ આવ્યા છે. એન્ડ યુ નો? મારી પહેલાં આવી ગ્રાન્ડ બર્થ ડે પાર્ટી કોઈએ નથી આપી. આઈ લવ યુ સો-સો મચ, મોમ'

કવનને ઘણા સમયે આટલો ખુશખુશાલ જોતાં ઈશાનીની આંખો ભીની બની . કવનને આનંદીત જોતા એ ઘણીખરી સ્વસ્થ થઈ ચૂકેલી.

જયારે કે આ સમય પર ઝંખના હજીય ભીતરથી અસ્વસ્થ હતી. એ દીપેનને જોઈ આંચકો ખાઈ ગઈ.

ઝંખના ઈશાની - દીપેનના થયેલાં વિવાહમાં હાજર રહી હતી. એને દીપેન બરાબર યાદ હતો. આમ પણ દીપેનનો સમાવેશ તરત ભૂલી જવાય એવી વ્યક્તિઓમાં ન થતો. દીપેન અને ઈશાની બે વરસથી સાથે કામ કરી રહેલા. એમનો પરસ્પરનો તાલમેલ આંખે ઊડીને વળગી રહેલો. સરીન તો પૂછી બેઠો, 'ઝંખના, તને એમ નથી લાગતું કે ઈશાની માટે દીપેન જરૂર એક યોગ્ય પસંદગી બની શકે એમ છે.'

'સાચું કહું સરીન, હું અત્યારે કન્ફ્યુઝ્ડ છું. તું ઈશાનીના પતિ કુશલને નથી મળ્યો. એ ઉમદા વ્યક્તિ છે. ઈશાની લગ્ન પહેલાં જેના પ્રેમમાં હતી - એ સુધાંશુ હેન્ડસમ અને ડેશિંગ છે. ઈશાની હા કહે તો એ કદાચ આજેય ઈશાનીને સ્વીકારી લે. ઈશાની નસીબદાર છે. એના જીવનમાં આવેલા ત્રણેય પાત્રોએ એને ખૂબ ચાહી છે. હું ઈચ્છું છું કે ઈશાની વહેલી તકે કોઈ યોગ્ય નિર્ણય લે.' આમ કહેતી વેળાએ ઝંખનાના મનમાં તો સતત કુશલ રમી રહેલો.

આજ સાંજે ઈશાની સાથે ઉગ્ર ચર્ચા કરતી વખતે એના હોઠેથી એક રહસ્ય સરી પડતાં એણે માંડ રોકેલું. જો કુશલે એ બાબતે એને વચનથી બાંધી દીધી ન હોત તો એ વાત એનાંથી જરૂર ઈશાનીને કહેવાઈ ગઈ હોત. હાલનાં સંજોગોમાં ઈશાનીથી એ રહસ્ય ગોપિત રાખીને તે ઈશાનીનું ભલું કરી રહી છે કે ખોટું એ એને સમજાતું ન હતું. અલબત્ત, એ ચોક્કસ હતું કે ન કહેવામાં કુશલને અન્યાય થતો હતો.

મોડી રાત્રે પાર્ટી પૂરી થયેલી. દીપેન અને ઈશાની બંનેએ ઝંખના અને સરીનને એરપોર્ટ સુધી મૂકવા આવવાનો આગ્રહ રાખેલો. એમની સાથે કવન પણ હતો. ચાલતી કારમાં દીપેન અને કવન પાર્ટીની વાતો કરતા રહ્યા અને હસતા રહ્યા. ઈશાની ખુશ હતી. એ વારંવાર આભાર માનતી નજરે દીપેનને જોઈ લેતી હતી. એ જોઈ ઝંખનાના હૃદયમાં ઊંડે ઊંડે સુધી એક ફાંસ ખૂંચતી રહી.

એ પૂરા રસ્તે ચુપ રહી. એના મનમાં સતત વિચારચક્ર ઘૂમી રહેલ. એક સમયે એણે કુશલને ભરપુર ચાહ્યો હતો. એ કુશલે એને કોલેજ જીવન દરમિયાન આપેલ પ્રોમિસ ઉવેખીને ઈશાની સાથે લગ્ન કરેલાં - તો એ કુશલને માફ ન કરી શકેલી.પણ આજે જ્યારે એ જ કુશલની જીવનનાવ મધદરિયે ડૂબવા બેઠેલી, એ એનાથી સહન ન થઈ રહેલું.

એરપોર્ટ પર બંને સખીઓને એકલી મૂકી દીપેન અને સરીન - કવન સાથે થોડા અંતરે ઊભા રહ્યા. બેય સખીઓ એકલી પડી કે તરત ઈશાની બોલી, 'ઝંખના, તું ક્યારનીય ચૂપ કેમ છે? હજી પણ તારાં મનમાં કંઈ ઘુમરાતુ હોય તો મને ખૂલીને કહી દે. ગોડ પ્રોમિસ - મને ખોટું નહીં લાગે.'

ઝંખનાની આંખો ભીની બની ગઈ. એ એટલી લાગણીશીલ બની ગઈ કે એને લાગ્યું કે અહીં બધાની હાજરીમાં એનાથી રડી પડાશે. એ ઈશાનીનો હાથ પકડી રિફ્રેશમેન્ટ રૂમમાં ખેંચી ગઈ.

આ ક્ષણે ઝંખના કંઈ બોલી શકવાની હાલતમાં ન હતી. એણે ફટાફટ બેસીન પરનો ટોઈલેટ પેપરનો રોલ ખેંચી કાઢ્યો. એના પર્સમાંથી પેન કાઢી. એ પેપર પર કંઈક લખી એણે ઈશાનીના પર્સમાં એ સેરવી દીધું. પછી ઈશાનીના બંને હાથ એના હાથમાં પકડી લઈ બોલી, 'મેં જે કંઈ લખ્યું છે એ ઘરે જઈને વાંચજે, એ પહેલાં નહીં, પણ વાંચજે આજે જ ! ચાલ હવે મારી ફ્લાઈટનો સમય થઈ ગયો છે.'

જેવી રીતે એ ઈશાનીને પહેલા રિફ્રેશમેન્ટ રૂમમાં ખેંચી લાવેલી, એ જ રીતે ફરી બહાર ખેંચી ગઈ. ઝંખનાનું અકળ વર્તન ન સમજાતાં ઈશાનીની મતિ મૂંઝાઈ ગઈ. એ પણ પછી ઝંખના જેટલી મૌન બની ગઈ.

ઝંખના - સરીનને એરપોર્ટ પર વિદાય આપી દીપેન, ઈશાની અને કવન પાછા ફર્યા. હોટેલની નજીક દીપેને અપાવેલા એપાર્ટમેન્ટનાં એક ફ્લેટમાં ઈશાની રહેતી હતી. સુઈ ગયેલા કવનને દીપેને ઊંચકી લીધેલો. ઈશાનીએ એના ફ્લેટની કોલબેલ વગાડી. ચોવીસે કલાક એની સાથે રહેતી રમાબાઈએ ડોર ખોલ્યું. દીપેને ફ્લેટમાં પ્રવેશી સૌપ્રથમ કવનને એના રૂમમાં સુવડાવ્યો. રમાબાઈ એના રૂમમાં જતી રહેલી.

'તારો ફ્લેટ સરસ છે, ઈશાની. અહીંથી ઘરે જવાનું મન નથી થતું.' દીપેન બોલ્યો. ઈશાની સહેજ ચમકી ગઈ.

હસી પડતાં એ બોલી, 'અશોક માર્ગ પર આવેલ' અગરવાલ હાઉસ' જેવા આલિશાન મહાલયને બદલે તને મારો ફ્લેટ ગમે છે, એ મારા અહોભાગ્ય!'

'એ મહાલયમાં ઈશાની નથી રહેતી.' એટલું કહેતા દીપેને ભાવુક બની ઈશાનીનો હાથ પકડી લીધો.

ઈશાની વિચારી રહી કે બે વરસ દરમિયાન ક્યારેય મર્યાદા ન ચૂકેલા દીપેનને આજે શું થયું છે?

દીપેનને એની પત્ની સાથે મેળ ન હતો. ઈશાની એ જાણતી હતી. પરંપરાગત વિચારોવાળા પરિવારમાં ઉછરેલી દીપેનની પત્નીનો દીપેન જેવા આધુનિક વિચારોવાળા યુવાન જોડે મેળ ન પડેલો.

શરૂઆતમાં ઈશાનીએ એને સમજાવાના અને પતિ - પત્ની વચ્ચેનો તણાવ દૂર કરવાના પ્રયાસ કરેલા. પરંતુ દીપેનની સાથે નાની નાની વાતમાં વારંવાર રિસાઈને પિયર ચાલી જતી દીપેનની પત્નીનાં મમતીલા સ્વભાવથી આખરે ઈશાનીયે પણ કંટાળી જઈ હાથ ધોઈ નાખેલા. દીપેનને એની પત્ની અગરવાલ હાઉસમાં રહે કે એના પિયરે રહે, કોઈ ફરક પડતો ન હતો.

ઈશાનીએ દીપેનના હાથમાંથી પોતાનો હાથ સલુકાઈપૂર્વક સેરવી લીધો હતો. દીપેનનો મૂડ ઠેકાણે લાવવા, ઈશાનીએ ફ્રિજમાંથી ઠંડી બિયરની બોટલ કાઢી. દીપેન ક્યારેક રજાના દિવસે કે સાંજના સમયે આવતો ત્યારે ઠંડી બિયર પીતો. એથી ઈશાની એના ફ્રિજમાં જરૂર જેટલો બિયર રાખતી.

ડ્રોઈંગ રૂમમાં ઈશાની અને દીપેન સામસામે સોફાચેર પર બેઠેલાં. દીપેનનાં હાથમાં બિયરનો ગ્લાસ હતો. એ કંઈક વિચારી રહેલો. ઈશાનીને હવે ઊંઘ આવતી હતી. ત્યાં અચાનક દીપેન તરફથી પુછાયેલા એક અણધાર્યા પ્રશ્ન એની ઊંઘ ઉડાડી મુકી.

'ઈશાની, તને ક્યારેય કુશલની યાદ નથી સતાવતી? મતલબ કે ક્યારેય એની જરૂરત મહેસૂસ નથી થતી?'

ઈશાની થોડી ધ્રુજી ઊઠી. એ વિચારી રહી કે આ પ્રશ્નને દીપેનની ધૃષ્ટતા સમજવી કે નિખાલસતા? એ દીપેનનાં પ્રશ્નનો શું જવાબ આપે? દીપેન અને એના સંબંધો એવા હતા કે એ તેને અપમાનિત ન કરી શકે. દીપેનનાં કારણે તો એની જિંદગી સરળતાથી વહ્યે જતી હતી. દીપેનના દુ:ખી લગ્નજીવનને લીધે એને દીપેન પ્રત્યે પૂરી સહાનુભૂતિ હતી.

પુરુષોને હંમેશાં સ્ત્રીની સહાનુભૂતિમાં પ્રેમ દેખાતો હોય છે. કેમ કે પુરુષને ક્યારેય અહમપ્રધાન સ્વભાવને કારણે સહાનુભૂતિ પાત્ર થવું ગમતું નથી. એથી સ્ત્રીનાં પ્રેમ અને સહાનુભૂતિ વચ્ચેનો ફરક તેઓ સમજી નથી શકતા અને ગોથાં ખાઈ જાય છે.

દીપેનને ઈશાનીનું મૌન અકળાવી ગયું. એણે ઈશાનીને સંબોધીને કહ્યું, 'ઈશાની, તું મારી સામે જો અને મારી વાત બરાબર સાંભળ. આજે કવનનાં જન્મદિનની પાર્ટી મેં ખાસ હેતુસર ગોઠવેલી. જેમ તું મારા લગ્નજીવનને રાગે ચડાવવાના પ્રયાસો કરતી હતી, એમ મેંય તારા અને કુશલ વચ્ચે સુખદ સમાધાન થાય એ માટે કુશલને અગાઉ કોલ કરીને કવનનાં જન્મદિને ખાસ નિમંત્રેલો. પરંતુ જેમ મારી રિસાયેલી પત્ની પિયરથી પાછાં ફરવાનું નામ નથી લઈ રહી એમ કુશલે પણ મારા નિમંત્રણનો કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. એ કદાચ તારી પાસે પાછો ફરવા નહીં માગતો હોય. બટ ઈશાની... સ્ટિલ આઈ લવ યુ! ડિવોર્સી ન હોવા છતાં એમના જેવું જીવન જીવતાં આપણે બેય શું હંમેશ માટે કાયદેસર છૂટાં થઈ એક ન થઈ શકીએ?'

દીપેનને સાંભળતી ઈશાનીની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ. નશાથી ઘેરાતી આંખોને પરાણે ખુલ્લી રાખવાનો પ્રયાસ કરી રહેલો દીપેન એના જવાબની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યો.

ક્રમશઃ

પ્રકરણ - ૧૬

કવનના જન્મદિનની પાર્ટી જ્યાં સુધી ચાલતી રહી ત્યાં સુધી દીપેનની નજર વારંવાર બેન્કવેટ હોલના મુખ્ય દરવાજા તરફ જતી રહી અને પાછી વળતી રહી. કેમ કે એને જે વ્યક્તિ વિષેશની રાહ હતી - એ અન્ય કોઈ નહીં કુશલ હતો.

હા, એણે કુશલને કવનના બર્થડે પર ખાસ નિમંત્રેલો. ઈશાની એની સાથે હોવાની જાણ કરેલી. છતાં જ્યારે કુશલ આવ્યો નહીં તો એનું દિલ - દિમાગ ફરી એક વાર પૂરી તીવ્રતાથી ઈશાનીને ઝંખવા લાગ્યું.

વ્યક્તિ જ્યારે કોઈ એનો ગમતો કે અનુકૂળ વિચાર મનમાં વારંવાર મમળાવ્યા કરે છે તો પછી તે પ્રમાણે એ એવી અપેક્ષા સેવવા લાગે છે કે એની ઈચ્છા મુજબ પરિસ્થિતિ, વ્યક્તિ અને સંજોગો એને અનુકૂળ થઈ જાય. દીપેન હાલ એ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલો. એ પ્રમાણે એણે બેધડકપણે ઈશાની પાસે પુનર્વિવાહનો પ્રસ્તાવ મૂકી દીધો હતો.

બે વ્યક્તિ વચ્ચેના પ્રણયના અંતની શરૂઆત ત્યાંથી થાય છે કે જ્યારે એક પાત્ર રિસાઈ જાય અને બીજું એને મનાવવા ક્યારેય ન આવે. ઈશાનીનું હૈયું હાહાકાર કરી ઊઠ્યું. એ ભીતર સુધી વલોવાઈ ગયેલી કે ખરેખર એ ક્યાં છે એની જાણ થયા બાદ પણ કુશલ એને મળવા કે મનાવવા ન દોડી આવ્યો? શું કુશલે એની સાથે કવનનેય ભુલાવી દીધો!

ઈશાનીની ડઘાયેલી સુરત જોઈ દીપેનને લાગ્યું કે ક્યાંક એનાથી કાચુ કપાયું છે. એણે સોફાચેરમાં સ્હેજ આગળ આવતાં સામે બેઠેલી ઈશાનીના હાથ પર પોતાનો હાથ મૂક્યો. એ આશ્વાસનના સૂરે બોલ્યો, ‘ડોન્ટ વરી ઈશાની, હું તારી સાથે છું.’

તરત ઈશાનીએ એના હાથ ખેંચી લીધા. એને દીપેનને બરાડીને કહેવાની ઈચ્છા થઈ આવી કે....તેં કેમ કુશલને ફોન કર્યો? કુશલ મારા વગર નહીં રહી શકે, હું જ્યાં હોઈશ ત્યાં એ મને દોડતો શોધવા આવશે એવા મારા સુખદ ભ્રમને તેં કેમ તોડી નાખ્યો? આ તેં શું કર્યુ દીપેન ??

પરંતુ પ્રગટપણે ઈશાની કશું ન બોલી શકી. એ ફક્ત એટલું જ કહી શકી, ‘ પ્લીઝ લીવ મી એલોન દીપેન!’

દીપેન આગળ કંઈ પૂછે કે કહે એ પહેલાં તે એનાં બેડરૂમમાં ચાલી ગઈ. બેડરૂમમાં જતાવેંત બેડ પર

ફસડાઈ પડતાં એ ધ્રૂસકે ધ્રુસકે રડી પડી. ઘણા સમય પછી એની લાગણીઓને જોરદાર ચોટ પહોંચેલી.

એને અત્યારે ઝંખનાના શબ્દો યાદ આવી રહેલા..... ઈશાની, આ તારી કેવી વર્તણુંક? જેની સાથે તે સાત ફેરા લીધા, લગ્નજીવનનાં છ વરસ એક છત નીચે ગુજાર્યા, એને તેં એક વાર પણ એના તરફથી સફાઈમાં કંઈ કહેવાનો મોકો સુધ્ધાં ન આપ્યો?

જાણે સામે ઝંખના ઊભી હોય એમ એ બબડી રહી.... જો ઝંખના, તું કુશલની તરફદારી કરી રહેલી ને! એ કુશલે મને ઠુકરાવી દીધી. શું કુશલ ખરેખર મારાથી મુક્તિ ઝંખે છે? જો એમ હશે તો હું એને મુક્ત કરી દઈશ.

અચાનક એને એરપોર્ટ પર જતી વેળાએ ઝંખનાએ એના પર્સમાં મૂકેલી ચબરખી યાદ આવી. એ ચબરખીમાં એવી કઈ બાબત હશે કે જે ઝંખનાથી મોઢામોઢ ન કહી શકાઈ અને લખીને આપવી પડી. એમાં શું કુશલ કે સુધાંશુને લગતી આંચકાજનક માહિતી હશે? એણે ફટાફટ પર્સ ખોલ્યું. પેલી ચબરખી ખોલી. ફક્ત બે વાક્યોમાં લખાયેલ એ સંદેશ વાંચતાં ઈશાનીને લાગ્યું કે એ બેહોશ બની જશે.

#########

ગઈ રાત્રે દીપેન ઈશાનીના ફ્લેટના ડ્રોઈંગ રૂમના સોફા પર જ ઢળી પડેલો. એ સવારે ઊઠ્યો ત્યારે ઈશાની તૈયાર થઈ ચૂકેલી.

ખૂલતા લવંડર કલરનું ટોપ અને જીન્સમાં બહાર જવા માટે સજ્જ બનેલી ઈશાનીને જોઈ દીપેન વિચારમાં પડ્યો કે સવાર સવારમાં ઈશાનીએ ક્યાંનું પ્રયાણ આદર્યું? કવન પણ તૈયાર હતો. અલબત્ત સ્કૂલ યુનિફોર્મમાં નહીં. એય બહાર જવાનાં વસ્ત્રોમાં સજ્જ હતો.

'ગુડ મોર્નિંગ દીપેન..' ઈશાનીએ સસ્મિત દીપેનનું અભિવાદન કર્યું. દીપેન અસ્વસ્થ થયો. એ કંઈ પૂછે એ પહેલાં ઈશાનીએ ઊંચા સ્વરે સાદ દીધો, 'રમાબાઈ, મોડું થાય છે. જલદી કરો....'

દીપેન ઊભો થઈ ગયો. ઘરનાં નવા બદલાયેલા માહોલની એને કંઈ સમજ ન પડી રહેલી કે ન કંઈ સારું લાગી રહેલું. એ હતાશ સૂરે માંડ એટલું બોલી શક્યો, 'તું ક્યાંય જઈ રહી છો, ઈશાની?'

દીપેનની હાલત જોઈ ઈશાનીને ઘડીભર એના પર દયા આવી ગઈ. દીપેનની આશાના મિનારા કડડડભૂસ થઈ રહેલાં. એના માટે એ જવાબદાર ન હતી. દીપેન ફરી એકવાર એની કામના કરતો થઈ જાય એવું વર્તન એણે ક્યારેય કરેલું નહીં.

‘હા, હું મારા ઘરે મુંબઈ પાછી જઈ રહી છું. કુશલ પાસે.’ ઈશાનીએ મગરૂરતાથી કહ્યું. એ સાંભળી દીપેન સ્તબ્ધ થઈ ગયો. એણે કવન સામે જોયું. એનો ચહેરો પણ અનેરા ઉલ્લાસથી ચમકી રહેલો. દીપેન ભાંગી પડ્યો.

‘રમાબાઈ, સામાન સાથે...’ ઈશાનીનું વાક્ય પૂરું થાય એ પહેલાં ફ્લેટની ડૉરબેલ રણકી ઊઠી. ઈશાની આગળ વધેલી. એક હાથે એણે સ્ટોપર ખોલેલી અને બીજી હાથે ડૉર ખોલ્યું.

એની બિલકુલ સન્મુખ કુશલ હતો. જે કુશલને મળવા માટે એનું હૈયું ક્યારનુંય દોટ મૂકી ચુકેલું , એ કુશલ અત્યારે એની સામે સાક્ષાત ઊભેલો. કુશલને ભેટી પડવાના ઉમળકા સાથે આગળ વધી રહેલી ઈશાનીના પગ એકાએક જમીનસરસા સજજડ ચોંટી ગયા.

કુશલની પાછળ એક બીજી વ્યક્તિ ઊભી હતી. એ હતો સુધાંશુ. સુધાંશુને જોતાં ઈશાનીના પગનું સઘળું જોર ઓસરી રહ્યું.

'સવાર સવારે કોણ આવ્યું છે, ઈશાની? શું કોઈ હોટેલમાં ઈમેર્જન્સી ઊભી થઈ છે કે ? ‘ દીપેનનો અવાજ સૌ કોઈના કાને અફળાયો.

દરવાજામાં ચૂપચાપ થાંભલાની માફક ખોડાઈ ગયેલી ઈશાનીને જોતા દીપેન આગળ આવ્યો. ઈશાની સાથે ઈશાનીનાં ઘરમાં દીપેનની હાજરીથી કુશલ અને સુધાંશુ બંનેયની આંખો વિસ્ફારિત થઈ.

દીપેનની હાજરી એમને માટે અકલ્પનીય હતી. કુશલ સાથે ફોન પર વાતચીત કરતી વેળાએ દીપેને એનો પરિચય હોટેલિયર તરીકે આપેલ. ઈશાની એની હોટલની કર્મચારી છે - એમ જણાવેલું.

જેવી હાલત કુશલ - સુધાંશુની થઈ, એવી જ દીપેનની એ બંનેયને જોતાં થઈ. હોટેલની એટિકેટ જેની રગરગમાં વણાઈ ચૂકેલી એ દીપેન સૌ પ્રથમ સ્વસ્થ થયો. એણે બંનેયને આવકાર્યા, ‘દીપેન અગરવાલ - ઈશાનીના ફ્લેટમાં તમારું સ્વાગત કરે છે, પ્લીઝ કમ ઈન.’

કવન દોડીને કુશલની સોડમાં ભરાઈ ગયો. ક્યારે આવ્યા? શી રીતે આવ્યા? એવી બધી પ્રારંભિક ઔપચારિક વાતો એ ત્રણેય પુરુષો વચ્ચે થતી રહી. ઈશાની એ સમય દરમિયાન તદન મૂંગી રહેલી. રમાબાઈ આવીને ચા - નાસ્તો મુકી ગઈ.

થોડી વાર પછી , દીપેનને લાગવા માંડેલું કે એની હાજરી અહીં બિનજરૂરી છે. તે સમજી ગયેલો કે જ્યાં સુધી એ અહીં હશે ત્યાં સુધી બાકીનાં ત્રણેય પાત્રો એકમેક સાથે ખુલીને વાત નહીં કરી શકે. એનું મન ભારે થઈ ઊઠયું. ઈશાની તરફ જાણે એ છેલ્લી વાર જોઈ રહ્યો હોય એમ ઈશાનીને આંખો વાટે મનમાં ઉતારી રહ્યો.

અચાનક ઈશાની કુશલને મળવા કેમ બેતાબ થઈ ઊઠેલી? કુશલ સાથે સુધાંશુ કેમ આવ્યો છે? એ બધા પ્રશ્નોને મનમાં ને મનમાં સમાવતાં એણે ત્યાંથી 'હોટેલના કામના' બહાને વિદાય લીધી.

દીપેનના ગયા બાદ ઈશાનીના ફ્લેટમાં નીરવ શાંતિ પ્રસરી રહી. દરમિયાન ઈશાનીએ ઈશારો કરતાં રમાબહેન કવનને કુશલ પાસેથી અંદરના બેડરૂમમાં લઈ ગયા.

આખરે કુશલે વાતની પહેલ કરી, 'ઈશાની, તને અને કવનને ક્ષેમકુશળ હાલતમાં જોઈ મને પારાવાર રાહત થઈ છે. ખરેખર દીપેને તમારા બેયની ઘણી કાળજી લીધી છે, એ સ્પષ્ટપણે દેખાઈ આવે છે.'

ઈશાનીએ એની પલકો ઉઠાવી સીધું કુશલની આંખોમાં જોયું. ના, કુશલનાં સ્વરમાં કોઈ ડંખ ન હતો. એ સામાન્ય હતો. છતાંય, ઈશાનીથી એનો નીચલો હોઠ જરાક જોરથી કચડાઈ ગયો. એના હોઠ પર લોહીનો ટશિયો ફૂટી આવ્યો.જીભ પર એનો ખારો સ્વાદ અનુભવાયો.

જ્યારે પણ કુશલને મળીશ ત્યારે એક મીઠા દીર્ઘ ચુંબનથી નવા જીવનની શરૂઆત કરીશ એમ એણે વિચારેલું. એવું યાદ આવતાં એની આંખોમાં આંસુની ટશર ફૂટી ન ફૂટી અને એણે પ્રયત્નપૂર્વક બહાર આવવા મથતાં આંસુઓને આંખોમાં ગોપવી દીધાં.

'ઈશાની, મારા પ્રત્યેની તારી નારાજગી કંઈક અંશે યોગ્ય હતી. પરંતુ તેં મને એક વાર ન પૂછયું કે કુશલ, આ બધું શું છે? આવું કેમ થયું કે તેં આમ કેમ કહ્યું?તેં ન પૂછ્યું હોત તો પણ કવનના અપહરણનો મામલો થાળે પડી ગયા બાદ હું તારી સાથે બધી સ્પષ્ટતા કરવાનો હતો. પણ તું એ જ રાતે ઘર છોડી ચાલી ગઈ.' કુશલે આગળ કહેલું.

'હા, કુશલ - મારા માટે એ સહન કરવું ઘણું અસહ્ય બની ગયેલું કે તું સુધાંશુ વિશે ઘણું બધું જાણતો હતો, છતાંય તેં મને એનાં વિષે ક્યારેય કશું ન કહ્યું. ઊલટું મને પામવા માટે તેં સુધાંશુ સાથે છેતરપિંડી......' ઈશાની ઉશ્કેરાઈને કહી રહેલી કે કુશલે એને અટકાવી.

'પ્લીઝ, ઈશાની આવા શબ્દો ન વાપરીશ, સુધાંશુ મારો મિત્ર હતો. છેતરપિંડી તો મારાથી દુશ્મન સાથેય આચરી શકાય એમ નથી. હું તને જરૂર ચાહતો હતો.તને પામવા ઈચ્છતો હતો. સાથે સાથે એ પણ સારી રીતે જાણતો હતો કે સુધાંશુના હોતા એ વાત શક્ય ન હતી. સુધાંશુએ ડ્રગ્ઝ કેરિયરનું કામ એની અંગત મજબૂરીને લીધે સ્વીકારેલું, મારાં લીધે નહીં . હા , એ જ્યારે મારી પાસે એનાં ડેડના ઓપરેશનના રૂપિયા માંગવા આવેલો ત્યારે ખરેખર મારી પાસે રૂપિયા ન હતા . ત્યારે મારાં ડેડને બિઝનેસમાં ખોટ ગયેલી હોવાથી મારી પાસે મારાં નાના તરફથી જે રોકડ મળેલી એ એમને આપી દીધેલી .'

સુધાંશુએ એની તરફ અવિશ્વાસભરી નજરે જોયું . કુશલે ઊંડો નિ:શ્વાસ મૂકતા કહ્યું , ' હું સાચું કહું છું . તું ઈશાનીને પૂછી જો . અમે એ સમયે હનીમૂન માટે કોઈ વર્લ્ડ બેસ્ટ જગ્યાએ નહીં ,

સામાન્ય મધ્યમવર્ગીય કપલની માફક માત્ર મનાલી જ ગયેલાં .'

ઈશાની સ્તબ્ધ હતી. એણે સુધાંશુ સામે જોયું. એને સુધાંશુનાં આવા કારનામાની જાણ ક્યારેય ન થયેલી . ઈશાનીની ઠપકાભરી નજર સામે એ મસ્તક નીચું નમાવી ગયો. કુશલ આગળ કહી રહેલો.

'સુધાંશુના તુંડમિજાજી સ્વભાવથી જ્વલિત એનો મોટો દુશમન બની ગયેલો. મહાબળેશ્વરની હૉટેલમાં તમે સાથે વિતાવેલી એ અંગત ક્ષણોની કલીપીંગ્ઝ જ્વલિતે ઉતારેલી. એને લીક પણ જ્વલિતે કરેલી. એટલું જ નહીં , સુધાંશુ ડ્રગ્ઝ કેરિયરનું કામ કરી રહ્યો છે એ જ્વલિતે ખોળી કાઢેલું. સુધાંશુથી વારંવાર અપમાનિત થતા રહેલા જ્વલિતને એની સામે બદલો લેવો હતો. એથી એણે સુધાંશુને અમેરિકાના એરપોર્ટ પર તેના પિતાના માધ્યમ વડે ઝડપાવ્યો હતો....'

ઈશાની હેરતપૂર્વક બધુ સાંભળી રહેલી .સુધાંશુ ચૂપ હતો એનો અર્થ એ હતો કે કુશલ સાચું કહી રહ્યો હતો .

'.... જ્યારે મને આ બાબતની જાણ જ્વલિત થકી થઈ ત્યારે મારા મનમાં તને પામવાની આશા જીવંત થયેલી. બે - ત્રણ વાર તારા કારણે જ્વલિતને સુધાંશુની પ્રસાદી ખાવી પડેલી. એથી એના મનમાં તારા તરફ પણ એટલી જ નફરત થઈ ઘૂંટાઈ રહેલી. તારી બદનામી થાય એ માટે જ્વલિતે ઈરાદાપૂર્વક એ ક્લિપિંગ્ઝ લીક કરેલી. તું ક્લિપિંગ્ઝકાંડની બદનામીને કારણે અજ્ઞાતવાસમાં સરી ગઈ ત્યારે મારા જાણવામાં એ હકીકત આવી કે...' કહેતા કુશલ ખચકાઈ ગયો.

એણે ઘડીભર સુધાંશુ સામે જોયું. પછી ઈશાની તરફ. ઈશાનીનું રૂંવેરૂંવું અવળું થઈ ગયું. એ તે વિચારે પરેશાન થઈ ઉઠી કે જે હકીકત હજી સુધી સુધાંશુ નથી જાણતો, એ હકીકત એનાં જાણવામાં આવશે તો શું પ્રત્યાઘાત પડશે? અમુક વ્યક્તિઓ એટલી મર્યાદાશીલ અને વિનયી હોય છે કે સંજોગવશાત એમને બીજાની નબળી બાજુઓ ઉઘાડી કરવાની આવે તો એમને એમ કરતાં પારાવાર સંકોચ થાય છે. કુશલ એમાંનો હતો.

'ઈશાની, દીપેન સાથેનાં તારા વિવાહ તૂટ્યા બાદ અજ્ઞાતવાસમાં જતાં પહેલાં તેં ઝંખનાને એબોર્શનનું કારણ જણાવેલું, ખરું?' કુશલે ધીરા અચકાતા સૂરે પૂછયું. જવાબમાં ઈશાની નીચું જોઈ ગઈ. જ્યારે સુધાંશુ પગ પાસે વિસ્ફોટ થયો હોય એમ ચમકી ગયો.

એ મોટા અવાજે બોલી પડ્યો, 'કુશલ, આ તું શું બકે છે?'

'એ સાચું કહે છે, સુધાંશુ. આપણે મહાબળેશ્વરની હોટેલમાં સાથે ગુજારેલી એ રાતના પરિણામે હું પ્રેગનેન્ટ થયેલી.' નીચું જોઈ ગયેલી ઈશાનીએ સુધાંશુને જવાબ વાળ્યો.

'સુધાંશુ, ઈશાની ઝંખનાને એબોર્શનનું કારણ બતાવીને જયપુર તરફ એના મામાના ગામે આવેલી.

કોઈ કારણસર એબોર્શન ન થયેલું. એણે બાળકને જન્મ આપેલો.' કુશલે ફરી એની વાતનું અનુસંધાન સાધી લીધેલું.

એક પછી એક ફટાકડા સુધાંશુ પાસે ફુટી રહ્યા. સુધાંશુની આંખોમાં અવિશ્વાસની સાથે થોડે અવસાદ ડોકાઈ રહ્યો. શું ઈશાની મારા બાળકની 'મા' બનેલી? તો એ બાળક ક્યાં છે ? કોઈ અનાથાશ્રમમાં ? આ તે કેવું નસીબ છે મારું ? મારાં પેરન્ટ્સને અમુક સમય વૃદ્ધાશ્રમમાં ગાળવો પડ્યો અને મારું બાળક અનાથાશ્રમમાં ??

કુશલનું વક્તવ્ય ચાલુ હતું, 'હું તારી બધી માહિતી મેળવતો હતો, ઈશાની! મને એ અપરાધભાવ રહી રહીને સતાવી રહેલો કે હું જ્વલિતને સુધાંશુને ટ્રેપમાં લેતાં અટકાવી શક્યો હોત તો સારું થાત! મને એ તમારા નવા જન્મેલા બાળક પ્રત્યે અનુકંપા ઉપજી રહેલી કે કોઈ દોષ વગર એ જન્મતાંની સાથે મા - બાપની છાયા વગરનું થઈ જશે. મેં બહુ નાનપણમાં માતા ગુમાવી છે. મા વિનાના બાળપણની પીડા કેવી હોય છે એ મને સારી રીતે ખબર હતી. હું ઈચ્છી રહેલો તે તમારું સંતાન એના ખુદના માતા - પિતા પાસે ઉછરે. એના માટે સુધાંશુને શોધવા મેં ઘણા પ્રયાસો કર્યા. એટલું જ નહીં, તારી પાસે લગ્નની દરખાસ્ત મૂકતી વેળાએ મેં તું ઈચ્છતી હોય તો સુધાંશુની રાહ જોવાની અનુકુળતાય કરી આપવાની ઓફર કરેલી.'

સુધાંશુ - ઈશાનીની નજર મળી. ઈશાનીની આંખો ઢળી ગયેલી. એમને સમજાઈ રહેલું કે જે કંઈ બન્યું એમાં માત્ર કુશલનો દોષ નહોતો.

'ઈશાની, જયારે તારી સાથે લગ્ન કરવાનો મેં નિર્ણય લીધો હતો, એ મેં તારી જિંદગીને યોગ્ય દિશા આપવા માટે લીધેલો. બીજી વાત એ છે કે કવન એ મારો દત્તક પુત્ર ખરો, પણ તારો નહીં. એનામાં તારું અને સુધાંશુનું લોહી વહી રહ્યું છે. એ તારો - પોતાનો પુત્ર છે.'

કુશલની વાત જ્યારે પૂરી થઈ ત્યારે વાતાવરણમાં સ્તબ્ધતા પ્રસરી ગયેલી. સુધાંશુ ઊંડા વિચારોમાં સરી પડ્યો.

ક્રમશ :

પ્રકરણ - ૧૭

લાગણીશીલ બની ગયેલો સુધાંશુ ડ્રોઈંગરૂમમાં લગાડેલી મોટી ફ્રેમમાં મઢાયેલી કવનની તસવીરમાં ખુદનો અણસાર શોધી રહેલો. લાગણીશીલ બનેલા સુધાંશુને જોઈ ઈશાનીય ભાવુક બની ગયેલી.

અલબત્ત, જે સત્યનો કુશલે ઘટસ્ફોટ કરેલો એ સત્ય ઈશાની ગઈ રાત્રિના ઝંખનાની ચબરખી દ્વારા જાણી ચૂકેલી. ઝંખનાની ચબરખીના શબ્દો હતા કે....ઈશાની, કવન એ કુશલની કંપનીનાં કોઈ કર્મચારી દંપતીનો નહીં, તારો ખુદનો પુત્ર છે. કુશલની એ તને અપાયેલી નવી જિંદગી કરતાંય વિશેષ કીંમતી ભેટ છે.

વાતાવરણમાં પ્રસરેલી સ્તબ્ધતાભરી શાંતિ કુશલના શબ્દોથી તૂટી, 'તમારા બંનેયના પુનર્મિલનના નિમિત્ત બનવાનો મને ઘણો આનંદ થઈ રહ્યો છે. બહુ ઓછા નસીબવંતા પ્રેમીઓને ઈશ્વર આ રીતે મેળવી આપે છે, એય તે એમના ખુદનાં સંતાન સાથે! મારી તમામ શુભેચ્છાઓ તમારી સાથે છે.'

કુશલને સાંભળી રહેલા સુધાંશુના ચહેરાના ભાવોમાં ચડ - ઊતર થઈ રહેલી. કુશલ જવા માટે ઊભો થયો. ઈશાની અન્યમનસ્ક હતી. અચાનક સુધાંશુ બોલી ઊઠ્યો, 'આખરે તું શું કહેવા માગે છે, કુશલ?'

'જે તેં સાંભળ્યું એ જ હું કહેવા માગું છું કે તું ઈશાની અને કવન સાથે તારી જિંદગી નવેસરથી શરૂ કરી શકે છે. અમે છ વરસ પતિ - પત્ની બની સાથે રહ્યા હોવા છતાં મને ક્યારેક લાગતું કે ઈશાની તને નથી ભૂલી શકી. ઈશાની તને ચાહતી હતી અને આજેય ચાહે છે.'

કુશલની સ્પષ્ટ વાતથી સુધાંશુના મનમાં ગડમથલ ચાલી રહી. કુશલનો પ્રસ્તાવ એના માટે ઘણો સુખદ હતો. એ ઈશાનીને એક સમયે ખૂબ ચાહતો હતો. ઈશાનીમાં રહેલું ચુંબકત્વ એને આજેય એના તરફ પ્રબળરૂપે ખેંચી રહેલું. એનું તન-મન ઈશાનીને અંકમાં સમાવી લેવા તલપાપડ હતું. કવનને સ્વીકારી લેવા આતુર હતું.

પરંતુ એનો અંતરાત્મા કંઈક જુદું કહી રહેલો. એનો અંતરાત્મા એને કુશલ સાથે અન્યાય કરતાં અને ઈશાની સાથે છેતરપિંડી આચરતાં રોકી રહેલો.

#########

અમેરિકાના ટેક્સાસ સ્ટેટમાં હાલ વૈભવી જીવન ગાળી રહેલા સુધાંશુની જિંદગીનાં પાછલાં છ વરસની કહાણી રસપ્રદ હતી.

સુધાંશુ જ્યારે ડ્રગ્ઝ કેરિયર બની અમેરિકા ગયો ત્યારે જ્વલિતના ડેડીની મહેરબાનીથી મુંબઈ એરપોર્ટના ચેકિંગમાં એ હેમખેમ પાર ઊતરેલો. એનો આત્મવિશ્વાસ બુલંદ બનેલો. પ્લેન જ્યારે ટેકઓફ થયું ત્યારે હાથમાં લીધેલ કાર્યના પચાસ ટકા ભાગનું કામ પૂરું થઈ ચૂક્યું છે - એવા કેફમાં એ રાચી રહેલો.

પણ જ્યારે એને અમેરિકન નાર્કોટિક્સવાળાએ પ્લેનમાં જ ઝડપેલો ત્યારે એ કેફ ઊતરી ગયેલો. સુધાંશુ સીધો જેલમાં ધકેલાઈ ગયેલો. કોઈ જામીન નહીં, કોઈ વકીલ નહીં, કોઈ ઓળખાણેય નહીં એવા સુધાંશુની હાલત બદતરથીય બદતર બનેલી.

એ જેલમાં સબડી રહેલો.જેલવાસ દરમિયાન એની રોબર્ટ નામના લબરમૂછિયા યુવાન સાથે પહેલાં સાધારણ પરિચય અને પછી મિત્રતા થયેલી. રોબર્ટને હંગામી ધોરણે જેલમાં ધકેલવામાં આવેલો . ડ્રગ એડિક્ટ રોબર્ટ નશો કરતાં પકડાયેલો.

મારિયા અમેરિકન યુવતી હતી. એ રોબર્ટની બહેન અને સારી વકીલ હતી. એ એના નાના ભાઈનો કેસ લડી રહેલી. મારિયા શિક્ષિત, સુંદર અને વ્યવહારુ હતી. સરેરાશ અમેરિકન માતા - પિતાની જેમ રોબર્ટનાં અતિ વ્યસ્ત મોમ - ડેડ પાસે રોબર્ટ માટે ટાઈમ ન હતો, પણ રોબર્ટ મારિયા જેવો બને એવી અપેક્ષા જરૂર હતી.

રોબર્ટ અવળા રવાડે ચઢી ગયેલો. મારિયા માતા - પિતાની પ્રિય અને વધુ નજીક હોવાથી એ મારિયાની ઈર્ષ્યા કરતો. મારિયા એની મદદ કરતી હોવા છતાં રોબર્ટનું વલણ એના તરફ ઉપેક્ષિત અને અસહકારભર્યું રહેતું. રોબર્ટની સુધાંશુ સાથેની મિત્રતાને લીધે મારિયા સુધાંશુના પરિચયમાં આવેલી.

સુધાંશુની દરમિયાનગીરીથી એ બે ભાઈ - બહેન વચ્ચે અટવાઈ પડતી ઘણી બાબતો સરળ બનતી. જે બાબત મારિયા રોબર્ટને ન સમજાવી શકતી એ બાબત રોબર્ટને સમજાવવા માટે સુધાંશુ એની મદદ કરતો. મારિયાને સુધાંશુ તરફ સહાનુભૂતિ થઈ હતી. એ સુધાંશુને પોતાની જેમ ખ્રિસ્તી માની રહેલી. સુધાંશુ જેલમાં જયોર્જ ડગ્લાસ નામે ઓળખાતો.

હાય જ્યોર્જ , હાઉ આર યુ ? ‘ મારિયાએ પૂછ્યું .

‘આયમ ઑકે ! ‘ જ્યોર્જનાં નામે ઓળખાતા સુધાંશુએ જવાબ વાળેલો.

જેલમાં અમેરિકન ગુનેગારો સાથે રહીને સુધાંશુને બીજો કોઈ ફાયદો થયો હોય કે ન હોય, એમને સાંભળી - સાંભળી એનું અંગ્રેજી ઘણું સુધરી ગયેલું. આમ પણ એ જેલમાં સમય પસાર કરવા

એની ખાસ પ્રિય એવી અમેરિકાની બેસ્ટ સેલર ગણાતી નવલકથા ગોડફાધર અને આસ્થા ક્રિસ્ટીની સસ્પેન્સ નોવેલ્સ વાંચતો રહેતો . અવારનવાર એને મારિયા સાથે અંગ્રેજીમાં વાતો થતી રહેતી .

' જ્યોર્જ, તારા લીધે મને રોબર્ટને હેન્ડલ કરવામાં ઘણી જ મદદ રહે છે. થેંક્યુ વેરી મચ.' મારિયાએ કહ્યું.

' મારિયા , સાચું કહું તો રોબર્ટ જોઈને મને મારી નાની બહેન યાદ આવી જતી હોય છે . એ પણ ઘરમાં સૌથી નાની હોય બહુ લાડથી ઉછરી છે . આઈ ડોન્ટ નો અત્યારે એ શું કરતી હશે ? કઈ હાલતમાં હશે ?' સુધાંશુને ખરેખર ઝરણા યાદ આવી ગયેલી.

' ઓહ આયમ રિયલી સોરી..' મારિયાએ દિલગીરી વ્યક્ત કરેલી .

' જ્યોર્જ , મે આઈ હેલ્પ યુ ? ' મારિયાએ પૂછેલું..

' કઈ રીતે ? કોઈ મારી મદદ કરી શકે એમ નથી .' એક નિશ્વાસ છોડેલો સુધાંશુએ .

' મને તારી પાસેથી માત્ર બે વાતની ખાતરી જોઈએ છે . ' નિશ્ચયાત્મક સ્વરે મારિયા કહી રહેલી .

'કઈ ખાતરી ? અને શા માટે ? ' સુધાંશુએ આશ્ચર્ય અનુભવ્યું.

' પહેલું કે તું કસમ ખા કે એ ડ્રગ તું નહોતો લાવ્યો અને બીજું એ કે તું ખરેખર જ્યોર્જ ડગ્લાસ છે .' મારિયાએ જે ખાતરી માંગી હતી તે ખાતરી સુધાંશુ કેમેય આપી શકે એમ ન હતો . પણ એને એટલું સમજાયું હતું કે આવી ખાત્રી આપવાથી થવાનો હતો તો ફાયદો જ થવાનો હતો ,એ ખાતરી ન આપે તો એ નુકસાનમાં જવાનો હતો એ ચોક્કસ હતું.

જિંદગીમાં ક્યારેક કોઈક ભૂલ આશીર્વાદરૂપ પણ પુરવાર થતી હોય છે. એના ઉદાહરણમાં સુધાંશુનોય સમાવેશ થતો હતો.

સુધાંશુએ ભારતથી અમેરિકાની મુસાફરી ઑસ્ટ્રેલિયન પાસપોર્ટ પર જ્યોર્જ ડગ્લાસના નામે કરેલી. એની લગેજ બેગ પર એ જ નામ લખાયેલું હોવું જોઈતું હતું. પરંતુ લગેજ બેગ પર 'સુધાંશુ' નામ લખાયેલું હતું. આ બાબત પર મુંબઈ એરપોર્ટ સત્તાવાળાઓએ જ્વલિતના ડેડીની દરમિયાનગીરીથી ખાસ લક્ષ ન આપેલું. અલબત્ત, એ લગેજ બેગ પર જ્યોર્જ ડગ્લાસની પેસેન્જર ટિકિટનો નંબર નંખાયેલો. ન્યુયોર્ક એરપોર્ટ પર પકડાઈ ગયા બાદ સુધાંશુએ પોતાની એ લગેજ બેગ ઓળખવાનો ધરાર ઈનકાર કરી દીધેલો. એ લગેજ પર સુધાંશુના નામનું સ્ટિકર બતાવી, પોતાની બેગ હોવા બાબતે તદન નામક્કર ગયેલો. એણે પોતાની બેગ ખોવાઈ હોવાનું જણાવેલું . પરંતુ નધણિયાતી ડ્રગ્ઝ સાથેની બેગ અને સામાન વગરના સુધાંશુને નાર્કોટિકસવાળાએ સજ્જડપણે ફિટ કરી દીધેલ.

સુધાંશુને શકનો લાભ મળવાની પૂરી શક્યતા હોવા છતાં એ તદન અજાણી જગ્યાએ, નાણાંવિહીન, ઓળખાણરહિત હોવાથી તદન લાચાર બની ગયેલો. મારિયાએ એને જેલમાં હોવાનું કારણ પૂછતાં એણે એની પાસે જે સ્પષ્ટતા અમેરિકન સત્તાવાળાઓ પાસે કરેલી એ જ કહેલી.

આજે વર્ષ પછી મારિયાએ એને મદદ કરવાનું વિચાર્યુ હતું. સુધાંશુના સદ્દનસીબે મારિયા એના ખુદના ખર્ચે સુધાંશુને છોડાવવા પ્રયત્નશીલ બની હતી .

અંતે પૂરા છ મહિના બાદ સુધાંશુ જેલમાંથી છૂટ્યો હતો. આઝાદીનો આનંદ હતો અને હવે ક્યાં જવું એની મૂંઝવણ હતી . કેટલીય વાર એણે વિચારેલું કે તે હવે મારિયાને હકીકત જણાવી દે . કેમ કે જેલમાંથી બહાર નીકળ્યાં બાદ શું ? એ મોટો યક્ષ પ્રશ્ન હતો . જેલનાં સત્તાવાળાઓએ એને જે ઓસ્ટ્રેલિયન પાસપોર્ટ આપેલો , એ એનાં કામનો હતો જ નહીં.

' સો તો તું હવે ઓસ્ટ્રેલિયા જઈશ ? ' મારિયાએ પૂછેલું. એ જેલમાંથી છૂટેલા સુધાંશુને પિકઅપ કરવા આવી હતી .

' માય લિટલ સિસ ઈઝ નાવ શિફ્ટેડ કેનેડા . એટલે હવે મારું ઘરે જવું મીનીંગલેસ છે. મારાં પેરેન્ટ્સ નથી , એ પણ તને ખબર છે .' એ સમયે સુધાંશુ પાસે પોતાને આવી રીતે ચીતરવા સિવાય બીજો કોઈ વિકલ્પ હતો નહીં . જો સાચું જણાવે કે એ ખરેખર જ્યોર્જ નહીં પણ સુધાંશુ છે તો પ્રખર નીતિમત્તાની ચાહક એવી મારિયા એને ફરી જેલમાં ધકેલી દેવા માટે ક્ષણનોય વિચાર કરે એમ ન હતી .

ફરી એક વાર મારિયા એની મદદે આવી હતી . પોતાનાં કોન્ટેક્ટસ અને કલાયન્ટ્સ થકી એણે સુધાંશુને વર્ક પરમીટ અપાવવામાં મદદ કરેલી . સુધાંશુ હવે ધીરે ધીરે સેટલ થઈ રહેલો .

દરમિયાન મારિયા એના તરફ આકર્ષાઈ ચૂકેલી.એક દિવસ એણે સુધાંશુ પાસે લગ્નનો પ્રસ્તાવ મુક્યો.

‘ આય લવ યુ જ્યોર્જ , વીલ યુ મેરી મી ? ‘

બગાસું ખાતા મ્હોમાં પતાસું આવ્યા જેવો ઘાટ થયો હતો . મારિયા સાથેનાં લગ્નથી આપોઆપ એને અમેરિકન સિટીઝનશીપ મળી જતી હોઇ સુધાંશુએ એ પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી લીધેલો. એમ કહેતાં કે , ‘ ઈટ્સ માય પ્લૅઝર મારિયા કે તે મને તારે લાયક સમજ્યો . આઈ લવ યુ ટુ. ‘

મારિયા સાથે લગ્ન થયા બાદ સુધાંશુ એની સાથે ટેક્સાસ એના ઘરે રહેતો. શરૂઆતમાં સુધાંશુએ નાના-મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં નોકરી કરેલી. પછી મારિયાની મદદથી એ ખુદનો ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ ખરીદી શકેલો. મારિયા સંગ ટેક્સાસમાં એની જિંદગી સરસ રીતે પસાર થઈ રહેલી.

હવે સેટલ થઈ ચૂકેલાં સુધાંશુને છેલ્લા ઘણા સમયથી એના મુંબઈમાં રહેતા પરિવારની યાદ આવી રહેલી.

સુધાંશુને હવે વારંવાર એ વિચાર આવતો હતો કે એની પાછળ એના પરિવારનું શું થયું હશે? તેઓ કેવી હાલતમાં હશે? આખરે એ મારિયાને ઓસ્ટ્રેલિયા જવાનું કહી ભારત આવી પહોંચેલો. એ આવ્યો હતો તો પોતાના પરિવારને મળવા, પરંતુ અંધેરી સ્ટેશને ઝંખના મળી જતાં એનો ધ્યેય બદલાઈ ગયેલો. કુશલ સામે બદલો લેવા એ વિનાશક વાવાઝોડું બની એના સંસારબાગ પર ત્રાટકેલો.

#########

કુશલે આ વખતે જ્વલિતને પોતાનાથી વેગળો રાખેલો. દીપેન તરફથી ઈશાનીની ભાળ મળ્યા બાદ એણે સુધાંશુને ઈશાની મળી ગઈ હોવાના ખબર આપી તાત્કાલિક મુંબઈ તેડાવ્યો હતો. ન જાણે મારિયા સાથે સુખી જીવન ગાળી રહેલાં સુધાંશુનાં મનમાંય શું હતું કે એ ઈશાનીને જોવા – મળવા, ફરી એક વાર ઈન્ડિયા આવી પહોચ્યો હતો .

જ્વલિતની ઘ્રાણેન્દ્રિય શ્વાન જેવી હતી. સુધાંશુના ટેક્સાસ પરત ચાલ્યા ગયા બાદ એણે પોતાના બધા સંપર્કો કામે લગાડી સુધાંશુ ઉર્ફ જ્યોર્જ ડગ્લાસની આખી કથા જાણી લીધેલી. સુધાંશુ વિષે બધું જાણી લઈ એ બબડી ઊઠેલો, 'સાલ્લો નસીબદાર છે!'

જ્વલિતને સુધાંશુ બાબતની બધી હકીકતથી કુશલને વાકેફ કરવો હતો. પણ કુશલ તો એનું મોઢું સુદ્ધાં જોવા તૈયાર ન હતો. જ્વલિત ઈન્સ્પેક્ટર હોવા છતાં મિત્ર સાથે સંબંધ રાખવાની બળજબરી કરી શકે એમ ન હતો. એણે કુશલની જાણ બહાર કુશલનો ફોન - મોબાઈલ ટેપિંગ કરવાનું શરૂ કરી દીધેલું. કુશલની સહી કરી એણે કુશલ વતી ઈશાનીના ગુમ થયાની એફ. આઈ.આર. નોંધી દીધેલી.

આ વખતે સુધાંશુ આવ્યો ત્યારે સૌ પ્રથમ એનાં મમ્મી - પપ્પાને મળ્યો હતો. હવે એ વાતની ખબર જ્વલિતને પડ્યા વગર રહી શકે ભલા? સુધાંશુનાં માતા – પિતા, એનાં સાસુ સસરા થતાં હતાં. દીકરો આવ્યાની ખુશીના સમાચાર માતા - પિતાએ સૌ પ્રથમ પોતાની દીકરી ઝરણાને આપ્યા. હોંશભરી ઝરણાએ આ વાતની વધામણી પોતાના પતિદેવ જ્વલિત પાસે ખાધી હતી.

એ જાણી જ્વલિતે જે એકશન પ્લાન ઘડ્યો એ દાદને લાયક હતો. ઈશાની ક્યાં છે? સુધાંશુ કેમ મુંબઈ આવ્યો છે? કુશલ ક્યારે સુધાંશુ સાથે જયપુર જઈ રહ્યો છે એ બધુંય જ્વલિત જાણી ચૂકેલો.

#########

ઈશાનીના ફ્લેટમાં હજીયે શાંતિ પ્રસરી રહેલી. કુશલની વિહવળતા વધી રહેલી. સુધાંશુને લઈને જયપુર આવી પહોંચેલા કુશલને ઈશાની અંગે આજે જ નિવેડો લાવવો હતો.

'સુધાંશુ, બી ફ્રેન્ક.આખરે તારા મનમાં શું ચાલી રહ્યું છે? ઈશાનીના સમાચાર મળતાંની સાથે તું ટેક્સાસથી દોડી આવ્યો છે. એનો અર્થ એ થયો કે તું આજેય એને ચાહે છે. યુ સ્ટિલ લવ ઈશાની. એમ આઈ રાઈટ?' કુશલ કહી રહેલો .

સુધાંશુની હાલત વિચિત્ર હતી. એક તરફ એની નજર સમક્ષ એનો ભૂતકાળનો પ્રેમ એટલે કે ઈશાની હતી. દીવાલ પર પૂરા કદનો એનાં પુત્ર કવનનો ફોટોગ્રાફ હતો. જેના પરથી નજર ખસેડવી અઘરી હતી. બીજી તરફ એના અંતરમનના પટ પર વારંવાર મારિયા અને એનાં થકી પ્રાપ્ત થયેલી બે વર્ષીય પુત્રી લારાના ચહેરા ઝબકી જતા હતા.

સુધાંશુએ કંઈક કહેવા મ્હોં ખોલ્યું. એ જ પળે ધડાકાભેર ફ્લેટનું ડોર ખૂલ્યું.

'યસ, યુ આર એબ્સોલ્યુટલી રાઈટ મિસ્ટર કુશલ! હી સ્ટિલ લવ ઈશાની. બટ વ્હોટ એબાઉટ મી? ઍન્ડ વ્હોટ અબાઉટ માય ડોટર લારા?' કોઈ સુંદર વિદેશી ગોરી યુવતીને એનું નામ બોલવાની સાથે ફ્લેટમાં ધસી આવેલી જોઈ કુશલ ડઘાઈ ગયો.

ઈશાની પણ ચમકી ગયેલી. પળભર તો એને લાગેલું કે જયપુરમાં રોજના સેંકડોની સંખ્યામાં આવતા વિદેશી ટૂરિસ્ટોમાંની આ એકાકી યુવતી ભૂલથી ફ્લેટમાં આવી ચડી હશે. પણ એણે તો આવતાંની સાથે ચાલુ વાતચીતમાં ઝંપલાવેલું, એય તે એના અને કુશલના નામોલ્લેખ સાથે!

સુધાંશુ મારિયાને અહીં જોઈ ચકરાઈ ગયો. મારિયા ખુદના કાબૂમાં ન હતી. ભલા દુનિયાની કઈ પત્ની પોતાના ગુસ્સા પર એ જાણ્યા બાદ પણ સંયમ રાખી શકે કે એનો પતિ એની જાણ બહાર, એની ભૂતપુર્વ પ્રેમિકાને મળવા યા મેળવવા દરિયાપાર પહોંચ્યો હોય.

મારિયાએ સુધાંશુને પછી જે શબ્દો ઈંગ્લિશમાં કહ્યા એનો સારાંશ એ હતો કે, 'જ્યોર્જ તું બહુ મોટો ગુનેગાર છે. સમાજનો, તારાં માતા પિતાનો, ઈશાની - કવનનો, કુશલનો તેમ જ મારો અને લારાનો ! એક તો તેં ખોટું કામ કર્યું. એ કાર્ય તેં ન ફક્ત તારા મિત્રો - સ્વજનોથી, પ્રિયજનોથીય છુપાવ્યું. હું વકીલ હતી. તું મારો અસીલ હતો. અસીલે એના વકીલ પાસે અને પતિએ એની પત્ની પાસે કોઈ હકીકત છુપાવવી જોઈએ નહીં. પરંતુ તું એ બેમાંથી એકેય સંબંધને પ્રામાણિકતાથી ન નિભાવી શક્યો. કેમ કે તું નરાતાર જુઠ્ઠો છે. હું તને ધિક્કારું છું.'

ક્રમશઃ

પ્રકરણ - ૧૮

મારિયા લગાતાર સુધાંશુ પર ગુસ્સાભર્યા શબ્દોની રમઝટ બોલાવી રહેલી. એ સાંભળી જ્વલિત ખુશ થઈ રહ્યો. એને લાગ્યું કે એના પાસા પોબાર પડ્યા છે. હા, સુધાંશુ વિશેની સઘળી માહિતી મારિયાને જણાવી એને અહીં સુધી ખેંચી લાવનાર જ્વલિત હતો.

સુધાંશુ મારિયાને સમજાવવા માગતો હતો. કંઈક કહેવા ઈચ્છતો હતો, પરંતુ એ હવે સુધાંશુને સાંભળવા લગીરે તૈયાર ન હતી. એમાંય એણે કરેલા છેલ્લા ધડાકાથી સુધાંશુ સહિત સર્વ ધ્રુજી ઊઠ્યાં.

'જ્યોર્જ, યુ આર લાયર. આઈ હેટ લાયર્સ. તું મને પ્રેમ નથી કરતો. જો મને સાચા દિલથી ચાહતો હોત તો તું ઈશાનીને ક્યારેય મળત નહીં. છતાંય જો તને તારી ભૂતપુર્વ પ્રેમિકા ઈશાની માટે આજેય સાચો પ્રેમ હશે તો હું એની કદર કરીશ. એને તું ઈજ્જતભેર સ્વીકારી શકે એ માટે તને મારા તરફથી પૂરી સ્વતંત્રતા મળશે. યાહ, હું આજે ટેક્સાસ પાછી જઈ રહી છું. ત્યાં પહોંચવાની સાથે જ બે દિવસમાં ડિવોર્સ ફાઈલ કરી તને એનાં પેપર્સ મોકલી આપીશ. કેમ કે જૂઠના પાયા પર દામ્પત્ય જીવનની ઈમારત નથી ટકતી. બાય ફોર એવર, જ્યોર્જ!' જે રીતે મારિયા આવેલી તે જ રીતે ઝપાટાબંધ એ પાછી ચાલી ગયેલી.

જ્વલિતનું ભવન ફરી ગયું. ઑહ ગોડ , મારિયાએ આ શું કર્યુ? પોતાની સાથે સુધાંશુને ટેક્સાસ ઢસડી જવાને બદલે એણે નિમિષમાત્રમાં ડિવોર્સનો નિર્ણય લઈ સુધાંશુનો ઈશાનીને પામવાનો માર્ગ મોકળો કરી આપ્યો. હવે ઈશાની સુધાંશુને અપનાવશે તો કુશલ રવડી પડશે. જ્વલિતના પાસા ઊલટા પડેલા. એ માથે હાથ દઈ બેસી પડ્યો.

મારિયાના ચાલી ગયા બાદ્ ઈશાનીના ફ્લેટમાં ઈશાની, કુશલ, સુધાંશુ અને જ્વલિત થોડી પળો અવાક્ રહ્યાં. મારિયાની અણધારી ઉપસ્થિતિએ સુધાંશુને અસમતોલ કરી નાખેલો.

અચાનક ઈશાની સુધાંશુ તરફ ધસી. જ્વલિતને થયું કે પત્યું! આજે કુશલનું પત્નીદાન અભિયાન પૂર્ણ થઈને જ રહેશે .

'બોલ સુધાંશુ, તું મને ચાહે છે? શું તું મને અને કવનને સ્વીકારવા તૈયાર છે?' ઈશાની સુધાંશુના બંનેય ખભા પકડી ઝંઝેડતાં પૂછી રહેલી. જ્વલિત અને કુશલ ઈશાનીના આ નવા રૂપને વિસ્મયથી જોઈ રહ્યા. સુધાંશુ હજીય અસ્વસ્થ હતો. એણે ઈશાનીના પ્રશ્નોનો જવાબ ન વાળ્યો.

મારિયા દ્વારા ચોટ ખાઈને બેઠેલા સુધાંશુની હાલત પર અત્યારે કુશલને દયા આવી રહેલી. એને આ બાબતનો યોગ્ય અને સુખદ નિવેડો લાવવો હતો.

એણે ઈશાનીને સમજાવટભર્યા સૂરે કહ્યું, 'ઈશાની, બધું ભૂલી જા.પ્રેમ કરવો એટલે સામી વ્યક્તિના બધાય દોષ માફ કરી એને ચાહવો. પ્રેમ કરનાર વ્યક્તિ હંમેશાં સામી વ્યક્તિને માફ કરી દેતી હોય છે. તો તું શું સુધાંશુને માફ નથી કરી શકતી?'

ઈશાની કુશલ સામે જોઇ રહી. એનું મન એને કહી રહેલું કે સુધાંશુને એણે મોતી જેવો સાચો અને નક્કર માની પ્રેમ કરેલો. પણ એ તો સાવ સામાન્ય બટકણા કાચ જેવો નીકળ્યો. તૂટતાં કાચમાંથી ઊડેલી કરચોએ એના મનને ચૂરચૂર કરી નાખેલું. હવે હું સુધાંશુને કઇ રીતે ચાહું?

એણે કુશલને વળતા જવાબમાં કહ્યું, 'કુશલ, હું સુધાંશુને માફ કરી શકું, પણ પ્રેમ નહીં કરી શકું. કેમ કે મન, મોતી અને કાચ તૂટ્યાં પછી સંધાતા નથી. સુધાંશુએ નિર્મમતાથી મારું મન તોડ્યું છે. બીજી એક વાત એ છે કે વીતેલાં બે વરસ દરમિયાન હું કોઈને ખરેખર ચાહવા લાગી છું.'

જ્વલિત, કુશલ અને સુધાંશુ ત્રણેય ચમક્યા. કુશલ અને સુધાંશુને એકસાથે એક વ્યક્તિનો વિચાર આવી ગયો. દીપેન અગરવાલનો જ સ્તો!

જ્વલિત અકળાઈને બોલી ઊઠ્યો, 'ઈશાની, આ હું શું સાંભળું છું! હવે તું કોઈ અન્યને ચાહે છે? ખરેખર તને વ્યક્તિની પરખ કરતાં નથી આવડતું. પહેલેથી તેં એક ખોટી વ્યક્તિને પ્રેમ કર્યો. સદનસીબે તને ખરા દિલથી ચાહનાર કુશલ મળ્યો, તો તું એની કદર ન કરી શકી. કુશલે જે કોઇ બાબતનો તારી પાસે ઢાંકપિછેડો કર્યો, એ તારી ખુશી માટે કર્યો. બે વરસ પછી તું આજે કુશલને મળી છે, ત્યારે તારા વગર કુશલની શી હાલત થઇ છે એ શું તું નથી જોઈ રહી?'

જ્વલિત એની હથેળીઓને રોષપૂર્વક ઉઘાડ - બંધ કરતો વેધક નજરથી સુધાંશુને વહોરી રહેલો. સુધાંશુ એ તરફ બેધ્યાન હતો. એનું સમગ્ર અસ્તિત્વ ઈશાનીનો નિર્ણય સાંભળવા આતુર થઈ ઊઠેલું. કેમ કે હવે તો એની ભાવિ જિંદગીની ખુશહાલી સંપૂર્ણપણે ઈશાની પર આધારિત થઈ ચૂકેલી.

મારિયા આવી એ પહેલાં એ ઈશાની પાસે પોતાની પાછલાં છ વરસની જિંદગી અને જેની સાથેનાં લગ્ન વિશે સ્પષ્ટતા કરવા ઈચ્છી રહેલો. એ જાણ્યા બાદ ઈશાની એને પસંદ કરતી હોય અને એની પાસે પાછી ફરવા તૈયાર હોય તો એને વાંધો ન હતો. પરંતુ હવે તખ્તો પલટાઇ ગયેલો. મારિયા વિશે ઈશાનીને કશું જણાવવાનું રહેતું ન હતું. એ મનોમન ઈચ્છી રહેલો કે કુશલ કંઈક એવી સલાહ આપે કે એની અને ઈશાનીની જિંદગીની નવી શરૂઆત થાય. એમ જ બનેલું.

'સુધાંશુ કવનનો ડેડી છે. કવનને એના સગા બાપનું નામ અને એના હકનો પ્રેમ મળે એ માટે ઈશાની તારે સુધાંશુને એક તક આપવી જોઇએ.' કુશલની સલાહ સાંભળી જ્વલિત સમસમી ઊઠ્યો.

સુધાંશુના ચહેરા પર રાહતના ભાવ છવાયા. કુશલને ધ્યાનથી સાંભળી રહેલી ઈશાનીના બંનેય હોઠ અરસપરસ મક્કમતાથી બિડાયાં. એના ચહેરાના ભાવ દર્શાવી રહ્યા કે એ કોઈ ચોક્કસ નિર્ણય પર આવી રહી છે.

એ ઊંડો શ્વાસ લેતાં બોલી, 'કુશલ, કવન તને ડેડી માને છે. એને સુધાંશુને ડેડી તરીકે સ્વીકારતાં કેટલી તકલીફ પડશે એ તેં વિચાર્યુ છે? મારે ફક્ત મારો અને કવનનો વિચાર નથી કરવાનો, અમારી સાથે એક બીજી માસુમ જિંદગીય જોડાયેલી છે..' એમ કહેતાં એણે હાક લગાવી, 'રમાબાઇ...'

રમા અંદરની રૂમમાંથી સવા - દોઢ વર્ષીય ઢીંગલી જેવી રૂપકડી બેબીને તેડીને આવી. અદ્દલોદ્દલ ઈશાનીની પ્રતિકૃતિ સમી એ બાળકીને જોતાં જ વગર પૂછ્યે તે ઈશાનીની જ પુત્રી હશે એમ સમજાઈ જતું હતું.

'......આ બે વરસ દરમિયાન મેં મારી આ પુત્રીનાં ડેડીને પ્રેમ કર્યો છે.' બાળકીને રમાના હાથમાંથી લઇ લેતાં ઈશાનીએ એને માર્દવતાથી બે - ત્રણ ચૂમીઓ ભરી. ત્રણેય જણ સ્તબ્ધપણે ઈશાની અને એની પુત્રીને અવલોકી રહ્યાં. આ કોની પુત્રી છે ?

#########

પોતાનાં દૂરનાં સગપણે થતાં મામાને ત્યાં એબોર્શન કરાવવા આવેલી ઈશાનીએ કવનને જન્મ એની મામાની ઓસ્ટ્રેલિયા રહેતી નિ:સંતાન દીકરીની આજીજીને કારણે આપેલો.

ઈશાનીના મામાની દીકરી નિ:સંતાન હતી. લગ્નનાં દસ વરસેય એનો ખોળો ખાલી રહેલો. એણે જ્યારે જાણ્યું કે ઈશાની એબોર્શન કરાવવા માગે છે તો એણે ઈશાની પાસે બાળકની ભીખ માંગેલી. ઈશાનીના મામાએ પણ પોતાની દીકરીની ઈચ્છા સંતોષવા વિનંતી કરેલી. પરિણામે ઈશાનીએ એબોર્શન ન કરાવેલું.

કવનના જન્મ બાદ, ઈશાની કવનને એના મામાના હાથમાં સોંપી મુંબઈ ચાલી ગયેલી. એ બાબતનો ઉલ્લેખ એણે ક્યારેય મામા પાસે ન કરેલો. ઈશાની સમજી રહેલી કે એનો પુત્ર એના મામાની દીકરી પાસે મેલબોર્નમાં ઊછરી રહ્યો છે. પરંતુ હકીકત કંઈક જુદી હતી.

ઈશાની સાથેના લગ્ન બાદ કુશલ ઈશાનીના મામાના ઘરે જઇ યેનકેન પ્રકારેણ ઈશાનીના પુત્ર કવનને લઇ આવેલો. સદ્નસીબે આઇ. વી. એફ. ટ્રીટમેન્ટના કારણે મામાની પોતાની પુત્રીને સારા દિવસો રહ્યા હોવાથી ઝાઝી મગજમારી નહોતી થઈ.

શરૂઆતના મહિનાઓમાં કુશલે કવનનું લાલન - પાલન એના કર્મચારી દંપતીને સોંપેલું. છ મહિના બાદ એમના અકસ્માતની વાત ઊપજાવી એ કવનને ઘરે લઇ આવેલો. ધાર્યા કરતાં વધુ

સાહજિકતાથી ઈશાની કવનને અપનાવી શકેલી. એ કવનમાં એના પુત્રની ઝાંખી કરતી, અલબત્ત અજાણતાં જ સ્તો!

લગ્ન પછી કુશલના ઉદાત્ત સ્વભાવનાં પાસાંઓથી ઈશાની માહિતગાર થતી ગઈ એમ એ કુશલને ચાહવા લાગેલી. લગ્નજીવનનાં પાંચ વરસ વીતી ગયા બાદ, નવા સંતાનના આગમનનો અણસાર ન સાંપડ્યો ત્યારે એક વાર એનાથી કુશલને કહેવાઈ ગયું, 'કુશલ, તને ક્યારેય એમ નથી લાગતું કે આપણું ખુદનુંય એક સંતાન હોવું જોઈએ?'

આ ક્ષણે એણે કુશલની આંખોમાં એક અનોખી ચમક આવી ગયેલી જોઈ હતી, ફક્ત એક ક્ષણ માટે! કુશલે જે વળતો જવાબ આપેલો, તે એને આજેય અક્ષરશઃ યાદ હતો, 'ઈશાની તું ખુદ મને ઈશ્વર તરફથી મળેલી મોટામાં મોટી ભેટ છે. હવે ઈશ્વર મને જે કંઈ આપે એ બોનસ છે. જો મળે તો સરસ અને ન મળે તો ઠીક ! બાકી આ જન્મ જીવવા માટે ફક્ત તારો સાથ કાફી છે.'

ઈશાની કુશલના અભિગમથી અભિભૂત થઈ ઊઠેલી. કુશલે પાછલાં પાંચ વરસમાં એની ઝોળી દુનિયાની તમામ ખુશીઓથી ભરી દીધેલી. એ હવે પોતાનો પત્નિધર્મ પૂરેપૂરી રીતે અદા કરી કુશલની ખુશીઓને બમણી કરવા ઈચ્છતી હતી. એણે પોતાની ગાયનેક તપાસ કરાવેલી.

ગાયનેકોલોજિસ્ટે નિદાન કરેલું કે આગલી ડિલિવરી સમયે રહી ગયેલી થોડી કચાશને લીધે એની બંનેય ફેલોપિન ટ્યુબ્સ્ ઈન્ફેક્શનના કારણે બંધ થઈ ગયેલી છે. એ ખામીને એના ગાયનેકોલોજિસ્ટે લેપ્રોસ્કોપી ટ્રીટમેન્ટ દ્વારા દુર કરી આપેલી. પરિણામ સ્વરૂપ, જ્યારે એણે કુશલ અને સુધાંશુ બંનેય પર રોષે ભરાઈ મુંબઈ છોડ્યું ત્યારે એના શરીરમાં કુશલનો અંશ પનપી રહેલો.

#########

'કુશલ, મેં મુંબઈ છોડ્યું ત્યારે સ્વીટી મારા શરીરમાં હતી. હું તારાથી નારાજ હતી. પણ તને પ્રેમ જરૂર કરતી હતી. એટલે આપણા પ્રેમની યાદગીરીરૂપે સ્વીટી જન્મી.' ઈશાનીએ જ્યારે આમ કહ્યું તો કુશલ આનંદાશ્ચર્યભરી નજરે ઈશાનીના હાથમાં રમી રહેલી પોતાની નાનકડી એવી સ્વીટીને જોઈ રહયો. પ્રચંડ લાગણીઓનો ઓઘ એ પોતાની ભીતર ઉછળતો અનુભવી રહ્યો.

'કુશલ, તારા ખરા પરિચયમાં હું તારી સાથે લગ્ન કર્યા બાદ આવી. સમય વીતતા અને અનુભવે મને તારા અને સુધાંશુના પ્રેમ વચ્ચે રહેલો તફાવત સમજાયો. સુધાંશુએ મને એની શરતે ચાહેલી. એની અપેક્ષા હું હંમેશ એને અનુકૂળ બનીને રહું એવી રહેતી. એ જે રીતે મારી સાથે વર્તતો એનાથી મને હંમેશ એમ લાગેલુ કે લગ્ન પછી સુધાંશુ પ્રેમી નહીં રહે, ફક્ત પતિ બનશે. જ્યારે મારી સાથે લગ્ન કર્યા બાદ તું મારી સાથે માલિકીભાવ ધરાવતા પતિ તરીકે નહીં, પરમ સખાની જેમ વર્ત્યો. આપણે નિતાંત સ્નેહ નીતરતું દામ્પત્ય જીવ્યાં.'

આગળ બોલી રહેલી ઈશાનીને સાંભળી રહેલો સુધાંશુ સ્તબ્ધ હતો. જ્વલિત સ્થિર હતો. કુશલ જિંદગીમાં ક્યારેય ન અનુભવી હોય એવીસુખદ લાગણીઓ અનુભવી રહેલો. ઈશાની આજે દૂધનું દૂધ અને પાણીનું પાણી છેડેચોક કરવા બેઠી હતી.

'કુશલ, અત્યારે મને એ પણ યાદ આવે છે કે કોલેજજીવનમાં હું અને સુધાંશુ કેટલી વાર ઝઘડયા, રિસાયાં, છૂટા પડ્યાં અને ભેગાં થયાં. અમારા કલહ સમયે મોટા ભાગે તું મધ્યસ્થી કરી અમારી વચ્ચે સુલેહ કરાવતો. અમારા પ્રેમનો એ પ્રારંભિક તબક્કો હતો, તોય તું અમારી બે વચ્ચેના સ્નેહને ટેકો કરી જાળવવા મથતો. જ્યારે સુધાંશુએ ખુદના સુખી દામ્પત્ય જીવનને હોડમાં મૂકી આપણા દામ્પત્યને વિખેરવાનું પાપ કર્યુ છે. સુધાંશુએ એને ઉગારનાર મારીયાનો એક વાર પણ વિચાર નથી કર્યો. ઊલટું એનાથી ઘણી હકીકતો છુપાવી છે. '

ચહેરા પર શાહી ઢોળાઈ હોય એવો સુધાંશુનો ચહેરો કાળો ધબ થઇ ગયો. જે જોયું ન જોયું કરી - ઈશાનીએ આગળ સ્પષ્ટપણે કહેવા માંડ્યું .

'સુધાંશુ ભલે કવનનો બાયોલોજિકલ ફાધર છે, પરંતુ કવન એના ડેડી તરીકે તને ઓળખે છે અને ખૂબ ચાહે છે. એ તારા માટે ખૂબ હિજરાયો છે. મારી નાદાનીનું ફળ એ માસુમને ભોગવવું પડ્યું છે. ઘર છોડ્યા બાદ બે વરસમાં એક દિવસ પણ એવો નથી ગયો કે કવને કે મેં તને મનોમન યાદ ન કર્યો હોય. સુધાંશુ મળતાં હું તને છોડી દેવા રાજી થઈ જઈશ એવું તું કઇ રીતે માની શક્યો કુશલ? તને યાદ હશે કે મેં તારી સાથે લગ્ન જીવનભરનો સાથ નિભાવવાના વચન સાથે કર્યા છે. તું મોતી જેવો સાચો, સ્વચ્છ અને નક્કર હોવા છતાં તને કાચ સમજવાની મારી ગેરસમજ થઈ. પરિણામે મનની નબળાઇઓને વશ થતાં મેં આવેશમાં આવી ઘર છોડ્યું. મારી એ ભૂલ માફ કરી અમને ત્રણેયને તું સ્વીકારશે કુશલ?' ઈશાનીની આંખોમાંથી અશ્રુઓ વહી નીકળ્યાં.

જ્વલિત ખીલી ઊઠયો. એ સ્ફૂર્તિપૂર્વક સુધાંશુ તરફ લપકયો અને એને પોતાની સાથે લગભગ ધસડતો ફ્લેટની બહાર ખેંચી ગયો. જે કામ મારિયાએ ન કર્યુ ,એ આખરે જ્વલિતે પૂરું કર્યુ હતું.

જ્વલિત અને સુધાંશુના બહાર જવાની સાથે કુશલે પ્રેમપૂર્વક ઈશાની તરફ એના હાથોને હવામાં ફેલાવેલા.અને ઈશાની એ ક્ષણે સઘળું ભૂલીને સ્વીટી સહિત દોડીને કુશલની મજબૂત ભૂજાઓમાં સમાઇ ગયેલી...હંમેશ માટે!

સંપૂર્ણ